Tuesday 17, March 2026
Page : 08 Rs. 3/-

આપનું અખબાર : આપનો અવાજ

# દમણગંગા ટાઇમ્સ

વલસાડ, નવસારી, ડાંગ જિલ્લા તથા સંઘપ્રદેશ દમણ, દા.ન.હ.નું વાપીથી પ્રસિધ્ધ થતું સૌ પ્રથમ સંપૂર્ણ સ્થાનિક દૈનિક

❖ RNI No. 72378/99 Email : damangangatimes@yahoo.co.in

❖ વર્ષ : ૨૮ ❖ અંક : ૨૪૬ ❖ તંત્રી : શ્રીમતી મંજુલાબેન ઉકાણી ❖ નિવાસી તંત્રીઃ વિકાસ ઉપાધ્યાય. ❖ વાપી કાર્યાલય : નેશનલ હાઈવે નં.૮, પો.બો. નં. ૩૨, વાપી - ૩૯૬ ૧૯૧. ❖ ટેલિ ફોન : ૯૮૨૫૧ ૨૨૫૦૫

### વર્ષ ૨૦૨૬-૨૭ ના બજેટમાં ગત વર્ષના બજેટ કરતાં રૂા. ૧૧૪ કરોડ ની વધુ ફાળવણી

# વાપી મનપાનું રૂા. ૭૫૪ કરોડનું પાણીદાર બજેટ

## વાપી મનપા વિસ્તારમાં ૨૦૦ કરોડ રૂપિયા પાણી વિતરણ વ્યવસ્થા માટે ખર્ચ કરાશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૬ :** વાપી મહાનગરપાલિકાનું વર્ષ ૨૦૨૬ ૨૭ નું અંદાજિત બજેટ સતત બીજા વર્ષે વહીવટદારના શાસન હેઠળ રજૂ કરવામાં આવ્યું છે. આ અંદાજપત્રમાં રૂપિયા ૭૫૪ કરોડની અંદાજિત આવક સામે રૂપિયા ૭૪૭ કરોડનો અંદાજિત ખર્ચ દર્શાવવામાં આવ્યો છે. આ બજેટમાં મોટા પ્રોજેક્ટ્સને બદલે છેવાડાના માનવી સુધી પ્રાથમિક સુવિધાઓ પહોંચાડવા પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરાયું છે સાથે પાણી વિભાગ માટે ૨૦૦ કરોડથી વધુનો ખર્ચકરવામાં આવશે સાથે નવા જોડાયેલા તમામ ગામડાઓમાં પ્રાથમિક સુવિધા અપાશે અને ટેક્સમાં કોઈપણ જાતનો વધારો કરવામાં આવશે નહીં. વાપી મહાનગરપાલિકા બન્યા બાદ સતત બીજા વર્ષે વહીવટદાર ભવ્ય વર્મા અને વાપી મ્યુનિસિપલ કમિશનર યોગેશ ચૌધરીની અધ્યક્ષતામાં આજે વર્ષ ૨૦૨૬ ૨૭ નું બજેટ અંદાજિત બજેટ ૭.૫૪ .૯૭.૦૨.૫૩૪ કરોડનું રજુ કરવામાં આવ્યું હતું જેમાં આવક ૫, ૬ ૭, ૨૪ ,૮૯ ,૮૩૮ અંદાજિત ખર્ચ ૭.૪૭.૮૯. ૮૫.૦૫૯ કરવામાં આવ્યો છે






જ્યારે ખાસ કરીને વાપી નગરપાલિકા હદ વિસ્તાર તેમજ ફરીથી તેમજ પાછળથી મહાનગરપાલિકા બન્યા બાદ જોડાયેલા બાર ગામો માટે પીવાના પાણીની સુવિધા ઉપલબ્ધ કરાવવા માટે સો કરોડથી વધુની જોગવાઈ આ બજેટમાં કરાય છે ગત વર્ષનું અંદાજિત બજેટ ૬૪૦.૮૯ કરોડ નું હતું જેમાં આ વખતે કરોડનો વધારો કરવામાં આવ્યો છે.

સાથે આ વખતે વાપી મહાનગરપાલિકા દ્વારા રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે ૯૦ . ૪૦ કરોડ ના ખર્ચે ૭૧.૪૪ કિલોમીટરના રોડ બનાવવાનું આયોજન કરવામાં આવ્યું છે જેમાં ૧૭ મુખ્ય માર્ગ અને એક આરસીસી રોડ તેમજ ૩૫ આંતરિક માર્ગ અને ૧૨ આંતરિક આરસીસી રોડનું આયોજન કરવામાં આવ્યું છે પાણી પુરવઠા વિભાગ માટે જે ૨૦૦ કરોડ ની ફાળવણી કરવામાં આવી છે જેમાં બાર ગામોમાં પીવાના પાણીની ૨૦ લાખથી પાંચ લાખ લિટર સુધીની ટાંકી અને સમ તેમજ ડીસ્ટ્રીબ્યુટર લાઈન નાખવામાં આવશે જ્યારે સ્ટોમ વોટર ડ્રેનેજ માટે ખાસ કરીને નામધા ખાડી નું ડ્રીઝિંગ તેમજ આરસીસી કરવાનું કામ ફેઝ વન માટે ૧૫.૨૯ કરોડ અને ફેસ ટુ માટે ૧૦ કરોડ મળી કુલ ૨૫.૨૯ કરોડની ફાળવણી કરાઈ છે જ્યારે બિલખાડીનું લાઈનિંગ કરવાનું કામ ૧૦ કરોડનું અને તેવી જ રીતે મહાનગરપાલિકા હદ વિસ્તારના સ્ટ્રોંગ વોટર ડેને જ બનાવવા માટે ૧૦.૧૦ કરોડનુંખર્ચ કરવામાં આવશે તેમજ ગંદા પાણીના યોગ્ય શુદ્ધિકરણ હેતુસર ૭૨.૧૧ કરોડ અને બલિઠામાં ૫૦ એમએલડીના એસટીપીની કામગીરી કરાશે જ્યારે ઈલેક્ટ્રીક વિભાગ માં ૧૩.૬૫ કરોડના ખર્ચે વિવિધ વિસ્તારોમાં કુલ ૩,૬૩૧ નવી સ્ટ્રીટ લાઈટ લગાવવામાં આવશે જેમાં મુખ્યત્વે નવા જોડાયેલા બાર ગામોને પહેલી પ્રાધાન્યતા આપવામાં આવશે સાથે ૧.૩૭ કરોડના ખર્ચે કુલ ૯૫ સેન્ટરલાઈઝ કંટ્રોલ મોનિટરિંગ સિસ્ટમ પેનલ બનાવવામાં આવશે સાથે આંગણવાડી સ્પોર્ટ ફેસિલિટી ગાર્ડન લાયબેરી અર્બનિક સ્મશાન ડેવલપમેન્ટ તળાવ ડેવલપમેન્ટ સિટીને બ્યુટીફિકેશન કરવાનું તેમ જ વાપી મહાનગરપાલિકાની મુખ્ય કચેરીનુંનવું મકાન બનાવવા માં આવશે અને વાપીમાં રખડતા પશુ નિયંત્રણ વિભાગ માટે પણ ૧.૧૦ કરોડના ખર્ચે abc સેન્ટર અને રખડતા ઢોર માટે રૂપિયા ૩.૯૦ કરોડના ખર્ચે ઢોર વાળા એટલે કે પાંજરાપોળ બનાવાશે તેમજ વાપી મહાનગરપાલિકાના હદ વિસ્તારમાં સીસીટીવી સર્વેન્સ સિસ્ટમની કામગીરી રૂપિયા બે કરોડના ખર્ચે કરાશે જેને લઈ મહાનગરપાલિકાના વિવિધ વિસ્તારમાં સિક્યુરિટી પણ મજબૂત બનશે.

જોકે વાપી મહાનગરપાલિકા નો કુલ વિસ્તાર ૭૨.૭૪ ચોરસ મીટર જેટલો છે જેમાં વાપી મહાનગરપાલિકા અને બહાર ગામોનો સમાવેશ થાય છે વાપી ૧૯૬૦ માં ગ્રામ પંચાયત હતું અને તે ૧૯૯૦ માં નગરપાલિકા માં રૂપાંતર થઈ હતી ત્યારબાદ રાજ્યની એ વન કેટેગરીની નગરપાલિકા તરીકે ગણના થતી હતી અને ૨૦૨૫ ના વર્ષમાં વાપી નગરપાલિકાને મહાનગરપાલિકા નો દરજ્જો આપવામાં આવ્યો છે ત્યારથી આજ સુધીમાં સતત બીજા વર્ષે વહીવટદાર અને મ્યુનિસિપલ કમિશનર દ્વારા અંદાજિત બજેટ રજૂ કરાયું છે આજની આ પ્રેસ કોન્ફરન્સમાં વહીવટદાર ભવ્ય વર્મા મ્યુનિસિપલ કમિશનર યોગેશ ચૌધરી ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર આસ્થા સોલંકી કલ્પેશભાઈ શાહ રામચંદ્રભાઈ દેસાઈ ટેક્સ વિભાગના રાકેશ ઠક્કર તેમજ મનપાના વિવિધ વિભાગોના અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યાં હતા.



ગ્રા.પં.ની છબી ખરાબ કરનારા તત્વો સામે કાર્યવાહી કરવા ગ્રામજનો એક સુરે થયા

# રોલાગામના ૪૦૦ થી વધુ ગ્રામજનો કલેક્ટર કચેરીએ ઉમટયા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૬ :** વલસાડ ના રોલા ગામે ત્રણ લોકોની પંચાયત વિરુદ્ધ થયેલી ભ્રષ્ટાચારની ફરિયાદ બાદ આજરોજ સરપંચ, ડેપ્યુટી સરપંચ, પંચાયતના સભ્યો સહિત ૪૦૦થી વધુ ગ્રામજનો સરપંચના સમર્થનમાં જિલ્લા કલેક્ટર કચેરીએ પહોંચી પંચાયતની કામગીરીને પારદર્શક ગણાવી સરપંચ ને સમર્થન જાહેર કર્યું હતું. વલસાડ તાલુકા ના રોલા ગ્રામ પંચાયતના વિકાસ કામોમાં ભ્રષ્ટાચાર થયો હોવાના આક્ષેપ સાથે વહીવટી તંત્રને ત્રણ લોકો એ અરજી કરી હતી. આ આક્ષેપોને પગલે પંચાયતની છબી ખરાબ કરવાનો પ્રયાસ કરતા ગ્રામજનોમાં ભારે રોષ જોવા મળ્યો હતો. આજરોજ રોલા ગામની મહિલા સરપંચ પ્રિયંકાબેન પટેલ ડેપ્યુટી સરપંચ ચિંતન પટેલ, સભ્ય જીનલ પટેલ સહિતના સભ્યો ૪૦૦થી વધુ ગ્રામજનોએ આજરોજ વલસાડ જિલ્લા કલેકટર કચેરીએ આવી જિલ્લા કલેકટરને આવેદનપત્ર પાઠવ્યું હતું જે અંગે સરપંચ પ્રિયંકાબેન પટેલે જણાવ્યું કે ગ્રામ પંચાયત દ્વારા કરવામાં



આવેલા તમામ કામો ઓનલાઇન અને પારદર્શકે કરવામાં આવ્યા છે.

સરપંચ અને પંચાયતના સભ્યોએ વિરોધીઓના આક્ષેપોને પાયાવિહોણા ગણાવ્યા છે. કલેક્ટર સમક્ષ રજૂઆત કરતા તેમણે જણાવ્યું હતું કે ગામના તમામ વિકાસના કાર્યો ઓનલાઈન ટેન્ડર પ્રક્રિયા દ્વારા કરવામાં આવ્યા છે.

કામગીરીમાં સંપૂર્ણ પારદર્શકતા રાખવામાં આવી છે, જેના તમામ પુરાવાઓ પણ રજૂ કરવામાં આવ્યા છે. માત્ર અંગત અદાવત કે, રાજકીય હેતુથી પંચાયતને બદનામ કરવાનું ષડયંત્ર રચાયું છે. મોટી સંખ્યામાં ઉમટી પડી ગ્રામજનોએ એકસૂરે પંચાયતની કામગીરી પર વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. ગ્રામજનોએ માંગ કરી છે કે પંચાયતની ખોટી રીતે છબી ખરાબ કરનારા તત્વો સામે કડક કાર્યવાહી કરવામાં આવે એવી માંગ કરી છે.


## નેમિનાથ ટ્રેડર્સ




ખીલી, વાયર, કાંટાતાર, હુક, ચેઈનલીંક, નટ બોલ્ટ, પાવડા-ત્રિકમ તથા હાર્ડવેર સામગ્રી

Mo. No. 9825190301 / 9825390301

સરનામું : દુકાન નં. ૭૦, ૭૧, અમીધરા કોમ્પ્લેક્સ, સીએનજી ગેસ પંપ નજીક, જીઆઈડીસી ચાર રસ્તા, વાપી - ૩૯૬૧૯૫, જિલ્લો : વલસાડ (ગુજરાત)

Email : neminathtradersvapi@gmail.com

NAAZ STUDIO & COLOUR LAB

WE ARE HIRING!


SALES ADVSIOR
GRAPHIC DESIGNER

CONTACT IS AT
9824757128
VAPI TOWN


### અરનાલા-ઉદવાડા રોડના ખાડા મુદ્દે વિરોધ

# ગોયમામાં 'રોડ નહીં તો મત નહીં'ના સૂત્રોચ્ચાર



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ચીવલ, તા. ૧૬ :** વલસાડ જિલ્લાના અરનાલા-ઉદવાડા માર્ગ પર લાંબા સમયથી પડેલા મોટા ખાડાઓને કારણે વાહનચાલકો અને સ્થાનિક ગ્રામજનો ભારે મુશ્કેલી અનુભવી રહ્યા છે. અનેક વખત રજૂઆતો કરવા છતાં રસ્તાનું સમારકામ ન થતા ગોયમા ગામે ગ્રામજનોએ વિરોધ નોંધાવ્યો હતો. ગામલોકો મોટી સંખ્યામાં રસ્તા પર એકત્રિત થયા અને રોડ નહીં તો મત નહીં જેવા સૂત્રોચ્ચાર કરી તંત્ર સામે આક્રોશ વ્યક્ત કર્યો હતો. સ્થાનિક લોકોના જણાવ્યા મુજબ આ માર્ગ પરથી રોજ સેકડો વાહનો પસાર થાય છે, પરંતુ રસ્તા પર પડેલા ખાડાઓને કારણે વાહનચાલકોને ભારે જોખમ વચ્ચે મુસાફરી કરવી પડે છે. ખાસ કરીને વરસાદ બાદ રસ્તાની હાલત વધુ ખરાબ બની ગઈ છે. ખાડાઓને કારણે નાના મોટા અકસ્માતોની ઘટનાઓ પણ સર્જાઈ રહી હોવાનો ગ્રામજનોએ આક્ષેપ કર્યો હતો.ગ્રામજનોએ જણાવ્યું હતું કે, આ અંગે વારંવાર તંત્રને લેખિત અને મૌખિક રજૂઆતો કરવામાં આવી છે, છતાં હજુ સુધી કોઈ અસરકારક કાર્યવાહી કરવામાં આવી નથી. જેના કારણે લોકોમાં ભારે અસંતોષ જોવા મળી રહ્યો છે. વિરોધ દરમિયાન ગામલોકોએ તંત્રને ચેતવણી આપી હતી કે જો ટૂંક સમયમાં અરનાલા-ઉદવાડા માર્ગના ખાડાઓનું સમારકામ નહીં કરવામાં આવે તો આગામી દિવસોમાં વધુ ઉગ્ર આંદોલન કરવામાં આવશે. સાથે જ સ્થાનિક સ્વરાજની આવનારી ચૂંટણીઓને ધ્યાનમાં રાખીને ગ્રામજનોએ રોડ નહીં તો મત નહીંનો નારો આપી તંત્ર અને જનપ્રતિનિધિઓને ચેતવણી આપી હતી.

# ડુંગરી પંથકમાં વીજ કંપનીની રીક્ષા ફેરવી બીલ ભરવા તાકીદ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ચીખલી, તા.૧૬ :** દક્ષિણ ગુજરાત વીજ કંપની ની પેટા કચેરી ડુંગરીના કાર્યક્ષેત્રમાં આવતા ગામોમાં વીજ ગ્રાહકોને વીજ બિલના નાણા ભરી જવા માટે રીક્ષા ફેરવી વીજ ગ્રાહકોને અપીલ કરવામાં આવી છે અને જો વીજ બિલના નાણાં ન ભરે તો તારીખ ૧૭. ૩. ૨૬ અને ૧૮. ૩. ૨૬ ના રોજ વીજ જોડાણો કાપી નાખવામાં આવશે એવી પણ ચેતવણી આપવામાં આવી છે.

દક્ષિણ ગુજરાત વીજ કંપની દ્વારા હાલમાં માર્ચ એન્ડિંગ હોય અને હિસાબી નાણાનો વ્યવહાર પૂરો કરવાનો હોય ત્યારે ડુંગરી વીજ કંપનીના કાર્યક્ષેત્રમાં આવતા ગામોના વીજ ગ્રાહકોને વીજ બિલના નાણાં ભરી જવા માટે ગામે ગામ રીક્ષા ફેરવી વીજ ગ્રાહકોને અપીલ કરવામાં આવી છે જો વીજ બીલના નાણાં સમયસર ન ભરવામાં આવશે તો મંગળવાર અને બુધવારના રોજ વીજ જોડાણો કાપી નાખવામાં આવશે એમ ચેતવણી આપી ગામેગામ રીક્ષા ફેરવવામાં આવી રહી છે ત્યારે નાના નાના વીજ ગ્રાહકો સમયસર વીજ બિલના નાણાં ભરી દેતા હોય છે પરંતુ ડુંગરી જીઈબી ના કાર્યક્ષેત્રમાં આવતા ઔદ્યોગિક સંચાલકો અને હોટલ સંચાલકોના લાખો રૂપિયાના બિલો સમયસર ભરવામાં આવતા હશે કે કેમ તે પણ એક પ્રશ્ન થઈ પડે છે ત્યારે વીજ કંપની દ્વારા ગામેગામ રીક્ષા ફેરવી વીજ ગ્રાહકોને ચેતવણી આપવામાં આવી રહી છે તેના કરતાં મોટા મોટા વીજ બિલ આવતા ગ્રાહકોને વીજ બીલ ભરવા માટે દબાણ કરવામાં આવે તે જરૂરી છે.

# આજથી વાપીમાં શિવકથા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૬ :** વાપી જીઆઈડીસીના ચણોદ કોલોની ખાતે આવેલ શ્રી અંબે માતા મંદિર પરિસરમાં છ દિવસીય શિવ કથાનું આયોજન કરાયું છે જેમાં મુખ્ય વક્તા તરીકે ભરતભાઈ વ્યાસ બિરાજમાન થશે. વાપી જીઆઈડીસીના ચણોલ કોલોની ખાતે આવેલ શ્રી અંબે માતા મંદિર પરિસરમાં શ્રી જય અંબે મહિલા મંડળ અને જય અંબે સેવા સમિતિ ચણોદ કોલોની દ્વારા તારીખ ૧૭-૩-૨૦૨૬ થી ૨૩-૩-૨૦૨૬ સુધી શિવ કથાનું આયોજન કરવામાં આવ્યું છે. જેનો પ્રારંભ તારીખ ૧૭-૩-૨૦૨૬ ને મંગળવારના રોજ પોથીયાત્રા તેમજ કળશ યાત્રા સાથે બપોરે ચાર કલાકે દીપ પ્રાગટ્ય કરી કથાની શરૂઆત કરાશે. આ દરમિયાન શિવ પ્રાગટ્ય સતિ પ્રાગટ્ય શિવ પાર્વતી વિવાહ ગણેશ જન્મ તેમજ વિવિધ કાર્યક્રમનું આયોજન કરાયું છે. અંતે તારીખ ૨૩-૩-૨૦૨૬ ના રોજ કથા અને વિરામ પાસે ત્યારબાદ સાંજે ૬ થી ૧૦ કલાક દરમિયાન મહાપ્રસાદનું આયોજન કરાયું છે. સમગ્ર કાર્યક્રમનું આયોજન જય અંબે મહિલા મંડળ અને જય અંબે સેવા સમિતિ ચણોદ કોલોની વાપી દ્વારા કરાયું છે.


CBSE AFFILIATED - 430373
RAJHANS EDUCATION TRUST'S

unleash your true potential
VIDYA DHAM INTERNATIONAL SCHOOL · VAPI ·
LIFE LONG LEARNING

VIDYA DHAM INTERNATIONAL SCHOOL VAPI (CBSE BOARD)

ADMISSIONS OPEN
Academic Session
2026-2027
Nursery to Std. 10

12th Year Anniversary

SPECIAL OFFERS

% Early Bird Discount
Till 31st March

FREE Textbooks
From Nursery to Std 10

Special Concession
On Admission Fees





Additional Curriculum features
1. English Conversation & Phonics for Fluency
2. Personality development & Memory Boosting techniques.
3. Innovative clubs for Std 6 to 10, Indoor Sports
4. Mental and Vedic Maths for Std 1 to 5
5. AI and Coding for Jr KG to Std 10

Admission forms available All working days
At school's office
vidyadham4@gmail.com, www.vidyadhamschoolvapi.in
9725295578/9081807258/9316054328

ENROLL NOW

School Address :- Plot no B7,B13/14 behind Rajmoti complex 1 , Chharwada Road GIDC Vapi Gujarat 396191


## ૧૧મી ભાવભીની શ્રદ્ધાંજલિ



## સ્વ. સુરેશચંદ્ર મોહનલાલ મેહતા

જન્મ તા.૧૫-૧૨-૧૯૪૯ સ્વ.તા.૧૭-૦૩-૨૦૧૫

આપની સહૃદયતા, સાદગી, સૌમ્યતા, સત્કર્મ જેવા સદ્દગુણો દ્વારા અહર્નિશ સર્વના હૃદયમાં સમાયેલા છો. આપના જીવનમાંથી ઉપરોક્ત સદ્દગુણોને આત્મસાત કરવાનું પરમેશ્વર અમોને સામર્થ્ય આપે તથા પરમ કૃપાળુ પરમાત્મા આપના પવિત્ર અને દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે એ જ અંતઃકરણની પ્રાર્થના

લિ.

**નવનિર્માણ કેળવણી મંડળ સંચાલિત**

**શ્રી એમ.કે. મેહતા કેમ્પસ પરિવાર - ઉમરગામ**

## ડાંગમાં ડાંગી નૃત્યએ પૂર્વ રાષ્ટ્રપતિ કોવિંદ અને તેમના પરિવારને મંત્રમુગ્ધ કર્યા



(દમણગંગા ટાઈમ્સ)

આહવા, તા. ૧૬ : ભારતના ૧૪માં ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદજી આજથી બે દિવસીય દંડકારણ્યની પાવન ધરા ડાંગ જિલ્લામાં પરિવાર સાથે પધાર્યા છે ત્યારે ૩૧૧ હનુમાન મંદિરોના નિર્માણ યજ્ઞ ડાંગ પ્રયાગ હનુમાન યાગ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવના પ્રથમ દિવસે શનિવારે રાત્રે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા સર્કિટ હાઉસ ખાતે આદિવાસી સંસ્કૃતિની ઓળખ સમાન પાવરી અને ડાંગી નૃત્યનો ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો હતો.

આહવા સર્કિટ હાઉસના પટાંગણમાં યોજાયેલા સાંસ્કૃતિક કાર્યક્રમમાં આહવા તાલુકાના ચીંચલી ગામના રાધિકા આદિવાસી લોક નૃત્ય કલા મંડળના ૧૪ કલાકારોએ પરંપરાગત પાવરી નૃત્ય અને ધવલીદોડ ગામના પ્રગતિ યુવક મંડળના ૨૦ કલાકારોએ આદિવાસી વારસાને જીવંત રાખતું ડાંગી નૃત્ય જુસ્સા અને જોશ સાથે રજૂ કર્યું હતું. ભાતીગળ સંસ્કૃતિની ઓળખ સમાન આ બંને નૃત્યને નિહાળી ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદજી અને રાજ્યસભાના સાંસદ ગોવિંદભાઇ ધોળકિયા અને તેમના પરિવારજનો મંત્રમુગ્ધ બન્યા હતા. તેઓએ આ કલાને તાળીઓના ગડગડાટથી વધાવી લીધી હતી. કલાકારોના ઉત્સાહને વધારવા માટે મહાનુભાવો દ્વારા કલાકારોને રોકડ પુરસ્કાર અર્પણ કરવામાં આવ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, આ બંને મંડળના કલાકારો છેલ્લા ઘણા વર્ષોથી સમગ્ર ભારતમાં ડાંગી અને પાવરી નૃત્ય દ્વારા આદિવાસી સંસ્કૃતિનો પ્રચાર પ્રસાર કરી રહ્યા છે.

## બીલીમોરાના નિ:શુલ્ક સર્વરોગ નિદાન કેમ્પમાં ૨૫૬ દર્દીઓએ લાભ લીધો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

બીલીમોરાન, તા. ૧૬ : સર્વે સન્તુ સુખીન સર્વે સન્તુ નિરામયના ઉમદા સેવાકીય ભાવ સાથે બિલીમોરા વિભાગ કોળી પટેલ સમાજ દ્વારા રવિવારે સર્વજ્ઞાતિય નિ:શુલ્ક સર્વરોગ નિદાન કેમ્પનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. કેમ્પમાં શહેર અને આસપાસના ગ્રામ્ય વિસ્તારના આશરે ૨૫૬ જેટલા જરૂરિયાતમંદ દર્દીઓએ ઉપસ્થિત રહીને નિષ્ણાંત તબીબોની સેવાનો ઘરઆંગણે લાભ લીધો હતો.





બીલીમોરા કોળી પટેલ સમાજ વાડી ખાતે આયોજિત કેમ્પમાં વિવિધ રોગોના નિષ્ણાંતોએ નિ:સ્વાર્થભાવે સેવા આપી હતી. જેમાં ચામડીના રોગો, પેટના રોગો, ન્યુરો અને સ્પાઇન સર્જન, ફિઝિશિયન, કાન નાક ગળાના નિષ્ણાંત, બાળ રોગ નિષ્ણાંત, સ્ત્રી રોગ નિષ્ણાંત તેમજ આયુર્વેદિક અને ફિઝિયોથેરાપીના ડોક્ટરોએ દર્દીઓની ઝીણવટભરી તપાસ કરી યોગ્ય સલાહ અને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. જરૂરિયાતમંદો માટે આજનો કેમ્પ આશીર્વાદરૂપ સાબિત થયો હતો.

કેમ્પને સફળ બનાવવા બિલીમોરા કોળી પટેલ સમાજના પ્રમુખ રમણભાઈ પટેલ, મંત્રી ધીરુભાઈ પટેલ, ટ્રસ્ટીઓ શૈલેષ પટેલ, ડૉ. પ્રશાંત પટેલ, હિનાબેન પટેલ, નાનુભાઈ પટેલ તથા મેનેજર વિનોદ પટેલ સહિતના અગ્રણીઓએ ભારે જહેમત ઉઠાવી હતી.

ડૉ ધીરુભાઈ પટેલ, બીલીમોરા સંવેદ હોસ્પીટલ ના ડૉ.સપ્રેશ પટેલ,ડૉ.અર્ચના ટંડેલ, ડૉ.જનક પટેલ, ડૉ.ભાવેશ શાહ અને ડૉ. બ્રિન્દા શાહ સહિતના નિષ્ણાંતોએ ખડેપગે રહીને માનવતાલક્ષી કાર્ય કર્યું હતું.

## બીલીમોરા ભાજપ દ્વારા સી.આર. પાટીલના જન્મદિવસની સેવાકીય કાર્યો સાથે ઉજવણી



(દમણગંગા ટાઈમ્સ)

**બીલીમોરા, તા.૧૬ :** કેન્દ્રીય જળશક્તિ મંત્રી અને નવસારીના સાંસદ સી.આર.પાટીલના જન્મદિવસ નિમિત્તે બીલીમોરા શહેર ભાજપ દ્વારા સોમવારે વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કાર્યકરો દ્વારા મેંગુષિ હોસ્પિટલના દર્દીઓ, શહેરની ૧૩ આંગણવાડીઓના ૨૩૦ બાળકો તેમજ મહાવીર વૃદ્ધાશ્રમના વડીલોને પૌષ્ટિક ફ્રુટનું વિતરણ કરી માનવ સેવાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડવામાં આવ્યું હતું. આ તમામ સેવા કાર્યો થકી મંત્રી સી.આર. પાટીલના સ્વસ્થ અને દીર્ઘાયુ જીવન માટે પ્રાર્થના કરવામાં આવી હતી અને સમાજમાં સંવેદના તથા સહકારનો સંદેશ પ્રસરાવ્યો હતો.

નવસારી જિલ્લા ભાજપ ઉપપ્રમુખ મનહર ઉર્ફ મનાભાઈ ભાઈ પટેલ, જિલ્લા મંત્રી વિપુલાબેન મિસ્ત્રી, શહેર પ્રમુખ નિરવ ટેલર અને નગરપાલિકા પ્રમુખ મનીષભાઈ પટેલ, ઉપપ્રમુખ તેજલબેન જોશી, સંગઠન મહામંત્રી ભરતભાઈ પટેલ મનીષભાઈ દેસાઈ,જિલ્લા મહિલા મોરચા પ્રમુખ સુમિત્રા બેન પટેલ,સ્વસ્તિક ચેરિટેબલ ટ્રસ્ટના સુચિતાબેન દુશાને, આશુસિંગ ઉર્ફ પીચીભાઈ લબાના અને રમેશભાઈ રાણા સહિતના હોદ્દેદારો તથા સદસ્યોએ હાજર રહી કાર્યક્રમને યાદગાર બનાવ્યો હતો.

## નવસારી તથા ડાંગની લોક અદાલતમાં કુલ-૧૨૯૦૨ કેસોનો નિકાલ કરાયો

(દમણગંગા ટાઈમ્સ)

નવસારી, તા. ૧૬ : રાષ્ટ્રીય કાનૂની સેવા સત્તા મંડળના નેજા હેઠળ તથા ગુજરાત રાજય કાનૂની સેવા સત્તા મંડળ, અમદાવાદ અને જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ જિલ્લા ન્યાયાધીશ પી.જે. તમાકુવાલાની અધ્યક્ષતા હેઠળ તા.૧૪/૦૩/૨૦૨૬ ના રોજ નવસારી, ગણદેવી, ચીખલી, ખેરગામ, વાંસદા તથા ડાંગ જિલ્લાના આહવા, વઘઇ તથા સુબીર ખાતે વકીલ બાર એસોસિએશનના સહયોગથી લોકઅદાલત યોજાઇ હતી. જેમાં તમામ પ્રકારના સિવિલ, ક્રિમિનલ, ભરણપોષણ, ચેક રીટર્નના, જમીન સંપાદનના કેસો, ઇ-મેમો, કૌટુંબિક તકરાર, બેંક મેટર્સ તથા એમ.એ.સી.પી. વિગેરેકક્ષાના કેસોની લોક અદાલતમાં આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રિ-લીટીગેશન લોક અદાલતમાં ૫૯૯૫, લોક અદાલતમાં ૮૦૮, સ્પેશીયલ સીટીંગમાં ૬૦૯૯ મળી કુલ ૧૨૯૦૨ કેસોનો લોક અદાલતમાં નિકાલ કરવામાં આવ્યો છે. લોકો દ્વારા ચાલતી અદાલત એટલે લોકઅદાલત. આ લોક અદાલતોમાં પક્ષકારોને ઝડપી, ઓછા ખર્ચે ન્યાય મળે છે અને પક્ષકારોના એકબીજાના સમાધાનથી તકરારનો સુખદ અંત આવે તેવો પ્રયત્ન કરવામાં આવે છે. તેમ જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, નવસારી દ્વારા જણાવાયું છે.

## વઘઈ કે.વી.કે.માં પીએમ કિસાનના ૨૨મા હપ્તાનો અનાવરણ કાર્યક્રમ યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતીનિધિ)

**આહવા, તા. ૧૬ :** નવસારી કૃષિ યુનિવર્સિટીના માનનીય વિસ્તરણ શિક્ષણ નિયામક ડૉ. હેમંત શર્મા અને કે.વિ.કે. વઘઈના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા ડૉ. જે. બી. ડોબરિયાના અને જિલ્લા ખેતીવાડી અધિકારી બાલુભાઈના સયુક્ત ઉપક્રમે કે.વિ.કે. વઘઈ ખાતે તાં. ૧૩ માર્ચના રોજ પીએમ કિસાનના ૨૨ માં હપ્તાનું આયોજન કરવામાં આવ્યુ હતુ.

આ કાર્યક્રમ અંતર્ગત પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનું પીએમ કિસાન સન્માન નિધિ યોજના અંતર્ગત ૨૨ મા હપ્તા પેટે ૯ કરોડ ૩૨ લાખ થી વધુ ખેડૂતોને રૂપિયા ૧૮ હાજર ૬૪૦ કરોડ થી વધુ સન્માન રાશિનું અનાવરણ કાર્યક્રમ જ્યોતિ વિષ્ણુ આંતરરાષ્ટ્રીય સાંસ્કુતિક કેન્દ્ર, ખાનાપારા, ગુવાહાટી, અસમ ખાતેથી કર્યું હતું.

માહિતી અનુસાર અત્યાર સુધીમાં પીએમ કિસાન સન્માન નિધિ યોજના હેઠળ રૂ. ૪.૦૯ લાખ કરોડથી વધારેની રાશિ સીધી ખેડૂતોના બેંક ખાતામાં જમા કરવામાં આવી છે. કે.વિ.કે., વઘઈ ખાતેના પીએમ કિસાન સન્માન નિધિ યોજનાના કાર્યક્રમ હેઠળ ચંદરભાઈ ગાવીત પ્રમુખ તાલુકા પંચાયત, વઘઈ (ડાંગ) એ વિશેષ હાજરી આપી હતી.

કાર્યક્રમમાં ખેડૂતોને પદ્ધતિ નીદર્શન દ્વારા જીવામૃત, અગ્નિઅસ્ત્ર અને પંચસ્તરીય મોડેલ બનાવવાની સમજણ આપવામાં આવી હતી. કૃષિ વિજ્ઞાનીઓએ ઉનાળુ પાકોની વૈજ્ઞાનિક ખેતી પધ્ધતિ પર ખેડૂતોને માહિતગાર કર્યા હતા.

આ કાર્યક્રમમાં તુસારભાઈ ગામિત, મામલતદા એ. જે. ચોહાન, વનિતાબેન ભોયે, કૈલાશભાઈ, વી. એમ. પટેલ, સાગર પટેલ, શ્રેયાન્સ ચૌધરી, ગૌરાંગ પડસાળા હાજર રહ્યા હતા. ૫૦૦ થી વધુ ખેડૂત ભાઈ બહેનોએ આ કાર્યક્રમને દીપાવ્યો હતો.

વધુમાં ડાંગ જિલ્લાના ત્રણે તાલુકામાં પીએમ કિસાનના ૨૨ માં હપ્તાનું અનાવરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

## અમલસાડ કાંયાતળાવ સ્થિત રામ મંદિર જીર્ણોધ્ધાર બાદ પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો

(દમણગંગા ટાઈમ્સ)

**બીલીમોરા, તા.૧૬ :** અમલસાડના કૃષ્ણતળાવ (કાંયાતળાવ) ખાતે આવેલું ૧૩૩ વર્ષ જૂનું પૌરાણિક રામજી મંદિર ભક્તોની આસ્થાનું કેન્દ્ર છે. મંદિરના જીર્ણોધ્ધાર બાદ નવનિર્મિત મંદિરમાં ચતુર્થ દિવસીય પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ ગુરુવાર થી રવિવાર સુધી ભવ્ય ધાર્મિક માહોલમાં યોજાયો હતો, જેમાં સેંકડો રામભક્તોએ હાજરી આપી ધર્મલાભ મેળવ્યો હતો.



અમલસાડ કૃષ્ણ તળાવ કાંયાતળાવ સ્થિત તેર દાયકા પૌરાણિક રામજી મંદિર જીર્ણોધ્ધાર બાદ પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ દરમ્યાન પરંપરાગત વૈદિક વિધિઓ સાથે ગણેશ પૂજન, માતૃકા પૂજન, વર્ધિની પૂજન, મંડપ પ્રવેશ, અગ્નિસ્થાપન, દેવસ્થાપન, પ્રાસાદ વાસ્તુ, સ્નપનવિધિ, શૈયાધિવાસ, ધાન્યાધિવાસ, શાંતિકપૌષ્ટિક હોમ, પ્રતિષ્ઠા કર્મ, પ્રતિષ્ઠા હોગ, ઉત્તરપૂજન અને મહાઆરતી સહિત અનેક ધાર્મિક વિધિઓ યોજાઈ હતી. સમગ્ર કાર્યક્રમ દરમિયાન અમલસાડ ગામમાં ભક્તિભાવનો માહોલ છવાયો હતો અને જય શ્રી રામના ગગનભેદી નાદ ગુંજી ઉઠ્યા હતા. ભક્તોમાં એવો ઉત્સાહ જોવા મળ્યો કે જાણે અમલસાડ અયોધ્યા બની ગયું હોય તેવો આનંદમય માહોલ સર્જાયો હતો.

શ્રી રામજી મંદિર અનાવિલ પંચ, જીર્ણોધ્ધાર સમિતિ તેમજ કૃષ્ણતળાવ ગામ પરિવારના કાર્યકરોએ સમગ્ર ગામને શણગારીને આ પ્રસંગને યાદગાર બનાવ્યો હતો. સમગ્ર પંથકમાંથી રામભક્તો દર્શનાર્થે ઉમટી પડ્યા હતા. આ મંદિરના જીર્ણોધ્ધાર માટે ગીરીશભાઈ વશી (રિલાયન્સ ફાઉન્ડેશન), પરિતોષ નાયક (એલ એન્ડ ટી), ભરતભાઈ બળવંતરાય નાયક અને એનવાયરો સુરતના માલિક નિમેષભાઈ વશી સહિતના દાતાઓએ ઉપસ્થિત રહ્યા હતા. આ પાવન અવસરે રામભક્તોએ પણ ખોબે ખોબા ભરીને દાન આપી મંદિરને વધુ ભવ્ય બનાવવા યોગદાન આપ્યું હતું. મહાપ્રસાદનો આશરે ત્રણ હજારથી વધુ ભક્તોએ લાભ લીધો હતો. કાર્યક્રમમાં ધારાસભ્ય રાકેશભાઈ દેસાઈ, તાલુકા પંચાયત પ્રમુખ પ્રશાંત શાહ, જિલ્લા ભાજપ પ્રમુખ ભુરાભાઈ શાહ, માજી ધારાસભ્ય પિયુષ દેસાઈ, બિલ્ડર ભરત સુખડિયા, અશોક ગજેરા અને ભાજપ મહામંત્રી જીગર દેસાઈ સહિત આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.મુખ્ય દાતાઓ તેમજ મંદિરના જીર્ણોધ્ધાર અને રામયજ્ઞમાં તન-મન-ધનથી સેવા આપનાર સેવાભાવી કાર્યકરોનું સન્માન કરવામાં આવ્યું હતું. સમગ્ર મહોત્સવ ભક્તિ, ઉત્સાહ અને ડાયરા સાથે ધાર્મિક લાગણીથી ભરપૂર વાતાવરણમાં સંપન્ન થયો હતો.

### વલસાડ-ડાંગમાં કુપોષણનો ડંખ, વાંસદાના ધારાસભ્ય અનંત પટેલના સવાલો..!

## ડાંગ જીલ્લામાં ૩,૨૨૦ બાળકો કુપોષિત

(દમણગંગા ટાઈમ્સ)

**સાપુતારા, તા. ૧૬ :** ગુજરાત વિધાનસભાના ચાલુ બજેટ સત્ર દરમિયાન રાજ્યમાં પ્રવર્તતા કુપોષણના મુદ્દે વિપક્ષ દ્વારા સરકારને ઘેરવામાં આવી હતી. ખાસ કરીને દક્ષિણ ગુજરાતના આદિવાસી બહુલ ધરાવતા વલસાડ અને ડાંગ જિલ્લામાં કુપોષિત બાળકોની આંકડાકીય માહિતીએ ચિંતા જન્માવી છે. વિધાનસભામાં રજૂ કરાયેલા આંકડા મુજબ, ૩૧/૦૧/૨૦૨૬ની સ્થિતિએ બંને જિલ્લામાં કુપોષિત બાળકોની કુલ સંખ્યા જોઈએ તો ડાંગ જિલ્લામાં કુલ ૩,૨૨૦ બાળકો કુપોષણથી પીડાય છે અને વલસાડ જિલ્લામાં કુલ ૭,૪૮૭ બાળકો કુપોષિત હોવાનું નોંધાયું છે. રજૂ કરવામાં આવેલી વિગતો મુજબ, બંને જિલ્લાના વિવિધ તાલુકાઓમાં ઓછા વજનવાળા અને અતિ ઓછા વજનવાળા બાળકોની સંખ્યા ચિંતાજનક છે. ડાંગ જિલ્લાના આહવામાં કુપોષિત બાળકોની સંખ્યા ૧,૬૪૮ તથા સુબિર તાલુકામાં કુપોષિત બાળકોની સંખ્યા ૯૫૭ તથા વઘઈમાં ૬૧૫ એમ મળી કુલ કુપોષિત બાળકોની સંખ્યા ૩,૨૨૦ છે. વાંસદા- ચીખલીના ધારાસભ્ય અનંત પટેલે ગૃહમાં રજૂઆત કરતા જણાવ્યું હતું કે, આદિવાસી વિસ્તારોમાં કુપોષણની સમસ્યા હજુ પણ ગંભીર છે અને સરકાર દ્વારા લેવામાં આવતા પગલાઓ પૂરતા નથી. તેમણે આરોપ લગાવ્યો હતો કે ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારોમાં બાળકોને પૂરતો પૌષ્ટિક આહાર મળી રહ્યો નથી.બીજી તરફ, મહિલા અને બાળ વિકાસ મંત્રીએ જણાવ્યું હતું કે, સરકાર કુપોષણને નાબૂદ કરવા માટે મક્કમ છે.

છેલ્લા એક વર્ષમાં વલસાડ જિલ્લામાં ૧૦,૨૮૯ અને ડાંગ જિલ્લામાં ૧,૮૮૦ બાળકો કુપોષણમાંથી મુક્ત થયા છે (ઘટાડો નોંધાયેલ છે. રાજ્યની તમામ આંગણવાડી કેન્દ્રોમાં બાળકોને ફોર્ટીફાઈડ સુપોષિત આહાર આપવામાં આવે છે.

બાળકના સર્વાંગી વિકાસ માટે જન્મ પહેલા અને જન્મ પછીના પ્રથમ ૧૦૦૦ દિવસ સુધી પૂરતો સુપોષિત આહાર પૂરો પાડવામાં આવે છે.સ્થાનિક સ્તરે આંગણવાડી કાર્યકરો દ્વારા મોનિટરિંગ કરવામાં આવે છે.

જોકે, હજુ પણ વલસાડ અને ડાંગના અંતરિયાળ તાલુકાઓ જેવા કે કપરાડા, ધરમપુર અને આહવા-સુબિરમાં આંકડાઓ ઊંચા હોવાથી સામાજિક સંસ્થાઓ અને વિપક્ષ દ્વારા આ દિશામાં વધુ નક્કર કામગીરીની માંગ કરવામાં આવી રહી છે.

## નવસારી અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા પાણી-પર્યાવરણ તથા પ્રદુષણને અટકાવવા જાહેરનામા દ્વારા પ્રતિબંધ

**નવસારી, તા.૧૬ :** નવસારી જિલ્લામાં દર વર્ષે ઉજવવામાં આવતાં ધાર્મિક તહેવારોની ઉજવણી દરમિયાના જુદા-જુદા દેવી-દેવતાઓની સ્થાપના કરવામાં આવે છે અને સ્થાપના બાદ ધાર્મિક રીત રિવાજ મુજબ પ્રસંગ વિત્યા બાદ મૂર્તિઓની નદી, તળાવ તથા દરિયાના પાણીમાં વિસર્જન કરવામાં આવે છે. દેવી/દેવતાઓની મૂર્તિઓની બનાવટમાં કેમીકલયુકત રંગોનો ઉપયોગ થાય છે. આવી મૂર્તિઓની નદી, તળાવ તથા દરિયામાં વિસર્જન કરવામાં આવે છે. આ મૂર્તિઓ પાણીમાં ભળવાથી પાણીમાં રહેતા જળચર જીવો, માછલીઓ વિગેરેનું મૃત્યુ થાય છે. જેના કારણે પાણી તથા પર્યાવરણને નુકશાન થાય છે.

પાણી તથા પર્યાવરણમાં થતા પ્રદુષણને અટકાવવાના હેતુસર નવસારી અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ યોગરાજસિંહ ઝાલાએ મળેલી સત્તાની રૂએ એક જાહેરનામા દ્વારા નવસારી જિલ્લાના સમગ્ર વિસ્તારમાં ધાર્મિક પ્રસંગો દરમિયાન દેવી-દેવતાઓની બનાવટમાં તથા વિસર્જન સમયે કેટલાંક પ્રતિબંધાત્મક હુકમો જારી કર્યા છે. જેમાં મૂર્તિઓની બનાવટમાં બીજા ધર્મના લોકોની લાગણી દુભાઇ તેવા કોઇ ચિન્હો કે નિશાનીઓ રાખવી નહી. આયોજકોએ ૧૨ ફૂટથી વધારે રાખવી નહિ. મૂર્તિઓની બનાવટમાં ઝેરી અને ઉતરતી કક્ષાના સીન્થેટીક, રસાયણ કે કેમીકલ, ડાયયુકત રંગોનો જ ઉપયોગ કરવો નહિ. પી.ઓ.પી. મૂર્તિઓ કુદરતી નદીઓ/તળાવમાં વિસર્જન કરવા તથા તેના કિનાર ઉપર પૂજન વિધિ કરવી નહી. મૂર્તિકારો જે જગ્યાએ મૂર્તિઓ બનાવે છે તે જગ્યા તથા વેચાણની જગ્યાની આજુબાજુમાં ગંદકી કરવી નહી. મૂર્તિકારોએ વેચાણ ન થયેલ તથા બનાવટ દરમિયાન ખંડિત થયેલ મૂર્તિઓને બિનવારસી હાલતમાં છોડી મૂકવી નહી. નવસારી જિલ્લા બહારથી મૂર્તિઓ લાવી વેચનાર મૂર્તિકારો/વેપારીઓને પણ આ નિયમો લાગુ પડશે. મૂર્તિ વિસર્જન થયા બાદ તમામ પંડાલ/મંડપ બે દિવસ કરતા વધારે દિવસ સુધી રાખવા નહી. આ જાહેરનામાનો અમલ તાત્કાલિક અસરથી તા.૩૦/૦૪/૨૦૨૬ સુધી અમલમાં રહેશે. આ જાહેરનામાનો ભંગ કે, ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતાની કલમ ૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

## સુપ્રભાતમ્

### આજનું પંચાગ

**તા.** ૧૭-૦૩-૨૦૨૬, **વાર :** મંગળવાર **તિથિ :** ફાગણ, તેરસ **સૂર્યોદય :** ૦૬ : ૫૦ **સૂર્યાસ્ત** ૧૮ : ૪૫, **ચંદ્રોદય** - ૦૫:૩૩ **ચંદ્રાસ્ત** - ૦૫:૧૮ **ચંદ્ર રાશિ :** કુંભ, **નક્ષત્ર** - શત તારકા

### આજનું રાશિભવિષ્ય

**મેષ(અ.લ.ઈ) :** આજના દિવસે ધન ના મહત્વ ને તમે ઘણી સારી રીતે સમજો છો તેથી આજ ના દિવસે તમારા વડે બચાવેલું ધન તમારા ઘણું કામ આવી શકે છે.

**વૃષભ(બ.વ.ઉ) :** આજે બેચેનીને કારણે તમારી માનસિક શાંતિમાં ખલેલ પહોંચશે પણ સમસ્યા ઉકેલવામાં મિત્ર ખૂબ જ મદદરૂપ થશે.

**મિથુન(ક.છ.ઘ) :** આજના દિવસે તમે કોઈપણ પ્રકારના તાણની અવગણના કરતા નહીં. તે ઝડપથી તંબાકુ અને આલ્કોહૉલ જેવો રોગચાળો બની રહ્યું છે.

**કર્ક(ડ.હ) :** આજે જો તમારે જીવન સુગમ રીતે ચલાવવું હોય તો તમારે ધન ના આવાગમન પર ધ્યાન આપવું જોઈએ.

**સિંહ(મ.ટ.) :** આજે તમારા દિવસની શરૂઆત થોડાક વ્યાયામ સાથે કરો-તમે તમારી જાત અંગે સારી અનુભૂતિ કરો એ સમય આવી ગયો છે

**કન્યા(પ.ઠ.ણ.) :** આજે તમારા અધીરો તથા જિદ્દી સ્વભાવ પર અંકુશ રાખવાનો પ્રયાસ કરો ખાસ કરીને પાર્ટીમાં કેમ કે ત્યાં આ સ્વભાવ મૂડ બગાડી શકે છે.

**તુલા (ર.ત.) :** આજના દિવસે કશુંક રસપ્રદ વાચી માનસિક વ્યાયામ કરો. નાણાંપ્રવાહમાં વધારો લાંબા સમયથી ચૂકવવાની બાકી રકમ તથા બિલો ચૂકવવા આસાન બનાવશે.

**વૃશ્ચિક(ન.ય.) :** આજે તમારામાં ઊર્જાની વિપુલતા હશો-પણ કામનું દબાણ બેચેન કરી નાખે એવું જણાય છે.

**ધન(ભ.ધ.ફ.ઢ.) :** આજે એવો દિવસ જ્યારે આરામ મહત્વનો રહેશે.

**મકર(જ.ખ) :** આજના દિવસે વહેલી સવારે કરવામાં આવેલ ધ્યાન તથા સ્વયં-સમજ લાભદાયક પુરવાર થશે.

**કુંભ(ગ.શ.સ.) :** આજના દિવસે ખુબ મહત્વની ધ્યાન રાખવા જેવી બાબત-ખૂલ્લામાં રાખેલું ખાણું ખાતી વખતે ખાસ કરીને તકેદારી રાખવી.

## દમણ રેડિયો 102.3 FM

આકાશવાણી

મંગળવાર

**સવારની પ્રથમ સભા :** ૫.૫૫ સભાનો આરંભ, ૬.૦૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૬.૧૦ અર્ચના (ગાંધી વંદના સાથે ભકિત ગીતો) અને ૬.૩૦ અમૃતધારા (અમદાવાદ-વડોદરાથી), ૦૬.૩૫ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી) ૬.૫૫ અર્ચના - ભકિત ગીતો ૬.૪૫ સંસ્કૃતમાં સમાચાર (દિલ્હીથી) અને ૭.૦૦ શ્રી રામ ચરીત માણસ ગાન (દમણથી) ૭.૧૦ પ્રાદેશિક સમાચાર (અમદાવાદ-વડોદરા પરથી), ૭.૨૦ સુગમ સંગીત (દમણથી) ૭.૪૫ ગુજરાતી સમાચાર, ૭.૫૫ સુગમ સંગીત (અમદાવાદથી) ૦૮.૦૦ - સમાચાર પ્રભાત (દિલ્હીથી), ૦૮.૧૫ સુગમ સંગીત (દમણથી), ૮.૩૦ - વિવિધ ભારતી પ્રસારણના મનોરંજક કાર્યક્રમો (૧૦ વાગ્યા સુધી), ૧૦.૦૦ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી), ૧૦.૩૦- શ્રવણ માધુરી (દમણથી), ૧૧.૦૦ વાગ્યાથી વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૨.૩૦ સહિયર નારી જગત, ૦૧.૦૦ હિન્દી/ અંગ્રેજી સમાચાર, ૧.૩૦ (જય જવાર હિન્દી ફિલ્મ સંગીત), ૨.૧૫ હિન્દી સમાચાર ૨.૩૦ વિવિધ ભારતીના કાર્યક્રમો (સાંજે ૫:૩૦ વાગ્યા સુધી),

**સાંજે :** ૫.૩૦ - હિન્દી ફિલ્મ સંગીત, ૫.૩૦ પ્રાયોજીત કાર્યક્રમ (NCERT-UMANG)), ૬.૦૦ - સુગમ સંગીત, ૬.૩૦ અમદાવાદના કાર્યક્રમ, ૭.૧૦ - પ્રાદેશિક સમાચાર, ૭.૨૦ - દમણથી ખેતી વિષયક કાર્યક્રમ, ૭.૫૦ - ગુજરાતી સમાચાર, ૮.૦૦ - વિવિધ ભારતીના કાર્યક્રમ, ૮.૪૫ હિન્દી સમાચાર, ૯.૦૦ અંગ્રેજી સમાચર (દિલ્હીથી), ૯.૧૫ વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૧.૦૦ વાગ્યે હિન્દી સમાચાર અંગ્રેજી સમાચાર, ૧૧.૨૦ સભા સમાપન

## સુડોકુ નં.૫૩૪

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | 6 | 8 | | | | | |
| 9 | | | 7 | 1 | | | 3 | |
| | | | | | | 9 | 2 | 7 |
| | 8 | | | | | 1 | | |
| | 5 | 4 | 9 | | 2 | 3 | 6 | |
| | | 3 | | | | | 4 | |
| 5 | 1 | 9 | | | | | | |
| | 7 | | | 5 | 6 | | | 1 |
| | | | | | 8 | 4 | | |

અહીં એક ચોકઠું આપ્યું છે
જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.
(૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.
(૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.
(૩) પેન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો
(૪) શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.

### સુડોકુ નં.૫૩૩નો ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 9 | 5 | 7 | 1 | 3 | 8 | 6 | 4 | 2 |
| 8 | 1 | 4 | 2 | 7 | 6 | 3 | 9 | 5 |
| 2 | 6 | 3 | 4 | 5 | 9 | 7 | 8 | 1 |
| 1 | 4 | 8 | 9 | 6 | 5 | 2 | 7 | 3 |
| 7 | 3 | 9 | 8 | 2 | 1 | 4 | 5 | 6 |
| 5 | 2 | 6 | 3 | 4 | 7 | 8 | 1 | 9 |
| 4 | 7 | 1 | 6 | 9 | 3 | 5 | 2 | 8 |
| 3 | 8 | 5 | 7 | 1 | 2 | 9 | 6 | 4 |
| 6 | 9 | 2 | 5 | 8 | 4 | 1 | 3 | 7 |

ઓટિઝમ ધરાવતા પુખ્ત વયના પુરુષો માટે

## સોનવાડામાં 'અનેરાધામ' રેસિ. કેન્દ્રનું વાસ્તુપૂજન કરાયું





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૬ :** વલસાડ તાલુકા ના સોનવાડા ગામના ફકીરા ફળિયામાં ઓટિઝમ ધરાવતા પુખ્ત વયના પુરુષો માટે તૈયાર કરવામાં આવેલ વિશિષ્ટ રેસિડેનશિયલ કેન્દ્ર 'અનેરાધામ' નું વિધિવત્ વાસ્તુપૂજન કાર્યક્રમ ભાવસભર વાતાવરણમાં યોજાયો હતો. આ પ્રસંગે ગામના અનેક આગેવાનો, સ્થાનિક નાગરિકો તેમજ અનેરાધામ ટ્રસ્ટના ટ્રસ્ટીઓ લક્ષ્મણભાઈ ચૌહાણ, રોમેશ પાનવાલા, રોશન શાહ, નેહા કટારીયા, ડૉ. ધર્મેશ પારેખ અને ધર્મેશભાઈ ચૌહાણ ઉપસ્થિત રહ્યા હતા. હરિધામ સોખડાથી શ્રી ભગવતપ્રિય સ્વામીજી તથા શ્રીજીવલ્લભ સ્વામીજી આ પ્રસંગે પધાર્યા હતા. માતૃશ્રી દેવીબેન કટારીયાના આશીર્વાદથી દીપકભાઈ અને હેમાબેન કટારીયા દ્વારા આ સુંદર અને સુવિધાસભર આવાસનું નિર્માણ કરવામાં આવ્યું છે. 'અનેરાધામ'માં ઓટિઝમ ધરાવતા પુખ્તવયના પુરુષોને રહેવા તથા જમવાની સુવિધા સાથે સંવેદનશીલ અને સુરક્ષિત વાતાવરણમાં જીવન જીવવાની તક મળશે. અહીં રહેનાર વ્યક્તિઓના આત્મવિશ્વાસમાં વધારો થાય તેમજ તેમની વ્યક્તિગત ક્ષમતાઓનો વિકાસ થાય તે માટે વિવિધ પ્રકારની સર્જનાત્મક, શૈક્ષણિક અને પ્રેરણાદાયક પ્રવૃત્તિઓ કરાવવામાં આવશે. આ પહેલ દ્વારા ઓટિઝમ ધરાવતા પુખ્ત વયના પુરુષોને સ્વાભિમાન સાથે જીવન જીવવાની નવી દિશા મળશે.

## વલસાડ કોમર્સ કોલેજમાં બજેટ ઉપર વિચાર વિમર્શ કાર્યક્રમ યોજાયો






(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૬ :** વલસાડ ની શાહ એન. એચ. કોમર્સ કોલેજમા મલ્ટી પર્પસ હોલમાં સરકાર ના બજેટથી કરદાતાઓને મળતી વિવિધ સરણીકરણની સુવિધાઓ, સરકારની ભાવી યોજનાઓ, કરદાતાઓને મળતા વિશેષ લાભો વગેરે મુદ્દાઓને આવરી લઈ ɓudget Talk@Campus કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં વિષય નિષ્ણાત તરીકે ડેનિશા (C.A.),રાહુલ પટેલ (CTP),અલ્પેશભાઈ ઉપાધ્યાય (G.S.T.) ત્રણેય મિત્રોએ વિષય નિષ્ણાંત તરીકે સેવાઓ પૂરી પાડી હતી અને સરળ ભાષામાં બજેટની રચના, સરકારની ભાવિ યોજનાઓ અને કરદાતાઓ માટેની સરળ સુવિધાઓ ઊંડાણપૂર્વક વ્યાખ્યાન તેમજ ppt ના માધ્યમથી વિદ્યાર્થીઓને સમજાવવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં જિલ્લા વહીવટી તંત્ર માંથી જિલ્લા આયોજન અધિકારી ભરતભાઈ પટેલ, વલસાડ જિલ્લા મહામંત્રી ઓ માં કમલેશભાઈ, નિખિલભાઈ, ગણેશભાઈ તથા યુથ ભાજપના યુવા નેતાઓ કેવિનભાઈ પટેલ, પ્રભાકર યાદવ, મયંકભાઈ તથા વલસાડ નગરપાલિકાના પ્રમુખ માલતીબેન તથા તાલુકા અને વલસાડ શહેરના અગ્રણી અલ્કાબેન દેસાઈ તથા તેજસભાઈ તેઓ હાજર રહીને ઉપસ્થિત કોલેજના તમામ વિદ્યાર્થી ગણ અને અધ્યાપક સ્ત્રીઓને ન્ોત્સાહન પૂરું પાડ્યું હતું. કાર્યક્રમમાં કોલેજના ૧૧૨ જેટલાં વિદ્યાર્થીઓએ ઉત્સાહ ભેર ભાગ લીધો હતો. સમગ્ર કાર્યક્રમનું આયોજન NSS યુનિટ, NCC યુનિટ તથા અર્થશાસ્ત્ર વિભાગના સંયુક્ત ઉપક્રમે કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમની વિગતવાર ગાઈડલાઈન ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી ગુજરાત સરકાર ગાંધીનગર તરફથી પુરી પાડવામાં આવી હતી તથા વિશેષ માર્ગદર્શન ઇન્ચાર્જ આચાર્ય વિજયકુમાર આર. ચાંપાનેરી દ્વારા આપવામાં આવ્યું હતું.

## વાપીમાં મહિલા પતંજલિ યોગ સમિતિ દ્વારા આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ ઉજવાયો




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૬ :** મહિલા પતંજલિ યોગ સમિતિ, વલસાડ દ્વારા આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ભવ્ય ઉજવણી વાપીની ઉપાસના સ્કૂલ ખાતે ઉત્સાહ અને ઉમંગ સાથે કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમ દક્ષિણ ગુજરાત રાજ્ય પ્રભારી તનુજા આર્યજીના માર્ગદર્શન હેઠળ યોજાયો હતો.

કાર્યક્રમમાં શ્રીમતી રશ્મિકા મહેતા (એડવોકેટ અને નોટરી) તથા ડૉ. તમન્નાજી વિશેષ અતિથિ તરીકે હાજર રહ્યા હતા. રાજ્ય કાર્યકારિણી સભ્ય શીલાબેન વશી તથા રાજ્ય સંવાદ પ્રભારી પુષ્પાબેન સાગઠિયાએ ઉપસ્થિત બહેનોને માર્ગદર્શન આપ્યું હતું.

આ પ્રસંગે સુરતથી રાજ્ય કાર્યકારિણી સભ્ય સુરેશભાઈ ગાબાણી, પતંજલિ યોગ સમિતિના જિલ્લા પ્રભારી રાજુભાઈ ભાલાણી, ભારત સ્વાભિમાન ટ્રસ્ટના પ્રમુખ કમલેશ પત્રકાર તથા ખેડૂત સેવા સમિતિના પ્રમુખ સંદીપભાઈ દેસાઈની ગૌરવમય ઉપસ્થિતિએ કાર્યક્રમને વિશેષ શોભા વધારી હતી.

કાર્યક્રમના મુખ્ય આયોજનમાં મહિલા પતંજલિ યોગ સમિતિની જિલ્લા પ્રભારી મીનાબેન તોલાણી, જિલ્લા મહામંત્રી દક્ષા રાઠોડ તથા જિલ્લા સંગઠન મંત્રી શીતલ ત્રિગોત્રા સહિત તમામ પદાધિકારીઓ અને બહેનો દ્વારા અવિરત પ્રયત્નો કરવામાં આવ્યા હતા.

આ કાર્યક્રમમાં અંદાજે ૨૦૦થી વધુ બહેનો ઉપસ્થિત રહી હતી. કાર્યક્રમ દરમિયાન યોગાભ્યાસ, પ્રેરણાદાયક વિચારો તથા મહિલા સશક્તિકરણના સંદેશ સાથે સૌએ ભોજનનો પણ આનંદ માણ્યો હતો. સૌના સહકાર, ઉત્સાહ અને સક્રિય ભાગીદારીથી કાર્યક્રમ સફળતાપૂર્વક પૂર્ણ થયો હતો.

આયોજકો દ્વારા તમામ સહભાગીઓનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો અને ભવિષ્યમાં પણ યોગ અને સમાજસેવાના કાર્યોને આગળ વધારવા માટે સૌને સંકલ્પબદ્ધ થવા આહ્વાન કરવામાં આવ્યું હતું.


**'દમણગંગા ટાઈમ્સ'**

**દમણગંગા ટાઈમ્સ - ઈ-પેપર દૂનિયાના કોઈપણ ખૂણેથી ડાઉનલોડ અથવા ઓનલાઈન વાંચવા માટે વેબસાઈટ www.damangangatimes.com ની મુલાકાત લો.**




## ખાંડાના નેત્રયજ્ઞમાં ૨૦૦ લોકોએ આંખોની તપાસ કરાવી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા. ૧૬ :** ધરમપુર તાલુકાના ખાંડા ગામે અતુલ ફાઉન્ડેશન ટ્રસ્ટ અને આર.એન.સી. ફ્રી આઈ હોસ્પિટલ, વલસાડના સંયુક્ત ઉપક્રમે તથા યુવા ગ્રુપ ખાંડા દ્વારા મફત નેત્રયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેવા શિબિર ખાંડા પ્રાથમિક શાળા ખાતે યોજાઈ હતી. આ નેત્ર નિદાન શિબિરમાં ખાંડા તથા આસપાસના વિસ્તારોમાંથી આશરે ૨૦૦ જેટલા લોકોએ ઉત્સાહપૂર્વક હાજરી આપી પોતાની આંખોની તપાસ કરાવી હતી. આર.એન.સી. ફ્રી આઈ હોસ્પિટલની નિષ્ણાત ડોક્ટરોની ટીમ દ્વારા દર્દીઓની આંખોની ઝીણવટભરી તપાસ કરી જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ઉપરાંત જરૂરિયાતમંદોને મફત ચશ્મા પણ આપવામાં આવ્યા હતા. કાર્યક્રમ દરમિયાન ખાંડા ગામના સરપંચ જયસિંગભાઈ ચૌધરી વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે આયોજિત સેવાકીય કાર્યની પ્રશંસા કરી આયોજકોને અભિનંદન પાઠવ્યા હતા.

સમગ્ર કાર્યક્રમનું આયોજન અને વ્યવસ્થા યુવા ગ્રુપ ખાંડા દ્વારા સુવ્યવસ્થિત રીતે કરવામાં આવી હતી. આ સેવાકીય પ્રવૃત્તિમાં મિતેશભાઈ ગવળી, જીતેન્દ્રભાઈ ગવળી, અલ્પેશભાઈ ગાયકવાડ, દિલીપભાઈ ગાયકવાડ, હિતેન્દ્રભાઈ ગવળી તેમજ ભવાડા તલાટ ગામના જતેન્દ્રભાઈ ગાયકવાડ અને જયદીપભાઈ ગાયકવાડ સહિતના આગેવાનો ઉપસ્થિત રહી સેવા આપી હતી.

ગ્રામજનોએ આ નિ:શુલ્ક નેત્ર તપાસ શિબિર માટે આયોજકો તેમજ અતુલ ફાઉન્ડેશન ટ્રસ્ટનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.

## વલસાડના ભાવનાબેન મિસ્ત્રી મુખ્યમંત્રી સાથે સંવાદ કાર્યક્રમમાં જોડાયા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૬ :** ૮ માર્ચ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણીના ભાગરૂપે પૂર્વ સંધ્યાએ ગાંધીનગરમાં ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નિવાસસ્થાને આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

જેમાં સ્પોર્ટ્સ, સમાજસેવા, સ્ટાર્ટ અપ, શિક્ષણ વગેરે વિવિધ ક્ષેત્રોમાં સફળ નેતૃત્વ કરતી મહિલાઓની સાથે ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ચર્ચા સંવાદ કર્યો હતો. આ કાર્યક્રમમાં વલસાડના સમાજસેવિકા ભાવનાબેન મિસ્ત્રીને આમંત્રણ આપવામાં આવ્યું હતું.

છેલ્લા ૨૭ વર્ષથી વલસાડ જિલ્લામાં આદિવાસી દીકરીઓ અને મહિલાઓનાં ઉત્થાન માટે કાર્યરત અને મહિલા વિકાસ પુરસ્કારના એવોર્ડી ભાવનાબેનને આ સંવાદમાં જોડાવા માટે સુવર્ણ તક મળી હતી.

કાર્યક્રમના અંતે મુખ્યમંત્રી સાથે સમૂહ ભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી.

## અંકલાસ મણીબા પ્રાકૃતિક કેન્દ્રમાં ખેડૂતોને તાલી અપાઈ



**વલસાડ, તા. ૧૬ :** વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકાના અંકલાસ ગામમાં સ્થિત મણિબા પ્રાકૃતિક કેન્દ્ર ખાતે કપરાડા તાલુકાના ખેડૂતોએ વિઝિટ લઈ પ્રાકૃતિક ખેતીના સિધ્ધાંતો આચ્છાદાન, બીજામૃત, જીવામૃત, મિશ્ર પાક પધ્ધતિ અને વાફસા વિશે માહિતી મેળવી હતી. મણિબા પ્રાકૃતિક કેન્દ્રના માલિક અને આત્મા પ્રોજેક્ટના માસ્ટર ટ્રેનર હસમુખભાઈ પટેલે ખેડૂતોને મિશ્ર પાક પધ્ધતિમાં ઓછા ખર્ચે ઉત્પાદન વધુ કેવી રીતે મેળવવુ અને ઓછા પાણીએ વધુ ઉત્પાદન કેવી રીતે મળે, પાણીનો બચાવ કેવી રીતે કરવો તેની વિસ્તૃત માહિતી આપી હતી. જિલ્લા પંચાયતના બાંધકામ સમિતિના ચેરમેન ભરતભાઈ જાધવે આંબા પાકની નીચે હળદરની ખેતી અંગે માહિતી મેળવી હતી. આ અંગે માસ્ટર ટ્રેનર હસમુખભાઈ પટેલે સમજાવ્યુ કે, જો આંબા પાક નિષ્ફળ જાય તો નીચે રોપેલી હળદર અને શક્કરિયામાંથી પણ આવક મેળવી શકાય છે. જેથી પ્રાકૃતિક ખેતીમાં મિશ્ર પાકની પધ્ધતિ અંગે માર્ગદર્શન આપ્યું હતું.

## વલસાડમાં રમાયેલી વેલનેસ ક્રિકેટ ટુર્નામેન્ટમાં સુરતની ટીમ ચેમ્પિયન

**વલસાડ, તા. ૧૬ :** વેલનેસ રેમીડીઝ વાર વલસાડમાં વેલનેસ ક્રિકેટ ટુર્નામેન્ટ રાખવામાં આવી જેમાં દક્ષિણ ગુજરાતના તબીબોની આઠ ટીમે ભાગ લીધો હતો બે ગ્રુપ પૈકી ગ્રુપ માં ડોક્ટર પિયુષ પટેલ વલસાડ અને ગ્રુપ બી માં ડો. સંદીપ ભગત સુરતની ટીમ ચેમ્પિયન બની હતી.




વેલનેસ રેમીડીઝ વાર વલસાડમાં વેલનેસ ક્રિકેટ ટુર્નામેન્ટ રાખવામાં આવે છે જેમાં દક્ષિણ ગુજરાતના તબીબોની આઠ ટીમે ભાગ લીધો હતો. બે ગ્રુપ પૈકી ગ્રુપમાં ડોક્ટર પિયુષ પટેલ વલસાડ અને ગ્રુપ બી માં ડો. સંદીપ ભગત સુરત નો વિજય થયો હતો. વેલનેસ રેમીડીના માલિક ભાવિનભાઈ પટેલ અને ભરતભાઈ ઉર્ફે શીવાભાઈ દેસાઈ દ્વારા વેલનેસ કપ ૨૦૨૬ નું આયોજન તારીખ ૧૪ માર્ચ અને ૧૫ માર્ચના રોજ વલસાડના સરદાર પટેલ સ્ટેડિયમ ખાતે રખાયું હતું. જેમાં સુરત ચીખલી બીલીમોરા ડુંગરી વાપી તથા સેલવાસના પ્રખ્યાત તબીબો સહિત ચાર ટીમોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો જે બે ગ્રુપમાં વહેંચાઈ હતી ગ્રુપ એ ડેપસીડ કબ જેમાં ચાર ટીમ અને ગ્રુપ બી વેંડાપા કપ જેમાં ચાર ટીમે ભાગ લીધો હતો ગ્રુપ એ અને ગ્રુપ બી ની ટીમોએ લીગ મેચ રમી હતી ટુર્નામેન્ટની ફાઈનલમાં ગ્રુપ a માં ડો. પિયુષ પટેલની ટીમ વિરુદ્ધ ડો. હિમાંશુ પટેલની ટીમ રમી હતી જેમાં ડો. હિમાંશુ પટેલની ટીમે ૬ ઓવરમાં ૫૧ રનમાં આપેલા લક્ષ્યાંક સામે ડોક્ટર પિયુષ પટેલની ટીમે બાવન રન બનાવતા ડો. પિયુષ પટેલની ટીમનો વિજય થયો હતો. ગ્રુપ બી માં ડો. ભુમીન ની ટીમ અને ડો. સંદીપની ટીમ વચ્ચે રમાયેલી ફાઈનલમાં ડો. ભુમીન સર ની ટીમે ૬ ઓવરમાં ૪૧ રન બનાવ્યા હતા. જેના જવાબમાં ડો. સંદીપ સરની ટીમ ૪૨ રન બનાવી ડો. સંદીપની ટીમ વિજય બની હતી. સમગ્ર ટુર્નામેન્ટ ને સફળ બનાવવા નીલ પંચાલ મેહુલ જાની પ્રવીણભાઈ મુદસર નકુમ કુશ નિરવ સંકેત સાગર નંદુભાઈ પ્રવીણભાઈ ધર્મેશ દિલીપભાઈ વગેરે એ ભારે જેહમત ઉઠાવી હતી.

## દમણ મહિલા મંડળ દ્વારા આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી કરાઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)



**દમણ, તા. ૧૬ :** દમણ મહિલા મંડળ (ઓલ ઈન્ડિયા વુમન્સ કોન્ફરન્સ, નવી દિલ્હી) ના પ્રમુખ વર્ષા શાહ અને સેક્રેટરી છાયાબેનના માર્ગદર્શન હેઠળ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી કરવામાં આવી હતી. વર્ષા શાહની ગેરહાજરીમાં, મહિલા મંડળના સભ્યો દ્વારા આયોજિત કાર્યક્રમનું ઉદ્ઘાટન દીપિકા ટંડેલ દ્વારા કરવામાં આવ્યું હતું. ભાવિની સનવાલાએ પ્રાર્થના ગીત રજૂ કર્યું હતું. મંડળના ઉપપ્રમુખ પુષ્પા ધુકાએ મુખ્ય મહેમાનો અને ઉપસ્થિત સભ્યોનું સ્વાગત કર્યું હતું. દમણ મહિલા મંડળના ઈતિહાસને યાદ કરતાં, પુષ્પા ધુકાએ સ્વપ્નદ્રષ્ટા પ્રભાબેન શાહ (પદ્મશ્રી પુરસ્કાર વિજેતા) ના યોગદાન રજૂ કર્યા હતા. તેમણે પ્રભાબેન શાહને શ્રદ્ધાંજલિ આપી હતી. મુખ્ય મહેમાન ડીએમસીના પ્રમુખ દીપિકા ટંડેલે મહિલા શક્તિ પર પ્રકાશ પાડવા વિશે વાત કરી હતી અને મહિલાઓને પ્રોત્સાહન આપ્યું હતું. શિતલબેન પટેલ અને વકીલ સોહિની ભંડારીએ પણ મહિલાઓને દરેક ક્ષેત્રમાં આગળ વધવા માટે પ્રોત્સાહિત કર્યા હતા. મહિલા દિવસ કાર્યક્રમ દરમિયાન, પ્રજ્ઞા સંસ્કૃતિ એકેડેમીના ડિરેક્ટર જાન્હવી દેસાઈના નેતૃત્વમાં નાના બાળકોએ સુંદર નૃત્ય રજૂ કર્યું હતું. વિવિધ ક્ષેત્રની મહિલાઓને પ્રમાણપત્રો અને શાલ આપીને સન્માનિત કરવામાં આવી હતી. નર્સો, શિક્ષકો, પોલીસ કોન્સ્ટેબલો, યોગ ગર્લ્સ, આશા વર્કર્સ અને સિલ્વાન દીદીનું પણ સન્માન કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંકલન જયશ્રી ડાંગોદરા અને નીતા મહેતા દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતે વર્ષા રાણાએ આભાર વ્યક્ત કર્યો હતો.

પંડિત દીનદયાળ ઉપાધ્યાય પ્રશિક્ષણ મહાઅભિયાન-૨૦૨૬ અંતર્ગત

## મગરવાડા અને પટલારામાં ભાજપા દ્વારા પ્રશિક્ષણ વર્ગનો પ્રારંભ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)



**દમણ, તા. ૧૬ :** ભારતીય જનતા પાર્ટી દ્વારા દેશભરમાં ચાલી રહેલા પંડિત દીનદયાળ ઉપાધ્યાય પ્રશિક્ષણ મહાઅભિયાન-૨૦૨૬ અંતર્ગત દાદરા નગર હવેલી અને દમણ-દીવ પ્રદેશમાં મંડળ સ્તરે કાર્યકર્તાઓને પ્રશિક્ષિત કરવા માટે અભ્યાસ વર્ગોનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

આ અભિયાન અંતર્ગત દમણ જિલ્લામાં મગરવાડા અને પટલારા મંડળનો પ્રશિક્ષણ વર્ગ મોટી દમણ સ્થિત રાયચંદ પાર્ટી પ્લોટ ખાતે શરૂ થયો. કાર્યક્રમના ઉદ્ઘાટન સત્રમાં ભાજપ દાનહ અને દમણ-દીવ પ્રદેશના અધ્યક્ષ મહેશભાઈ અગરિયાના કરકમલોથી પ્રશિક્ષણ વર્ગનો પ્રારંભ કરવામાં આવ્યો.

દમણ જિલ્લા ભાજપ પ્રમુખ ભરતભાઈ પટેલના નેતૃત્વમાં યોજાયેલા આ અભ્યાસ વર્ગમાં મગરવાડા અને પટલારા મંડળની કાર્યસમિતિના સભ્યો, બંને મંડળના ચૂંટાયેલા જન-તિનિધિઓ તેમજ મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રશિક્ષણ વર્ગનો પ્રારંભ સવારે ૧૧ વાગ્યે થયો હતો અને આ કાર્યક્રમ સતત ૨૪ કલાક સુધી ચાલુ રહેશે, જેમાં પાર્ટીની વિચારધારા, સંગઠન મજબૂતી અને કાર્યપદ્ધતિ અંગે માર્ગદર્શન આપવામાં આવશે.

ભવાની માતા મંદિર પુનઃનિર્માણ નિમિત્તે ભવ્ય શોભાયાત્રા નિકળી

## વાજવડ ભાગવત કથાથી ભક્તિમય બન્યું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)



**કપરાડા, તા. ૧૬ :** કપરાડા ધારાસભ્ય જીતુભાઈ ચૌધરીએ જણાવ્યું કે, આજે વાજવડ ગામ માટે એક અનોખો અને યાદગાર પ્રસંગ રહ્યો. ભવાની માતાના મંદિરના પુન:નિર્માણ માટે યોજાયેલ શ્રીમદ્ ભાગવત કથાના અવસરે ગામમાં ભવ્ય શોભાયાત્રા નીકળી અને આખું ગામ ભક્તિમય આનંદમાં તરબોળ બની ગયું. ગામમાં અનેરો પ્રસંગ શોભ્યો અને દરેકના ચહેરા પર ખુશી અને ઉત્સાહ જોવા મળ્યો.

તેમણે જણાવ્યું કે આનંદ હંમેશા પૈસાથી જ મળે એવું માનવું યોગ્ય નથી. સાચો આનંદ તો ભક્તિ, એકતા અને સારા સંસ્કારોમાં મળે છે. દરેક વ્યક્તિ આનંદ અલગ રીતે અનુભવે છે, પરંતુ ભક્તિમાં જોડાઈને અને ધાર્મિક કાર્યમાં ભાગ લઈને જે આધ્યાત્મિક આનંદ મળે છે તે અનન્ય હોય છે. વાજવડ ગામે ભાગવત કથાના આયોજનથી સમગ્ર ગામે ભેગા થઈને આ આનંદનો અનુભવ કર્યો છે.

આ કાર્યક્રમને સફળ બનાવવા માટે સરપંચથી લઈને ગામના તમામ ગ્રામજનો, વડીલો, આગેવાનો, યુવાનો અને બહેનોનો ઉત્સાહભર્યો સહકાર રહ્યો હોવાનું તેમણે જણાવ્યું. ખાસ કરીને મહિલાઓએ એકસરખી સાડી અને વસ્ત્રોમાં શોભાયાત્રામાં ભાગ લઈ કાર્યક્રમને વધુ ભવ્ય બનાવ્યો.

ધારાસભ્યએ જણાવ્યું કે લગભગ ૮૦ વર્ષ પહેલાં બ્રહ્મલીન અખંડાનંદ મહારાજ જેવા સંતોએ બળદગાડામાં ફરી ફરીને સમાજને સદાચાર અને ધર્મ તરફ દોરી જવાનો સંદેશ આપ્યો હતો. તેમની વાવેલી સંસ્કારની વાવણી આજે પણ સમાજમાં ફળ આપી રહી છે.

અંતમાં તેમણે વાજવડ ગામના તમામ ગ્રામજનોને આ સુંદર અને ભક્તિમય આયોજન માટે હાર્દિક અભિનંદન પાઠવ્યા.

કેનેરા મેનેજમેન્ટ કંપની મ્યુચ્યુઅલ ફંડની CSR એક્ટિવિટી અંતર્ગત

## વટારની એસએસબીડી દેસાઈ સ્કૂલમાં સાયકલ વિતરણ કરાઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)



**વાપી, તા.૧૬ :** એસ.એસ.બી.ડી. દેસાઈ હાઈસ્કુલ વટારમાં તા.૧૪/૩/૨૬ના રોજ કેનેરા મેનેજમેન્ટ કંપની મ્યુચ્યુઅલ ફંડની CSR એક્ટિવિટી અંતર્ગત ધોરણ ૯ અને ૧૦ ના કુલ ૧૨૭ વિદ્યાર્થીઓને સાયકલનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવ્યું હતું. કેનેરા રોબેકોના કલસ્ટર હેડ હિતેશભાઈ જરીવાલા બ્રાન્ચ મેનેજર મિલનભાઈ પટેલ સાયકલ ડિસ્ટ્રીબ્યુટર ધર્મેશભાઈ શાળાના ટ્રસ્ટી કિશોરભાઈ દેસાઈ, માનસીબેન દેસાઈ, કાલીનભાઈ દેસાઈ તેમજ શાળાના માર્ગદર્શન ડૉ. નાનુભાઈ પટેલ, દિપેશભાઈ ભટ્ટ (એડવોકેટ) ની ઉપસ્થિતિમાં તમામ વિદ્યાર્થીઓને સાઈકલ આપવામાં આવી હતી.તમામ વિદ્યાર્થીઓ સાઈકલ મેળવી આનંદિત થયા હતા.

આ પ્રસંગે શાળાના ટ્રસ્ટી કિશોરભાઈ દેસાઈ દ્વારા દાતાઓનું સ્વાગત કરવામાં આવ્યું હતું. શાળાના માર્ગદર્શક ડૉ.નાનુભાઈ દ્વારા દાતાઓના કાર્યની સરાહના કરવામાં આવી હતી. અમૂલ્ય કાર્ય બદલ શાળા પરિવાર દાતાઓનો હૃદય પૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન રીતાબેન દ્વારા સફળ રીતે કરવામાં આવ્યું હતું.

# રોઈ રોઈ કોને હંભળાવું..!

વાત રડવા-કૂટવાની, કે રડતાનો વાંહો થાબડવાની નથી. પૃથ્વી ઉપરથી ડાયનોસોર ગાયબ થઇ ગયેલા એમ, 'છોકરી' ઓ ગાયબ થઇ ચાલી એની છે. છોકરાઓના પ્રમાણમાં છોકરીઓનો જન્મ દર ઘટતો ચાલ્યો..! અસ્સલ રાજાઓ અનેક રાણી રાખી શકતા, એટલો સ્ટોક રહેતો. આજે તો, 'મૂળમાં મૂળજી કુંવારો ને ડોહાને બે જોઈએ..!' એવો ઘાટ આવ્યો..! એમ થાય કે, પાંડવો જેવી દશા આવવાની કે શું..? પાંચ પાંડવ અને એક દ્રોપદી..! જો કન્યાદર તળિયે ગયો તો, રાષ્ટ્રપતિ મળશે, પણ પતિ નહિ..! લૌટકાઓની બાવા બનવાની નોબત આવી જશે. મહિલા અનામતનાં સુરસુરિયા થતા, બસમાં 'મહિલા અનામત' ની સીટ, પેટી-પટારા ને પાર્સલથી પેક થવા માંડશે. જાગો ભઈઈઈલા.. જાગો. બહુ પુત્રઘેલા પણ થવા જેવું નથી. છોકરીઓ છે તો, શમણા છે. પછી તો શમણાનાં સ્વરૂપ પણ બદલાયને, વરુ-હિપોપોટેમસ કે અન્ય વનેચરના સ્વપ્ના આવે તો કહેવાય નહિ. જો કે, સાવ આવું તો નહિ થાય. આ તો એક વાત..!

છતાં હાંસિયામાં કાઢવા જેવી ચિંતા તો નથી જ..! માત્ર ઈરાન-ઈરાક-અફઘાનિસ્તાન-ઈઝરાઈલ દુબઈ-કુવૈત કે અમેરિકાના યુદ્ધથી જ મગજ સમૃદ્ધ રાખીએ તે નહિ ચાલે, છોકરીઓની પાંગરતી જતી અછત, નાની ઘટના નથી. જન્મ વૃદ્ધિ વધારવાના પગલા ભરવા પડશે. દરેક દુકાળ કાન ખંજવાળતા-ખંજવાળતા સહન થાય, પણ કન્યાનો દુકાળ સહન નહિ થાય. સામાજિક વ્યવસ્થા છિન્ન-ભિન્ન થઇ જાય. છોકરી જ નાં હોય તો છોકરાઓ શું શું તંબુરા વગાડવાના..? અસ્સલ તો તાડ જેવી કન્યાઓ રહેતી. ધીરે ધીરે એમાં એવી મંદી આવી કે, હવે તો બેઠા ઘાટની જ પ્રગટ થાય. No matter. સ્ત્રી એટલે લક્ષ્મી..! લક્ષ્મીનો દર ઘટતા રાંક થવાનું નહિ ફાવે. પુત્રો ગમે એ વાત બરાબર, પણ 'પુત્ર-વધુ' નો સ્ટોક જ ખાલી હોય તો ગાસ્ગે કોણ, કે 'બહારો ફૂલ બરસાવો, મેરા મહેબુબ આયા હૈ..! તંઈઈઈ..! કુંવારા મેળા તો ઠેર ઠેર થાય, પણ સફળતાનો ઓડકાર આવે એવા પરિણામ મળતા નથી.

છોકરાને છોકરી ગમે તો બાપાને એની માં પસંદ નહિ પડે, છોકરીને છોકરો ગમે પણ સરકારી નોકરી નહિ હોવાથી અને ગામડે કુટી ખાતો હોવાથી છણકો કરે..! કૈસે કૈસે લોગ હૈ યાર..? ચિંતા થાય યાર..?

આજે ઘણા મુરતિયા એવા હશે કે, જે ઉકરડે બેસીને લલકારતા હશે કે, 'રોઈ રોઈ કોને હંભળાવું..!' થાય એવું કે, કુંવારા કોડે ઝૂરે ને પરણેલા પસ્તાય ત્યાં ઉકરડાવાળાને કોણ આશ્વાસન આપવા જાય? આ ષ્ટશ્વંણુશ્રફૂ ભલે યુનિવર્સલ ના હોય, બાકી ટેન્શન તો આવે બોસ..! કોઈની જાન જતી જોઇને, વાંઢેસ નો જાન નીકળી જતો હોય..! મરદ રહ્યો એટલે ધોધમાર રડાય પણ નહિ..! રડવા જાય તો, ખાનદાનીને ગ્રહણ લાધે, બાજી વધારે બગડે.! ને પોક મુકીને હસવા જાય તો પેલી કહેવત આડી ફરી વળે કે, રડતી...ને હસતા પુરુષનો વિશ્વાસ નહિ થાય..! સાલું




સમજાતું નથી કે, સ્ત્રીનો જન્મ દર ઓછો થવાનું કારણ શું..? ઉપલા લેવલે ગરબડ થઇ હશે ? કે પછી ભ્રષ્ટાચારનાં મુળિયા બ્રહ્મા સુધી વિસ્તરીયા હશે? આવું ને આવું ચાલ્યું તો, ધરતી માત્ર બાવાઓથી જ ઉભરાવાની. ઘર ઘર મહાત્માઓ ઉભા થશે.

ચમનીયાની ઓળખાણ હવે આપવાની રહેતી નથી. બાધા આખડીથી ઉપાર્જિત થયેલા એના દીકરાનું નામ આમ તો ચંપુ. પણ મહેનત બીજા કરે ને દીરાનું નામ રોશન થાય એ માટે, ચમનીયાએ એનું હુલામણું નામ સુલભ શૌચાલય રાખેલું..! (સુલભ એનું મૂળ નામ અને શૌચાલય એની અટક..! આવો તાળો બેસાડેલો..!) જો કે, આમ ચમનીયાની ઈચ્છા ચંપુને બદલે 'અમેરિકા' રાખવાની હતી.એટલા માટે કે, વટથી કોઈને કહી શકે કે, ક્ષ્હું અમેરિકાનો બાપ છું..! પણ રાશિમેળ ખાધેલો નહિ. છેલ્લા ૨૦ વર્ષથી પૈણવા કાઢેલો છતાં, છોકરીની અછત હોવાને કરને બખ્તર વગર ઝઝૂમે છે. ઉમર વધતા વધતા હાલ, અડધી કાંઠીએ પહોંચી ગઈ, છતાં લગન માટે છોકરી જડી નથી. હાડકે હજી પીઠી ચઢી નથી. એની સાથે ભણનારી આખી જમાત 'બચ્ચરવાળ' થઈ ગઈ. છતાં, બંજર જમીન જેવો છે. 'Waiting list' ની ટીકીટ Confirm થતી જ નથી. રતનજી જેવા પીઢ સલાહકારે તો એકવાર સલાહ પણ આપી કે, 'દેશી નહિ મળે તો imported લાવ, પણ લગનનો મોહનથાળ ખવડાવ. પણ Imported વાઈફ લાવીએ, તો 'મેઈન્ટેનન્સ' બહુ મોંઘુ પડે એ વાતથી ચતુર ચમનીયો ડરે..! બાકી, સુલ્ભો ઉર્ફે ચંપુ એટલે ભેજાબાજ..! ભણવામાં ખાંટુ એટલે PHD સુધી ભણેલો. (PHD એટલે, 'પાયજામાં હોલ્ડર ડીવાઈસ'' નહિ યાર..!) પણ ભણ્ઝ થયા પછી મગજમાં ચરબી વધી. શરુ શરૂમાં માંગા તો ઘણા આવ્યા, પણ સુલ્ભો જમીન ઉપર પગ નહિ મુકે. આસમાને ઉડવા લાગ્યો. માંગા Select કરવાને બદલે Reject કરવાના રવાડે ચઢી ગયો. માંગા સ્વીકારવા બાપ સલાહ આપે તો, ચમનીયાને પણ સંભળાવી દે કે, 'ફાધર..! તમે તમારી વાઈફ શોધવામાં માર ખાય ગયેલા, એવી ઉતાવળ મારે કરવી નથી.' એમાં અડધી અડધી સદીનો થયો છતાં, કોઈની માંગ ભરી શક્યો નથી..! કૈસે કૈસે પુતર રહેતે હૈ યાર..?

એના કપાળમાં કાંદા ફોડું..! ઘણીવાર તો એવો પણ વિચાર આવે કે, આવા નાખરેબાજને કારણે તો છોકરીનાં ઉત્પાદનમાં કાપ નહિ આવ્યો હોય..? કહેવાય નહિ..!

આવા લોકોના અરમાન એવા એફિલ ટાવર જેવા હોય કે, ગરીબની સુંદર શુશીલ કન્યા પણ, તળેટીના સરનામાવાળી લાગે. પરસેવો પાડીને બાપાએ ભણ્ઝ કરાવી હોય, એ ભૂલી જાય. ને ટ્રમ્પદાદા જેવી ખુમારી આવી જાય. પત્ની કેવી જોઈએ તો કહે...

PHD પાસ હોય, ઈંગ્લીશમાં ખાસ હોય,

લચકતી ચાલ હોય બોયકોટ બાલ હોય

ગુલાબી ગાલ ને, હોઠ લાલ લાલ હોય,

કપડા કમાલના ને સસરો માલદાર હોય

આવી ખુમારી કાઢે તો લક્ઝરી ક્યાં સુધી ઉભી રહે? છેલ્લે વાળમાં ચાંદી પડવા માંડે ત્યારે છકડા શોધવા માંડે..! અહાહાહા...શું ભારતવર્ષનો ઈતિહાસ હતો? રાજાઓને અનેક રાણી મળી રહેતી, છતાં રાજમાં કોઈ કુંવારું નહિ રહેતું. આજે તો એક વાઈફના પણ ફાંફા..! 'મૂળમાં મૂળજી કુંવારો, ને ડોહાને બે જોઈએ..!' જેવી હાલત થઇ મામૂ..! ખેતીમાં પાક ઓછો ઉતરે તો આયાત કરાય, સેન્સેક્ષ નીચો જાય તો એનો પણ ઈલાજ કરાય..! પણ છોકરી ની અછત ઉભી થાય તો, પામર માનવી કરી પણ શું શકે..? યે સબ સશક્તિકરણકી કમાલ હૈ. એના ફૂંફાડાથી છોકરીઓ એવી Up-grade થઇ ગઈ કે, હવે એ ઓટલા પરિષદ કરતી નથી. સર્વાંગી રીતે ર્ડ્ઢિશ્વદ્દ બની ગઈ. અમારા વખતે તો, બંધ બાજી રમાતી. પૈણીને આવ્યા પછી ખબર પડતી કે, લમણે લાલનો એક્કો આવ્યો છે કે, કાળીની ચરકટ..! આજે છોકરીઓની અછત એવી લાધી કે, ઝમેટોવાળાએ પણ પૈણવું હોય તો, waiting list માં રહેવું પડે..! છોકરીઓ એવી સમજદાર થઇ ગઈ કે, Netflix જેવી જિંદગી જીવવાને બદલે, 'દુરદર્શન' વેઠવા કેમ જવાય..? જે લોકો દીકરીને સાપનો ભારો માનતા હતા, એ હવે પુત્રવધુ માટે વલખા મારે છે બોલ્લો..! ચમનીયાએ તો શુલ્ભાનાં લગન માટે ચાલતા સારંગપુર જવાની બાધા રાખી છે. છતાં હજી મેળ પડ્યો નથી..!

**લાસ્ટ બોલ**

ચમનીયાને એક રાતે એવું જોરદાર સ્વપ્નું આવ્યું કે, પથારીમાંથી બેઠો થઈને રડવા લાગ્યો.

વાઈફ કહે, 'કેમ રડો છો? તો કહે, સ્વપ્નમાં મારા લગન થતા હતા..!

એ તો સારું કહેવાય, એમાં રડવાનું શું..? જલસા કરો...!

શું ધૂળ જલસા કરે..? લગન તે પણ તારી સાથે જ થતા હતા..!

તારા કપાળમાં કાંદા ફોડું..!

# ડાંગના ૩૧૧ ગામોમાં શ્રી હનુમાન મંદિરોના નિર્માણ યજ્ઞના વિચાર બિજનુ વાવેતર એટલે

# 'ડાંગ પ્રયાગ, હનુમાન યાગ' હનુમંત યજ્ઞ

**વિચારબીજનું વાવેતર**

દંડકારણ્યની પાવન ધરા ઉપર વર્ષોથી ચાલતા, આદિવાસી સમાજની આરોગ્ય સુશ્રુષાના એક સેવાયજ્ઞ દરમિયાન, અંતરિયાળ વિસ્તારના એક ગામથી બીજે ગામ પસાર થતી વેળા એક ગામની સીમમા, ખુલ્લા આકાશ નીચે એક વૃક્ષના ટેકે ટકેલી હનુમાનજીની મુર્તિની દુર્દશા જોઈને, કારમા બેઠેલી બે વ્યક્તિઓના હ્રદય એક સાથે દ્રવી ઉઠ્યા.



પોતાના ઈસ્ટદેવની આવી દશા જોઈને દ્રવિત થઇ ઉઠેલી આ વ્યક્તિઓએ, ભારે હ્રદયે આ બાબતે પરસ્પર ચર્ચા કરી. ત્યારે ખબર પડી કે દંડકારણ્ય એટ્લે કે આજના ડાંગ પ્રદેશમા, ગામે ગામ આ જ સ્થિતિ છે. ઘણુ કરવુ છે, થઈ શકે એમ છે, પણ કરે કોણ ? અને સહયોગ ક્યાંથી મળે ?

કારમા બેઠેલા સેવાના ભેખધારી અને ડાયમંડ સિટી સુરતના શ્રી રામકૃષ્ણ નોલેજ ફાઉન્ડેશનના સ્થાપક, તથા જેમને 'ઈન્ડિયા જેમ એન્ડ જ્વેલરી એવોર્ડ' પ્રાપ્ત થયો છે તેવા ડાયમંડ ટાયકુન, હીરા ઉત્પાદન અને આયાત નિર્યાત કંપની શ્રી રામકૃષ્ણ એક્સપોર્ટ પ્રા.લી.ના સ્થાપક ચેરમેન ગોવિંદભાઇ ધોળકિયાએ, પાસે બેઠેલા ભગવાધારી સંત શ્રી પી.પી.સ્વામીજીને નમ્ર ભાવે, -ભુ શ્રી રામ અને તેમના પરિવારના રખોપા કરનારા બાળ બ્રહ્મચારી શ્રી હનુમાનજીની મુર્તિ, અને તેમની માન મર્યાદાના રખોપાની વિનંતી કરી. બન્ને પરોપકારી જીવો ખૂબ રાજી થયા, અને ત્યાં જ ચાલુ ગાડીએ, ડાંગના ૩૧૧ ગામોમા શ્રી હનુમાન મંદિરોના નિર્માણ યજ્ઞના વિચારબિજનુ વાવેતર થયુ.

**મંદિર નિર્માણ :**

સમયનુ ચક્ર તેજ ગતિએ ફરતુ ગયુ. સેવાના ભેખધારીઓના મનમા રોપાયેલા વિચાર બીજને અંકુર ફૂટયા. મંદિરોના નિર્માણનું ભગીરથ કાર્ય શરૂ થયુ. સમયે સમયે પ્રસ્વેદ, પરિશ્રમ અને સહયોગીઓના સહયોગના ખાતર પાણી મળતા રહ્યા. જોત જોતામા એક, બે નહી પણ ચોવીસ તબક્કે નવનિર્મિત હનુમાનજી મંદિરોના પ્રાણ પ્રતિસ્ઠાના કાર્યક્રમો યોજાઇ પણ ગયા, અને હવે યોજાવા જઇ રહ્યો છે 'ડાંગ પ્રયાગ, હનુમાન યાગ હનુમંત યજ્ઞનો પચ્ચીસમો પ્રાણ પ્રતિસ્ઠા મહોત્સવ.

હા, પચ્ચીસમો પ્રાણ પ્રતિસ્ઠા મહોત્સવ. આ અગાઉ યોજાઇ ગયેલા ચોવીસ પ્રાણ પ્રતિસ્ઠા મહોત્સવો દરમિયાન ડાંગ જિલ્લાના કુલ ૩૧૧ ગામો પૈકી, કુલ ૧૬૭ ગામોમા હનુમાન મંદિરોની પ્રાણ પ્રતિસ્ઠા થઈ ચૂકી છે. જ્યારે પચ્ચીસમા તબક્કે ૧૬૮ થી ૧૭૫ મંદિર (આઠ મંદિરો), આજે અહીથી હનુમાન ભક્તોને અર્પણ થઈ રહ્યા છે.

**ઉદ્દેશ :**

કાર્યક્રમના પ્રેરણામુર્તિ પ્રયોશા પ્રતિસ્ઠાનના સંસ્થાપક પી.પી. સ્વામીજી, અને સંકલ્પકર્તા ગોવિંદભાઇ ધોળકિયા સહિત આ યજ્ઞ કાર્યના ભેખધારીઓ દ્વારા, હનુમાનજી મંદિરના નિર્માણ સાથે, ગ્રામીણજનોમા રહેલા વ્યસન સહિતના દૂષણને નેસ્તનાબૂદ કરવા સાથે તેમનામા પ્રેમ, કરુણા, એકતા, અને ભાઈચારા સાથે સંપની ભાવના કેળવાઈ તેવો પણ એક આશય રહેલો છે. ભક્તિ-સેવા-અને નામસ્મરણ સાથે ગ્રામીણ યુવાનોને રચનાત્મક માર્ગે વાળવાના પ્રયાસો પણ હાથ ધરાયા છે.

**સામાજિક ચેતના :**

ડાંગના લગભગ ત્રણેક લાખ લોકોમા સામાજિક ચેતના જગાવવા સાથે પ્રભુ શ્રી રામના ચરણરજથી પાવન થયેલી દંડકારણ્યની પાવન ભૂમિ ઉપર આકાર લઈ રહેલા આ હનુમાનજીના મંદિરોમા, વર્ષ દરમિયાન પ્રાણ પ્રતિસ્ઠા મહોત્સવ સહિત કાળી ચૌદશ અને હનુમાન જયંતિ તથા રામનવમી જેવા કાર્યક્રમોનુ પણ સુપેરે આયોજન કરવામા આવી રહ્યુ છે. મંદિર નિર્માણ કાર્યના અંદાજિત દસેક લાખના ખર્ચ સામે રૂા.૨૧ હજારનો ફાળો ગ્રામજનોનો હોય તેવો પણ આગ્રહ રાખવામા આવે છે. ફાળો લેવા પાછળ ગ્રામીણજનોની આસ્થા અને તેઓ પણ આ યજ્ઞકાર્યમા સહયોગી થયા છે તેવી તેમની ભાવના બળવત્તર થાય તે છે. મંદિરના માધ્યમથી સ્થાનિક જરૂરિયાતોની આપૂર્તિનો પણ સંકલ્પ પૂર્ણ કરવામા આવી રહ્યો છે. ગામમાથી મળેલા રૂ.૨૧ હજારની ફાળાની રકમમા, ચાર હજાર રૂપિયા ઉમેરી, રૂ.૨૫ હજારની રકમ મંદિરના સંચાલકોને રીવોલ્વીંગ ફંડ તરીકે આપવામા આવે છે. જે રકમ જરૂરિયાતના સમયે ગ્રામજનોને સંકટ સમયની સાંકળ તરીકે ખપમા આવે છે.

**આત્મનિર્ભર સમાજ નિર્માણ :** ગ્રામ્ય સમાજને આત્મનિર્ભરતા તરફ દોરી જતા કાર્યો જેવા કે, ગામમા કોઈને ત્યાં નાનામોટા પ્રસંગો હોય ત્યારે વાસણ, મંડપ, ખુરશી, ડી.જે., જેવા સાધનો ટોકન ભાવે મંદિરના સંચાલકો પૂરા પાડે છે. તો કોઈક પરિવારને અડધી રાતે દવાખાના માટે કે, કોઈ યુવક/યુવતીઓને ઈન્ટરવ્યુ/પરીક્ષા આપવા જવા માટે નાણાંભીડ હોય, તો આ ભંડોળમાથી તેને આર્થિક મદદ મળી રહે છે. કોઈ ખેડૂતને ઈમરજન્સીમા ખાતરપાણી માટે જરૂર પડે તો તે પણ અહીથી મદદ લઈ શકે છે. આ આર્થિક મદદ પાછી ભરપાઈ કરવી જ તેવુ પણ જરૂરી નથી. મદદ મેળવનાર વ્યક્તિ સ્વેછાએ, જ્યારે એનો હાથ છૂટો થાય ત્યારે, તેની મદદ પરત વાળી શકે છે.સામાજિક ચેતના જગવતા આ યજ્ઞ કાર્યની સફળતા જોઈએ તો કેટલાક ગામોના ગ્રામજનોએ તો સ્વયં, જો તેમના ગામમા કોઈ દેશી દારૂ બનાવતા માલૂમ પડે, તો રૂ.૧૦ હજારનો દંડ જાહેર કર્યો છે. જેનાથી ગામમા આવી પ્રવૃતિ સદંતર બંધ થઈ ગઈ છે. તો યુવાનોને સાચી દિશા ચીંધી શકાય તે માટે, જિલ્લાની ગ્રામ પંચાયતો દીઠ મંદિરની સાથે એક એક કૉમ્યુનિટી હોલનો પ્રોજેકટ પણ વિચારાધીન છે. આ કૉમ્યુનિટી હોલના માધ્યમથી ગામના યુવાનો માટે વાંચનાલય, કોમ્પ્યુટર શિક્ષણ, સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટેના કોચિંગ ક્લાસ જેવી બહુઉપયોગી પ્રવૃત્તિઓ હાથ ધરવા તરફ આગળ વધી રહ્યા છે..

● ● ફિલ્મ જગત ● ● ફિલ્મ જગત ● ● ફિલ્મ જગત ● ● ફિલ્મ જગત ● ● ફિલ્મ જગત ● ● ફિલ્મ જગત ● ● ફિલ્મ જગત ● ● ફિલ્મ જગત ● ● ફિલ્મ જગત ● ● ફિલ્મ જગત ●

# અસરાની દુનિયામાં નથી પરંતુ અક્ષયની ભૂત બંગલામાં જોવા મળશે




**અસરાનીએ પાંચ દાયકાની કારકિર્દીમાં, અસરાનીએ અસંખ્ય ઉત્તમ ફિલ્મોમાં અભિનય કર્યો અને દર્શકોને હાસ્ય આપ્યું**

(સંપૂર્ણ સમાચાર સેવા)

અક્ષય કુમાર હાલમાં તેની આગામી ફિલ્મ 'ભૂત બંગલા ' માટે સમાચારમાં છે. પ્રિયદર્શન દ્વારા દિગ્દર્શિત આ હોરર-કોમેડી ફિલ્મ ૧૦ એપ્રિલે સિનેમાઘરોમાં રિલીઝ થવાની છે. વામિકા ગબ્બી, તબ્બુ, પરેશ રાવલ અને રાજપાલ યાદવ જેવા સ્ટાર્સ ફિલ્મનો ભાગ છે. તાજેતરમાં, નિર્માતાઓએ ફિલ્મનો એક ટીઝર વીડિયો રિલીઝ કર્યો હતો, જેમાં એક એવા અભિનેતાની ઝલક પણ દર્શાવવામાં આવી હતી જે હવે જીવિત નથી પરંતુ ફિલ્મમાં જોવા મળશે.તે અભિનેતા બીજું કોઈ નહીં પણ પીઢ અભિનેતા અસરાની છે. પાંચ દાયકાની કારકિર્દીમાં, અસરાનીએ અસંખ્ય ઉત્તમ ફિલ્મોમાં અભિનય કર્યો અને દર્શકોને હાસ્ય આપ્યું. જો કે, તેમના નિધનના સમાચાર મળતાં તેમના ઘણા ચાહકો આઘાતમાં મુકાયા હતા. તેમણે ૨૦ ઓક્ટોબર, ૨૦૨૫ ના રોજ આ દુનિયા છોડી દીધી હતી. તેમના મૃત્યુ પહેલાં, તેમણે અક્ષય કુમાર સાથે ''ભૂત બાંગ્લા'' ફિલ્મમાં કામ કર્યું હતું. જોકે, તેઓ આ ફિલ્મ જોઈ શક્યા ન હતા. ભૂત બંગલા '' ફિલ્મનું તાજેતરનું ટીઝર તેમના અવાજથી શરૂ થાય છે. તે કોઈને કહે છે, ''માસ્તર, મંગલપુરમાં કોઈ લગ્ન કરતું નથી. કન્યા અને વરરાજા આવશે.આ વોઇસઓવરની સાથે, આપણે અક્ષય કુમાર સાથે તેમનો સીન પણ જોઈ શકીએ છીએ. જ્યારે પણ અસરાની સ્ક્રીન પર દેખાયા, ત્યારે તેમણે તેમના ઉત્તમ અભિનયથી લોકોના દિલ જીતી લીધા. ફરી એકવાર, તેઓ ''ભૂત બંગલા '' ફિલ્મમાં અક્ષય કુમાર સાથે લોકોનું મનોરંજન કરતા જોવા મળશે. અગાઉ, તેમણે અક્ષય સાથે ''ભૂલ ભુલૈયા'' અને ''ખટ્ટા મીઠા'' ફિલ્મમાં પણ કામ કર્યું હતું.ભૂત બંગલા '' ઉપરાંત, અસરાનીની બીજી ફિલ્મ હજુ રિલીઝ થવાની બાકી છે. રસપ્રદ વાત એ છે કે તે અક્ષય કુમાર સાથે તે ફિલ્મમાં જોવા મળશે: ''હૈવાન''. આ ફિલ્મની રિલીઝ તારીખ હજુ જાહેર કરવામાં

# અભિનેત્રી ડોનલ બિષ્ટે રામાયણની ઓફર ફગાવી

(સંપૂર્ણ સમાચાર સેવા)

દિગ્દર્શક નિતેશ તિવારીની ફિલ્મ રામાયણ આ વર્ષની સૌથી વધુ ચર્ચિત બોલિવૂડ ફિલ્મોમાંની એક છે. રામાયણ પહેલાથી જ તેના કલાકારો માટે ચર્ચા પેદા કરી રહી છે, અને અભિનેત્રી ડોનલ બિષ્ટે તેમાં વધારો કર્યો છે અને જણાવ્યું હતું કે તેમને આ પૌરાણિક ફિલ્મમાં શૂર્પણખાનો રોલ ઓફર કરવામાં આવ્યો હતો, પરંતુ તેમણે તે નકારી કાઢ્યો.લાલ ઈશ્ક અને એક દીવાના થા જેવી અનેક સિરિયલોમાં કામ કરી ચૂકેલા ડોનલ બિષ્ટે રામાયણ માટે રોલ ઓફર અને ઓડિશન અંગે ખુલ્લેઆમ ચર્ચા કરી. ડોનલે કહ્યું:હું મારી જાતને ખૂબ જ ભાગ્યશાળી માનું છું. મને હિન્દી



સિનેમાની સૌથી મોટી ફિલ્મોમાંની એક માટે ફોન આવ્યો. રામાયણના કાસ્ટિંગ ડિરેક્ટર મુકેશ છાબડાએ મને ઓડિશન માટે બોલાવ્યો. પરંતુ મેં મારા જીવનમાં ક્યારેય કલ્પના કરી ન હતી કે કોઈ મને શૂર્પણખા માટે ઓડિશન માટે બોલાવશે. હું શૂર્પણખા જેવી કેવી દેખાઉં છું? વધુમાં, હું મારી જાતને ભાગ્યશાળી માનું છું કે મોટા પ્રોડક્શન હાઉસના લોકો મારા કામને જોઈ રહ્યા છે અને જોઈ રહ્યા છે કે હું આવી ભૂમિકા માટે સંભવિત ઉમેદવાર બની શકું છું.ડોનલે એ પણ ખુલાસો કર્યો કે નિર્માતાઓ રામાયણમાં શૂર્પણખાની ભૂમિકા માટે ખૂબ ઓછા લોકોનું ઓડિશન લઈ રહ્યા હતા, અને તે તેમાંથી એક હતી.નિર્માતા નમિત મલ્હોત્રાની રામાયણનું બજેટ લગભગ ૪૦૦૦ કરોડ રૂપિયા હોવાનું કહેવાય છે. આનું કારણ ફિલ્મના મોટા કલાકારો હોવાનું માનવામાં આવે છે. રામાયણના કલાકારો અને પાત્રોને જોતાં, વિગતો નીચે મુજબ છે:

# 'વેલકમ ૪' કન્ફર્મ : ફરી એકવાર મજનુ, શેટ્ટી અને ધુંધરૂની જમાવટ

## દુબઈમાં ફિલ્મના એક ગીતના શૂટિંગ માટે લગભગ ૪૦૦ કરોડ રૂપિયાની કિંમતી અનેક હાઈ-એન્ડ કાર્સનો ઉપયોગ કરવામાં આવ્યો હતો

(સંપૂર્ણ સમાચાર સેવા)

બોલિવૂડની લોકપ્રિય કોમેડી ફ્રેન્ચાઈઝી વેલકમ ફરી એકવાર ચર્ચામાં છે.

લાંબા સમયથી આ લોકપ્રિય કોમેડી ફ્રેન્ચાઈઝીની ત્રીજી ફિલ્મ સતત પાછી ઠેલાઈ રહી છે, તે અંગે ચર્ચા છે. ત્યારે હવે આ ફિલ્મોના પ્રોડ્યુસર ફિરોઝ નડિયાદવાલાએ કહ્યું છે કે 'વેલકમ ૪' પણ હાલમાં સ્ક્રિપ્ટિંગ સ્ટેજમાં છે. સાથે જ તેમણે 'વેલકમ ટુ ધ જંગલના વિલંબ' વિશે ચાલી રહેલી અફવાઓ અંગે પણ સ્પષ્ટતા કરી હતી. 'વેલકમ' શ્રેણીની પ્રથમ ફિલ્મ ૨૦૦૭માં રિલીઝ થઈ હતી અને તે સમય જતાં એક કલ્ટ કોમેડી ફિલ્મ બની ગઈ. ત્યારબાદ તેની સિક્વલ વેલકમ બેક ૨૦૧૫માં આવી હતી, જેને પણ બોક્સ ઓફિસ પર સારો પ્રતિસાદ મળ્યો હતો. હવે દર્શકો ત્રીજા ભાગ 'વેલકમ ટુ ધ જંગલ'ની રાહ જોઈ રહ્યા છે, જે ૨૬



જૂન ૨૦૨૬ના રોજ રિલીઝ થવાની છે.પરંતુ ત્રીજી ફિલ્મ રિલીઝ થાય તે પહેલાં જ પ્રોડ્યુસર ફિરોઝ નડિયાદવાલાએ ચોથી ફિલ્મની જાહેરાત કરી દીધી છે. એક ઈન્ટરવ્યુમાં તેમણે જણાવ્યું કે 'વેલકમ ૪'નું સ્ક્રિપ્ટિંગ હાલમાં આગળ વધી રહ્યું છે.ફિલ્મની સ્ટારકાસ્ટ વિશે વાત કરતા નડિયાદવાલાએ જણાવ્યું કે દર્શકોને ફરી એકવાર નાના પાટેકર, અનિલ કપૂર અને પરેશ રાવલ એમના લોકપ્રિય અવતારમાં જોવા મળશે.તેમણે વધુમાં જણાવ્યું કે ફિલ્મમાં એક નહીં પરંતુ એકથી વધુ વિલન જોવા મળશે,

જેનો પ્રભાવ ''રિક્ટર સ્કેલ પર ૧૦ જેટલો જોરદાર'' હશે. હાલમાં ફિલ્મ માટે તમામ કલાકારોને ફાઈનલ કરવાની પ્રક્રિયા ચાલી રહી છે અને સ્ક્રિપ્ટ પર કામ ચાલુ છે.નડિયાદવાલાએ એમ પણ કહ્યું કે ફિલ્મના સંગીત અને એક્શન સિક્વન્સને પણ મોટા પાયે તૈયાર કરવાની યોજના છે. જેમાં મધ્યપૂર્વ, આફ્રિકા, અમેરિકા અને ચીન જેવા દેશોના કલાકારો સાથે મળીને કામ થશે.જ્યારે 'વેલકમ ટુ ધ જંગલ'ના વિલંબ વિશેની અફવાઓ ખોટી ગણાવતા જણાવ્યું, ''હવે સંપૂર્ણ રીતે તૈયાર છે અને તેની સફળતા માટે ટીમને શ્રેય આપ્યો.

ફિલ્મના ભવ્ય સ્કેલ અંગે વાત કરતાં નડિયાદવાલાએ જણાવ્યું કે 'વેલકમ ટુ ધ જંગલ'ના શૂટિંગમાં અનેક આર્મી હેલિકોપ્ટર્સ અને સેંકડો ઘોડાનો ઉપયોગ થયો હતો.તેમણે વધુમાં ખુલાસો કર્યો કે દુબઈમાં ફિલ્મના એક ગીતના શૂટિંગ માટે લગભગ ૪૦૦ કરોડ રૂપિયાની કિંમતી અનેક હાઈ-એન્ડ કાર્સનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. ફિલ્મ ૨૬ જૂન ૨૦૨૬ના રોજ રિલીઝ થશે.

# મીનાક્ષી ચૌધરીએ ભાગમભાગ ટુથી હિન્દીમાં ડેબ્યૂ કન્ફર્મ કર્યું




(સંપૂર્ણ સમાચાર સેવા)

સાઉથની લોકપ્રિય હિરોઈન મીનાક્ષી ચૌધરી 'ભાગમભાગ ટુ'થી હિન્દી સિનેમામાં ડેબ્યૂ કરી રહી હોવાની લાંબા સમયથી ચર્ચા હતી. હવે તેણે પોતે આ વાત કન્ફર્મ કરી છે. મીનાક્ષી ચૌધરી 'લકી ભાસ્કર' સહિતની ફિલ્મોથી હિન્દી દર્શકોમાં પહેલેથી જાણીતી છે. મીનાક્ષીએ એક સંવાદમાં કહ્યું હતું કે પોતે હિન્દીમાં ડેબ્યૂ કરવા માટે યોગ્ય પ્રોજેક્ટની રાહ જોઈ રહી હતી. આ ફિલ્મની સ્ક્રિપ્ટ તેને પસંદ પડી છે. અક્ષય કુમાર જેવા સિનિયર કલાકાર પાસેથી ઘણું શીખવા મળશે તેવી પણ તેને અપેક્ષા છે.

ઉલ્લેખનીય છે કે આ ફિલ્મ કાનૂની વિવાદમાંસપડાઈછે. ફિલ્મની પ્રોડ્યૂસર એકતા કપૂર અને ડાયરેક્ટર રાજ શાંડિલ્ય વચ્ચે કાનૂની વિવાદ થતાં રાજ શાંડિલ્યએ આ ફિલ્મ છોડી દીધી છે. તેના કારણે આ ફિલ્મનું શૂટિંગ પાછળ ધકેલાઈ ગયું છે અને હવે તે આગામી ઓગસ્ટ પહેલાં શરુ થવાની સંભાવનાં નહીંવત્ત હોવાનું મનાય છે.

## પ્રકાશ ઝાએ રાજનીતિ ટુ બનાવવા માટે તૈયારીઓ શરુ કરી




(સંપૂર્ણ સમાચાર સેવા)

કંઈક અંશે મહાભારતનું કથાનક તો અમુક રીતે ક્લાસિક હોલિવુડ ફિલ્મ 'ગોડફાધર' પરથી પ્રેરિત ફિલ્મ 'રાજનીતિ'નો બીજો ભાગ બની રહ્યો છે. દિગ્દર્શક પ્રકાશ ઝાએ પોતે કન્ફર્મ કર્યુ છે કે પોતે ફિલ્મની તૈયારી ચાલુ કરી દીધી છે. હાલ ફિલ્મ પ્રિ પ્રોડક્શન સ્ટેજમાં છે. જોકે, મૂળ ફિલ્મના કલાકારો રણબીર કપૂર, કેટરિના કૈફ, અજય દેવગણ તથા નાના પાટેકર આ ફિલ્મમાં પણ રીપિટ થશે કે કેમ તે હજુ જાહેર કરાયું નથી. ૧૬ વર્ષ પહેલાં આવેલી મૂળ ફિલ્મનો 'કરારા જવાબ મિલેગા ' ડાયલોગ આઈકોનિક બની ચૂક્યો છે અને અત્યારે પણ જુદા જુદા સંદર્ભમાં તેનો ઉપયોગ થતો હોય છે.

પ્રેસનોટ, જાહેરખબર, અવસાન નોંધ વગેરે આપવા માટે સંપર્ક કરોઃ જરફિરોઝ, બેચરરોડ, કેરીમાર્કેટની સામે, વલસાડ ફોન-ફેક્સઃ (૦૨૬૩૨) ૨૪૪૩૧૦

# વલસાડમાં કેરીના પાક પર કુદરતી આફતની માઠી અસર

## વલસાડ હાઈવે પર રત્નાગીરી હાફૂસનું આગમન



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૬ :** વલસાડ જિલ્લો વિશ્વવિખ્યાત આફૂસ કેરીથી જાણીતો બન્યો હોય ત્યારે બદલાતા હવામાનના કારણે આંબાવાડીમાં આ વર્ષે પાક ઓછો નીકળશે જેથી ખેડૂતો ચિંતામાં મુકાયા છે. હજુ આફૂસ કેરીને માર્કેટમાં ઉતરતા વાર લાગે ત્યારે વલસાડના હાઈવે પર રત્નાગીરી હાફૂસ કેરીનું આગમન થયું છે.

વિશ્વવિખ્યાત હાફૂસ કેરીના ગઢ ગણાતા વલસાડ જિલ્લામાં આ વર્ષે કેરીના રસિયાઓ અને ખેડૂતો બંને માટે ચિંતામાં મુકાયા છે. બદલાતા હવામાન અને કુદરતી પરિબળોને કારણે જિલ્લાના મુખ્ય પાક એવી કેરીને વ્યાપક નુકસાન થયું છે. જેના કારણે સ્થાનિક બજારમાં ભાવ અને આવક બંને પર અસર જોવા મળી રહી છે.

વલસાડની હાફૂસ તેની મીઠાશ અને સુગંધ માટે વિશ્વભરમાં જાણીતી છે. જોકે, આ વર્ષે મોસમી વરસાદ, કમોસમી ઝાપટાં અને અસહ્ય ગરમીના મિશ્ર વાતાવરણને કારણે આંબાના મોર ખરી પડ્યા છે. વાતાવરણમાં આવેલા અચાનક પલટાથી કેરીનો પાક ઓછો ઉતરવાની શક્યતા છે. ખેતી ખર્ચ સામે વળતર ઓછું મળતા ખેડૂતો આર્થિક સંકટમાં મુકાયા છે. સ્થાનિક હાફૂસની આવક મોડી થવાની ભીતિ સેવાઈ રહી છે. વલસાડની સ્થાનિક કેરીની અછત વચ્ચે મહારાષ્ટ્રની પ્રખ્યાત રત્નાગીરી હાફૂસ એ બજારમાં વહેલી એન્ટ્રી કરી લીધી છે. વલસાડના નેશનલ હાઈવે પર ઠેર-ઠેર રત્નાગીરી હાફૂસના સ્ટોલ જોવા મળી રહ્યા છે. હાલમાં હાઈવે પર આ રત્નાગીરી હાફૂસ કેરી ૩૫૦ પ્રતિ કિલોના ભાવે વેચાઈ રહી છે. શરૂઆતની સીઝન હોવાથી ભાવ ઊંચા છે. છતાં કેરીના શોખીનો સીઝનનો પ્રથમ સ્વાદ માણવા માટે આ મોંઘી કેરી ખરીદતા જોવા મળી રહ્યા છે. આવનારા દિવસોમાં જો વાતાવરણ સ્થિર થશે તો જ સ્થાનિક કેરી બજારમાં પૂરતા પ્રમાણમાં જોવા મળશે, અન્યથા આ વર્ષે કેરીના ભાવ સામાન્ય જનતા માટે ખાટા સાબિત થઈ શકે છે.

# મોગરાવાડી-અબ્રામા રસ્તોને મંજુરીના ૬ મહિના થયા, પણ કામગીરી શરુ ન થઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૬ :** વલસાડ નગરપાલિકા દ્વારા ૧૦ કરોડની રકમ અબ્રામા મોગરાવાડી રસ્તા માટે મંજૂર કરવા તેમ છતાં કોન્ટ્રાક્ટર દ્વારા બાર મહિનામાં કામ પૂરું કરવાના બદલે ૬ મહિનાનો સમય વીતી જવા છતાં હજુ સુધી નક્કર કામગીરી શરૂ થઈ નથી. કોન્ટ્રાક્ટર દ્વારા હાઈવે નજીકના થોડા ભાગમાં માત્ર માટી પુરાણ કરી કામ અધવચ્ચે જ અટકાવી દેવામાં આવ્યું છે. અબ્રામા મોગરાવાડીનો રસ્તા ચોમાસા અગાઉ ડામરનો બનશે કે પછી લોકોએ ફરિવાર કાદવના નરકાગારમાંથી પસાર થવું પડશે. કાદવના ગામમાંથી પસાર થવું પડશે. વલસાડ નગરપાલિકા દ્વારા શહેરના વિકાસ માટે કરોડો રૂપિયાના ખર્ચે નવા રસ્તા મંજૂર કરવામાં આવે છે, પરંતુ કોન્ટ્રાક્ટરોની આળસ અને તંત્રના નબળા સુપરવિઝનને કારણે પ્રજાએ હાલાકી ભોગવવાનો વારો આવ્યો છે. હોટલ ગિરીરાજથી અબ્રામા-મોગરાવાડી વિસ્તારને જોડતા રૂપિયા ૧૦ કરોડના મહત્વાકાંક્ષી રોડ પ્રોજેક્ટમાં અત્યારે આવી જ સ્થિતિ જોવા મળી રહી છે.

નગરપાલિકા દ્વારા આ રસ્તા માટે ૧૨ મહિનાનો કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો હતો. જોકે, નવાઈની વાત એ છે કે નિર્ધારિત સમય મર્યાદામાંથી ૬ મહિનાનો સમય વીતી જવા છતાં હજુ સુધી નક્કર કામગીરી શરૂ થઈ નથી. કોન્ટ્રાક્ટર દ્વારા હાઈવે નજીકના થોડા ભાગમાં માત્ર માટી પુરાણ કરી કામ અધવચ્ચે જ અટકાવી દેવામાં આવ્યું છે.

સ્થાનિક રહીશોમાં ભારે ફાળ પડી રહી છે કે જો આગામી ચોમાસું વહેલું બેસી જશે, તો આ અધૂરું માટી કામ આશીર્વાદને બદલે શ્રાપ સાબિત થશે. ડામરના રોડની આશા રાખતા હજારો રહીશોએ કાદવ-કીચડમાંથી પસાર થવાની ફરજ પડશે. રૂા.૧૦ કરોડ જેવી મોટી રકમ મંજૂર થયા બાદ પણ કામ કેમ ગોકળગાયની ગતિએ ચાલે છે. અડધો સમય વીતી ગયો હોવા છતાં નગરપાલિકાના સત્તાધીશો કોન્ટ્રાક્ટર પાસે કામ કેમ નથી કરાવતા શું ચોમાસા પહેલા ડામર રોડ તૈયાર થશે કે પછી રહીશોએ કાદવમાં ખદબદવું પડશે.અબ્રામા અને મોગરાવાડી વિસ્તારના લોકો હવે માંગ કરી રહ્યા છે કે નગરપાલિકા આ બાબતે કડક વલણ અપનાવે અને યુદ્ધના ધોરણે રસ્તાનું કામ પૂર્ણ કરવામાં આવે જેથી ચોમાસામાં જનજીવન પ્રભાવિત થાય તો નવાઈની વાત નથી.નગરપાલિકા ચીફ ઓફિસર કે કલેક્ટર લોકોને સમસ્યા હલ કરશે કે પછી લોકોએ નરકગાર માંથી પસાર થવું પડશે.

# વલસાડની કોમર્સ કોલેજમાં ઈનામ વિતરણ અને સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૬ :** વલસાડની શાહ નરોત્તમદાસ હરજીવનદાસ કોમર્સ કોલેજ ના સંસ્કાર કેન્દ્રમાં વર્ષ ૨૦૨૪-૨૫ અને ૨૦૨૫-૨૬નો ૫૨મો અને ૫૩મો વાર્ષિક ઈનામ વિતરણ અને સાંસ્કૃતિક કાર્યક્રમ સવારે ૧૦:૩૦થી ૫:૧૫ કલાક દરમિયાન યોજવામાં આવ્યો હતો. જેમાં મુખ્ય મહેમાન પદે ડૉ. જે. એમ. નાયક (પૂર્વ આચાર્ય, શાહ એન. એચ. કોમર્સ કોલેજ, વલસાડ) તથા કિર્તીભાઈ દેસાઈ (સેક્રેટરી, શ્રી નુતન કેળવણી મંડળ, વલસાડ) વિવિધ કોલેજો તથા સંસ્થાઓમાંથી આચાર્ય તથા અધ્યાપકમિત્રો અને મોટી સંખ્યામાં વિદ્યાર્થી ભાઈઓ તથા બહેનોએ ઉત્સાહભેર હાજર રહીને કાર્યક્રમને માણ્યો હતો.

આ કાર્યક્રમમાં વિદ્યાર્થીનીઓ દ્વારા સ્વાગત નૃત્યની રજૂઆત બાદ દીપ પ્રાગટ્ય તેમજ પ્રાર્થનાની રજૂઆત બાદ ઈન્ચાર્જ આચાર્ય વિજયકુમાર આર. ચાંપાનેરીએ કોલેજમાં ૨૦૨૪-૨૫નો તથા ૨૦૨૫-૨૬નો શૈક્ષણિક તથા સહ અભ્યાસિક પ્રવૃત્તિનો વિસ્તૃત અહેવાલ રજૂ કર્યો હતો. આ કાર્યક્રમમાં કોલેજના પૂર્વ આચાર્ય ડૉ.જે. એમ.નાયકે તેમના સમયગાળા દરમિયાનના સંસ્મરણો વાગોળ્યા હતા આ કાર્યક્રમમાં કોલેજના વિદ્યાર્થીઓએ મેળવેલી સિદ્ધિઓને બિરદાવતા વિવિધ શિલ્ડ, પ્રમાણપત્રો તથા રોકડ ઈનામો મહેમાનોના વરદહસ્તે એનાયત કરવામાં આવ્યા હતાં. આ ઉપરાંત કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા કોલેજના સાંસ્કૃતિક સમિતિના સહ અધ્યક્ષા ડૉ.મિનાક્ષી જરીવાલાનાં સંકલન હેઠળ તૈયાર થયેલ સાંસ્કૃતિક કાર્યક્રમ અંતર્ગત ગણેશ વંદના, શુભારંભ ડાન્સ, કૃષ્ણ લીલા, ગરબા ડાન્સ, મરાઠી ડાન્સ, રાજસ્થાની ઘુમ્મર, સેમી ક્લાસીકલ, પહાડી ડાન્સ, બંગાળી ડાન્સ, લેઝી ડાન્સ, કૃષ્ણા ડાન્સ, ગરબો, પંજાબી ડાન્સ, રાધા કૃષ્ણ નૃત્ય, મહાભારત, વિદાયગીત જેવી કૃતિઓ સફળતાપૂર્વક રજૂ કરવામાં આવી હતી. આ સમગ્ર સાંસ્કૃતિક કાર્યક્રમમાં રજૂ થયેલ કૃતિઓના ઈન્ચાર્જ તરીકે કોલેજની અધ્યાપિકા મિત્રોએ જવાબદારી ઉઠાવી હતી. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રા.દિવ્યા ઢીમ્મર, પ્રા.કિંજલ પટેલ તથા પ્રા.પ્રિયા ગાંધી દ્વારા કરવામાં આવ્યું હતું. આ સમગ્ર કાર્યક્રમની આભાર વિધિ સાંસ્કૃતિક સમિટીના અધ્યક્ષ ડૉ. દક્ષાબેન ઠાકોરે કરી હતી. આ વાર્ષિક ઉત્સવ અને ઈનામ વિતરણ તથા સાંસ્કૃતિક કાર્યક્રમનું માર્ગદર્શન કોલેજના ઈન્ચાર્જ આચાર્ય પ્રો.વિજયકુમાર આર. ચાંપાનેરી દ્વારા પૂરું પાડવામાં આવ્યું હતું.

# પારનેરા પારડીમાં કિસાન સન્માન નિધિનો કાર્યક્રમ યોજાયો




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૬ :** પારનેરા પાર્ટીના ચંદ્રમોલેશ્વર મહાદેવ મંદિર પરિસરમાં ખેડૂતો સાથે પીએમ કિસાન સન્માન નિધિ યોજનાનો કાર્યક્રમ યોજાયો.

પ્રધાનમંત્રી કિસાન ઉત્સવ દિવસ નિમિતે વલસાડ તાલુકાના પારનેરા પારડી ગામે વાકી નદી હાઈવે પર આવેલી ચંદ્રમોલેશ્વર મહાદેવ મંદિર ખેતીવાડી વિભાગ દ્વારા આયોજિત પી.એમ. કિસાન સન્માન નિધિ યોજના અંતર્ગત પ્રધાનમંત્રી મોદીના હસ્તે વર્ચ્યુઅલ માધ્યમથી ખેડૂતોના ખાતામાં ૨૨માં હપ્તાનું વિતરણ કરાયું હતું. જે પ્રસંગે વલસાડ તાલુકા પંચાયત પ્રમુખ મીનાબેન ઠાકોર, કિસાન મોરચા પ્રમુખ રૂપેશભાઈ પટેલ, જિલ્લા પંચાયત સભ્યઓ નવીનભાઈ પટેલ, ધવલભાઈ પટેલ તેમજ અધિકારીઓ અને સરપંચઓ અને મોટી સંખ્યામાં લાભાર્થી ખેડૂતો હાજર રહ્યાં હતાં.

# વલસાડની શાળાઓને હીટવેવ માટે એડવાઈઝરી જાહેર કરાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૬ :** હવામાન ખાતા દ્વારા જણાવેલ કે ત્રણ ચાર દિવસ હીટવેવ રહવાની શક્યતા હોવાના કારણે ડી.અએ.ઓ. જણાવ્યું હતું કે અમે બધી જ શાળામાં જણાવી દિધુ છે. કે ૩ થી ૪ દિવસ હીટ વેવ હોવાની શક્યતા છે. તો વિદ્યાર્થીઓ જો નિશાળમાં વહેલા આવે તો તેમને હીટનવેવથી બચવા માટે અંદર લઈ લેવું. તેમ જ ઠંડા પાણીની વ્યવસ્થા રાખવી એવી સૂચના દરેક શાળાઓને આપી છે. તેમજ દરેક રૂમમાં પંખા હોવા જોઈએ. ગરમીમાં બહાર ફરજિયાત જવું પડે તો, સાથે પાણીની વ્યવસ્થા રાખવી. દરેક શાળામાં અમે જાણ કરી દીધી છે કે ઓ.આર.એસ.ની વ્યવસ્થા કરી હાજર સ્ટોકમાં રાખવી.

સેન્ટ જોસેફ ઈંગ્લીશ ટીચિંગ હાયસ્કૂલમાં ભણતા વિદ્યાર્થીઓ જણાવ્યું હતું કે ૧૯૭૫ની બેચના એક્સ સ્ટુડન્ટ એક કુલર દાન કર્યું છે. માટે ઠંડુ પાણી કાયમ માટે મળી રહે છે, તેમજ પ્રિન્સિપલએ જણાવ્યું હતું કે ૧૨ ધો. પરીક્ષા પતી અને ૧૦ ધોરણની પરીક્ષા ચાલુ છે, ત્યારે હીટવેલ ચાલી રહ્યું છે, તો કાળજી રાખવા શાળાના બાળકોને સ્કૂલમાં પ્રવેશ આપીએ.

# ખારવેલ ગામે મહિલા દિવસની ઉજવણી કરાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૬ :** વલસાડ તાલુકાના ખારવેલ ગામે મહીલા દિવસ નિમિતે મહિલા દિનની ઉજવણી કરવામાં આવી હતી.

આ પ્રસંગે જિલ્લા પંચાયત માજી સભ્ય જયશ્રીબેન પટેલના અધ્યક્ષ સ્થાને ખારવેલ ગામના સરપંચ રાજેશભાઈ પટેલ તાલુકા પંચાયતના સભ્ય રેખાબેન ડેપ્યુટી સરપંચ ટીનાબેન ઉષાબેન તેમજ મનરેગા દીપાબેન અને મોટી સંખ્યામાં બહેનો હાજર રહ્યા અને મહિલા દિવસ નિમિતે સાડીઓનું વિતરણ કરવામાં આવ્યું હતું.

# વલસાડમાં હવે પ્રાકૃતિક ખેતીના શાકભાજી માટે ખાસ માર્કેટ શરૂ

## ખેડૂતોને યોગ્ય ભાવ અને લોકોને ઝેરમુક્ત પ્રાકૃતિક ખેતીની ખેત પેદાશ સરળતાથી મળી રહી છે : સપ્તાહમાં બે દિવસ સોમ અને ગુરૂવારે ગામડેથી ખેડૂતો પોતાની પ્રાકૃતિક ખેત પેદાશ વેચવા માટે આવે છે



(દમણગંગા ટાઈમ્સ)

**વલસાડ, તા. ૧૬ :** સ્વાસ્થ્ય માટે હિતકારી ગણાતી પ્રાકૃતિક ખેતીની ખેતપેદાશ વલસાડ શહેરની જનતાને પણ મળી રહે તે માટે ગુજરાત સરકારના આત્મા (Agricultural Technology Management Agency) પ્રોજેક્ટ દ્વારા પારડી તાલુકા બાદ હવે વલસાડ તાલુકામાં પણ તિથલ રોડ ઉપર જિલ્લા વિકાસ અધિકારીના બંગલાની સામે પ્રાકૃતિક ખેત પેદાશનું વેચાણ માર્કેટ શરૂ કર્યુ છે. જ્યાં સપ્તાહમાં બે દિવસ વલસાડ તાલુકાના વિવિધ ગામોમાં પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતો પોતાની ખેત પેદાશ વેચવા માટે આવી રહ્યા છે. આ સુવિધાથી લોકોને તાજી અને રાસાયણિક ખાતર કે જંતુનાશક દવાના છંટકાવ વિનાની શુધ્ધ અને પૌષ્ટીક શાકભાજી મળી રહી છે સાથે ખેડૂતોને પણ આર્થિક રીતે ફાયદો થઈ રહ્યો છે.

વલસાડ શહેરની જનતાને પણ પ્રાકૃતિક ખેતીની ખેતપેદાશ સરળતાથી મળી રહે તે માટે ગુજરાત સરકાર દ્વારા મહત્વપૂર્ણ પહેલ કરવામાં આવી છે. આ માર્કેટમાં સપ્તાહમાં બે દિવસ સોમવાર અને ગુરૂવારે વલસાડ તાલુકાના વિવિધ ગામોમાં પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતો પોતાની ખેતપેદાશ વેચવા માટે આવે છે. અહીં ગ્રાહકોને તાજી, રાસાયણિક ખાતર અને જંતુનાશક દવાઓના છંટકાવ વિના તૈયાર થયેલી શુદ્ધ અને પૌષ્ટિક શાકભાજી મળી રહી છે. આ સુવિધાથી શહેરના લોકોને આરોગ્યપ્રદ ખોરાક મળી રહ્યો છે, જ્યારે ખેડૂતોને પોતાની ઉપજનું સીધું વેચાણ કરવાની તક મળતા તેઓને આર્થિક રીતે પણ લાભ થઈ રહ્યો છે. સરકારની આ પહેલને લોકો તરફથી પણ સારો પ્રતિસાદ મળી રહ્યો છે.

વલસાડના તીથલ રોડ પર કસનજી પાર્કમાં રહેતા દેવેનભાઈ વશીએ જણાવ્યું કે, પ્રજાનું સ્વાસ્થ્ય નિરોગી રહે તે માટે સરકાર ખૂબ જાગૃત છે. જેથી રાસાયણિક ખાતર અને જંતુનાશક દવાથી મુક્ત પ્રાકૃતિક ખેતી ઉપર વિશેષ ભાર મુકી એક મિશનના રૂપમાં પ્રાકૃતિક ખેતીને જનઆંદોલન બનાવી દીધુ છે. રાજ્ય સરકારના આત્મા પ્રોજેક્ટ દ્વારા તિથલ રોડ પર શરૂ કરાયેલા પ્રાકૃતિક ખેત પેદાશના વેચાણ કેન્દ્ર પર માત્ર શાકભાજી જ નહી પરંતુ ફળ, કઠોળ અને અનાજ પણ મળી રહ્યુ છે. જેને મારી જેમ અનેક ગ્રાહકો હોંશેહોંશે ખરીદી સ્વસ્થ જીવન જીવી રહ્યા છે. આ જ રીતે રાજ્ય સરકાર ગામે ગામ અને તાલુકા મથકે પણ માત્ર પ્રાકૃતિક ખેત પેદાશના વેચાણ માટે હાટ બજાર ખોલે તો વધુ લોકોને લાભ મળી રહેશે સાથે ગામના ખેડૂતોને આર્થિક રીતે ખૂબ જ ફાયદો થશે અને લોકોને ઝેરમુક્ત પ્રાકૃતિક ખેત પેદાશ મળી રહેશે.

વલસાડના બીનવાડા ગામના ખેડૂત નિતેશ છીબુભાઈ પટેલે જણાવ્યું કે, હું પ્રાકૃતિક ખેતી કરૂ છું. સોમ અને ગુરૂવારે પ્રાકૃતિક ખેત પેદાશનું વેચાણ કરવા માટે અહીં આવું છું. સપ્તાહના ૩ દિવસમાં સારો એવો રિસ્પોન્સ મળી રહે છે. સવારે ૮ થી ૧૦:૩૦ સુધીમાં જ અમે જે પણ શાકભાજી કે ફળફ્રૂટ લાવ્યા હોય છે. તેનું ફટાફટ વેચાણ થઈ જાય છે. પહેલા એવુ થતું કે, અમારી ખેત પેદાશ માર્કેટમાં વેચવા જતા તો વેપારીઓ પાસેથી પૂરતો ભાવ મળતો ન હતો પરંતુ હવે સીધુ ગ્રાહક સાથે અમારૂ જોડાણ થતા અમને યોગ્ય ભાવ મળે છે સાથે ગ્રાહકને ૧૦૦ ટકા ગેરંટી સાથે પ્રાકૃતિક ખેત પેદાશની વસ્તુ મળી રહે છે. અહીં અઢી કલાકમાં જ રૂ. ૮૦૦ થી ૧૪૦૦ સુધીની આવક મળે છે. ગુજરાત સરકારના આત્મા પ્રોજેક્ટ દ્વારા આ સવલત ઉભી કરી આપવામાં આવી છે જે બદલ અમે સરકારશ્રીનો આભાર વ્યક્ત કરીએ છે. આમ, રાજ્ય સરકારની આ પહેલથી શહેરના લોકોને સ્વસ્થ જીવન માટે પૌષ્ટીક શાકભાજી મળી રહી છે અને ખેડૂતોને સીધા ગ્રાહકો સાથે વેચાણ કરવાની તક મળતા તેમને યોગ્ય ભાવ સાથે આર્થિક લાભ પણ મળી રહ્યો છે.

# વલસાડની સરકારી પોલિટેકનિકમાં એક અઠવાડિયાની અધ્યાપક તાલીમ યોજાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૬ :** વલસાડની સરકારી પોલિટેકનિક સાયન્સ એન્ડ હ્યુમેનિટીઝ વિભાગ તથા ઈલેક્ટ્રિકલ એન્જિનિયરિંગ વિભાગ દ્વારા "Reimagining Engineering Education through Artificial Intelligence (AI) વિષય એક અઠવાડિયાનો Short Term Training Program (STTP) તા. ૯ માર્ચ થી ૧૩ માર્ચ, ૨૦૨૬ દરમિયાન સફળતાપૂર્વક યોજાયો હતો.

આ તાલીમ કાર્યક્રમને GUJCOST અને DST, ગુજરાત સરકાર દ્વારા પ્રાયોજિત કરવામાં આવ્યો હતો અને તેને ગુજરાત સરકારના ડિરેક્ટોરેટ ઓફ ટેક્નિકલ એજ્યુકેશન (DTE), દ્વારા મંજૂરી આપવામાં આવી હતી.

કાર્યક્રમનું ઉદ્ઘાટન તા. ૯ માર્ચ, ૨૦૨૬ના રોજ વિમલ પટેલ, ડેપ્યુટી કલેક્ટર અને એસ.ડી.એમ., વલસાડના હસ્તે કરવામાં આવ્યું હતું. તેમણે જણાવ્યું કે શિક્ષણ અને ઉદ્યોગ ક્ષેત્રમાં કૃત્રિમ બુદ્ધિમત્તાના વધતા મહત્ત્વ પર પ્રકાશ પાડયો હતો.

આ તાલીમ કાર્યક્રમ માટે ગુજરાત રાજ્યની વિવિધ સરકારી ડિપ્લોમા અને ડિગ્રી એન્જિનિયરિંગ કોલેજોમાંથી કુલ ૩૦ ફેકલ્ટી સભ્યોને DTE દ્વારા પસંદ કરી નામાંકિત કરવામાં આવ્યા હતા. તાલીમ દરમિયાન IIIT, સુરત અને SVNIT, સુરત સહિત ઉદ્યોગ અને પ્રતિષ્ઠિત શૈક્ષણિક સંસ્થાઓના વિષય નિષ્ણાતો દ્વારા વિવિધ વિષયો પર વ્યાખ્યાન અને પ્રાયોગિક સત્રો લેવામાં આવ્યા હતા. તાલીમ દરમિયાન શિક્ષકોને ખ્શ્રના ઉપયોગ દ્વારા શિક્ષણ-અભ્યાસ પ્રક્રિયાને વધુ અસરકારક બનાવવાના માર્ગો અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

કાર્યક્રમનું સમાપન સમારોહ પ્રોફેસર સુદીપ શર્મા, હેડ - ECE વિભાગ, ત્ત્વ્સુરતની અધ્યક્ષતામાં યોજાયો હતો. તાલીમ પૂર્ણ કરનાર તમામ ભાગલેનાર ફેકલ્ટી સભ્યોને hdj પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યા હતાં.

આ કાર્યક્રમના સંયોજક ડૉ. સ્વાગત બારોટ તથા પ્રો. આર. આર. શુક્લા, પ્રિન્સિપાલ, સરકારી પોલિટેકનિક વલસાડએ કાર્યક્રમની સફળતા બદલ તમામ તાલીમાર્થી અધ્યાપકોને અભિનંદન પાઠવ્યા અને તાલીમ દરમ્યાન મેળવેલ જ્ઞાનને વર્ગખંડમાં વિદ્યાર્થીઓ સુધી પહોંચાડવા અપીલ કરી હતી.

**દમણગંગા ટાઈમ્સ**
ઈ-પેપર ડાઉનલોડ અથવા ઓનલાઈન વાંચવા માટે વેબસાઈટ
www.damangangatimes.com
ની મુલાકાત લો.

# વલસાડની કોમર્સ કોલેજમાં સ્ટાર્ટ અપ ઈનોવેશન તાલીમ યોજાઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૬ :** સરકારના ઉચ્ચ શિક્ષણ વિભાગના KCG અમદાવાદના સહયોગથી નૂતન કેળવણી મંડળ સંચાલિત વલસાડની શાહ નરોત્તમદાસ હરજીવનદાસ કોમર્સ કોલેજ ખાતે બે દિવસીય સ્ટાર્ટઅપ ઈનોવેશન તાલીમ યોજાઈ હતી. આ પ્રસંગે કોલેજ ઈન્ચાર્જ આચાર્ય વિજયભાઈ આર. ચાંપાનેરીએ વિદ્યાર્થીઓને સ્ટાર્ટઅપ ઈનોવેશનનું મહત્વ સમજાવી. રાજ્ય અને દેશની પ્રગતિમાં દરેક વિદ્યાર્થી આ તાલીમ લઈ સહભાગી બને. યુવાવર્ગમાં આર્થિક સ્થિતિમાં વધારો નવા જ્ઞાનની માહિતી આપી હતી . મુંબઈ થી સરકાર દ્વારા નિયુક્ત કરાયેલા ટ્રેનર કરણ વાલેચાએ આ ટ્રેનિંગ પ્રોગ્રામમાં ૧૬૦ જેટલા વિદ્યાર્થીઓને સતત બે દિવસ સુધી સ્ટાર્ટઅપ ઈનોવેશન અંગે તાલીમ આપી. તેમણે આવનાર દિવસોમાં આ પ્રશિક્ષણ વર્ગો વધુમાં વધુ થાય તેના પર વિશેષ ભાર વ્યક્ત કર્યો હતો. આ તાલીમમાં બેઝિક ઈલેક્ટ્રોનિક કીટ, એડવાન્સ, ઈલેક્ટ્રોનિક કીટ, ટેલિસ્કોપકીટ એડવાન્સ સાયન્સ કીટ, વી.આર., ગ્લોબલ ૩ -ડી પેન કીટ, એનર્જી કન્વર્ઝેશન કીટ ડોનકીટ અર્થ સાયન્સ, મેકેટ્રોનિક કીટ જેવી તમામ કીટનું સરળ રીતે તાલીમ આપવામાં આવી. સમગ્ર ઈનોવેશન પ્રોગ્રામનું સંચાલન ક્લબના કોર્ડીનેટર ડૉ. ઠાકોરભાઈ બી પટેલે કર્યું હતું. તેમજ સહ સંચાલનમાં ડૉ. પારસ શેઠ, પ્રા. મિગ્નેશ ભંડારી તથા પ્રા. નમ્રતા ટંડેલે કર્યું હતું. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ તથા કોમર્સ કોલેજના અધ્યાપકો પણ હાજર રહ્યા હતા. ઈનોવેશન ક્લબના સફળ પ્રોગ્રામ બદલ કોલેજના ઈન્ચાર્જ આચાર્ય વિજયભાઈ આર. ચાપાનેરીએ શુભેચ્છાઓ પાઠવી હતી.

વદ્યાર્થીઓને ૩-ડીપેન ડેમોસ્ટ્રેશન પી.એચ મીટર તેમજ ડિજિટલ માઈક્રોસ્કોપ એલ.ઈ.ડી.ડોન તથા ઈલેક્ટ્રોનિક ઉપકરણોથી માહિતગાર કરાયા હતાં.

દમણગંગા ટાઇમ્સ

EDITORIAL: DAMANGANGA TIMES

Tuesday 17, March 2026


## સંયમ અને સ્વયંશિસ્તનું ટાણું

અમેરિકા-ઈરાનના પાગલપનને લીધે વિશ્વમાં ઊભી થયેલી સ્થિતિ અનેક રીતે, અનેક સંદર્ભે ચિંતા કરાવનારી છે. યુદ્ધ તો છેલ્લા ઘણા સમયથી ચાલી રહ્યાં છે. રશિયા અને યુક્રેન વચ્ચેની લડાઈ, ઈઝરાયલ દ્વારા હમાસ ઉપરના હુમલા સહિતના આઘાતો ચાલુ છે, પરંતુ આ યુદ્ધે વેપાર-ઉદ્યોગથી લઈને સામાન્ય જન સુધીના વિવિધ વર્ગને ચિંતામાં મૂકી દીધો છે. ભારત સહિત વિશ્વના અનેક દેશમાં ગેસ-પેટ્રોપેદાશની સ્થિતિ વિકટ બની છે. આપણે ત્યાં તો જનતાનાં મનમાં રીતસર ફડકો પડયો છે. હવે શું થશે તેવો -'ાર્થ હોઠો ઉપર અને આંખોમાં લઈને ફરી રહ્યા છે. મુશ્કેલી તો છે, પરંતુ વ્યાકૂળ બનવાથી તેનો ઉકેલ નહીં મળે. અફવા ફેલાવવાથી પરિણામ નહીં મળે. એલપીજી ગેસ કે અન્ય કોઈ પણ આવશ્યક ચીજવસ્તુ ઉપલબ્ધ કરાવવી તે પ્રશાસનની ફરજ છે. સરકાર અને પ્રશાસને જાગતા રહેવું જ જોઈએ. તેના કરતાં પણ અગત્યનું છે પ્રશાસને પ્રજાનો વિશ્વાસ સંપાદિત કરવાનો છે, જે સ્થિતિ આકાર પામી છે તે જોતાં અહીં રાજ્ય કે કેન્દ્ર સરકારને આરોપીના કઠોડામાં ઊભા રાખવાનો અર્થ નથી. આ આંતરિક કટોકટી નથી કે નથી અવ્યવસ્થા. આપણે ગેસ અને પેટ્રોલિયમ માટે બહારના દેશ ઉપર આધારિત-અવલંબિત છીએ. પુરવઠાની સાંકળ જ જ્યાં ખોરવાઈ હોય, પૂરતો જથ્થો પ્રાપ્ત થતો ન હોય ત્યાં કોઈ શું કરે? છતાં એટલું ચોક્કસ કે પ્રત્યેક ગ્રાહકને ગેસનો પુરવઠો મળે તે જોવાવું જોઈએ. લોકો ડરે તે સ્વાભાવિક છે, પરંતુ ડર દહેશતમાં પરિણમે તે યોગ્ય નથી. ગેસ સિલિન્ડરના બૂકિંગમાં રાતોરાત વધારો થયો છે. અચાનક માંગ નીકળી પડી છે. કદાચ નજીકના ભવિષ્યમાં ગેસ સિલિન્ડર નહીં મળે તો, એવા ડરથી લોકો લાઈનોમાં ઊભા રહ્યા છે. નજીકના ભૂતકાળમાં આવી લાઈન જોવા મળી નથી. અત્યાર સુધી તો ગેસનો જથ્થો ઉપલબ્ધ છે, પરંતુ નજીકના દિવસોમાં તેની તંગી ઊભી થઈ શકે છે. આ સ્થિતિમાં પ્રથમ તો સામાન્ય જનતાએ સંગ્રહખોરી અને વેપાર-વ્યવસાય કરનારા લોકોએ, ગેસનું વિતરણ કરનારાઓએ કાળાબજારથી દૂર રહેવું જોઈએ. પ્રજાની વિપરિત સ્થિતિનો ગેરલાભ ઉઠાવવો હિતાવહ નથી. અફવા ફેલાવવી ન જોઈએ અને તેમાં આવી પણ જવું જોઈએ નહીં. જાહેર સંસ્થાઓનાં રસોડાં બંધ થઈ રહ્યાં છે, રેસ્ટોરન્ટ્સ-હોટેલ, પેઈંગગેસ્ટની વ્યવસ્થા જ્યાં છે ત્યાં ભોજન બંધ કરવા પડે તેવી સ્થિતિ થઈ રહી છે. લોકોનો ડર અસ્થાને નથી, પરંતુ અફવા અને બ્લેક માર્કેટિંગ અન્ય સ્થિતિની જેમ આ સંજોગોમાં પણ અપરાધ છે.

## કાકાસાહેબ કાલેલકર રાષ્ટ્રીય પત્રકારત્વ સન્માન તેજસ વૈદ્યને એનાયત



**દમણગંગા ટાઈમ્સ**

**વાપી, તા. ૧૬ :** ગાંધી હિન્દુસ્તાની સાહિત્ય સભા (દિલ્હી) દ્વારા પ્રતિષ્ઠિત 'કાકા કાલેલકર રાષ્ટ્રીય પ્રોત્સાહન પત્રકારત્વ સન્માન-૨૦૨૫' અમદાવાદ ખાતેના બીબીસી-પત્રકાર તેજસ વૈદ્યને એનાયત થયું. રાજધાની દિલ્હીમાં રાજઘાટ ખાતેના સન્નિધિ સંકુલમાં શનિવારે યોજાયેલા સમારોહમાં જાણીતા સાહિત્યકાર ડૉ. કેશુભાઈ દેસાઈએ મુખ્યઅતિથિ તરીકે હાજરી આપી 'સવાઈ ગુજરાતી' કાકાસાહેબ કાલેલકરના બહુભાષી વ્યક્તિત્વ અને રાષ્ટ્રભાષા પ્રત્યેના તેમના સમર્પણ પર પ્રકાશ પાડ્યો હતો. વિવિધ ક્ષેત્રોમાં પોતાની રીતે ઉત્કૃષ્ટ કાર્ય કરનાર દેશવિદેશની વિશેષ કરીને યુવા વિભૂતિઓના પ્રોત્સાહન કાજે દર વર્ષે કાકાસાહેબની સ્મૃતિમાં સન્માન કરવામાં આવે છે જે અંતર્ગત આંતરરાષ્ટ્રીય સ્તરે શિક્ષણ અને સાહિત્યના ક્ષેત્રમાં ઉલ્લેખનીય પ્રદાન બદલ શ્રીલંકાનાં પ્રો. આર.કે.ડી. નિલંતી કે. રાજપક્ષેને સન્માનિત કરવામાં આવ્યાં હતાં. આ જ કડીમાં, ભારતીય શાસ્ત્રીય સંગીતની સમૃદ્ધ પરંપરાને આગળ વધારવા માટે દિનેશ કુમારને અને સમાજસેવા માટે શ્વેતા અગ્રવાલ તેમ જ અનુવાદ કાર્ય માટે મીતુ માથુર બધવારને રાષ્ટ્રીય પ્રોત્સાહન સન્માન એનાયત કરાયાં હતાં. સમારોહની અધ્યક્ષતા ફિલ્મ-ઈતિહાસકાર ડૉ. રાજીવ શ્રીવાસ્તવે કરી હતી જેમાં વિશિષ્ટ અતિથિ તરીકે સમાજસેવી ડૉ. શંકર કુમાર સાન્યાલ અને ભૂતપૂર્વ વહીવટી અધિકારી નારાયણ કુમારે કાકાસાહેબની સ્મૃતિ તાજી કરી હતી. આરંભે વિષ્ણુ પ્રભાકર પ્રતિષ્ઠાનના પ્રમુખ અરુણ કુમાર પ્રભાકરે સૌનું સ્વાગત કર્યું હતું. આ પ્રસંગે કાકાસાહેબનાં શિષ્યા અને ગાંધી હિન્દુસ્તાની સાહિત્ય સભાપ્રસન્નિધિનાં સભાપતિ કુસુમ શાહ તેમ જ ગુજરાતી સાહિત્યકાર અને અભિનેતા ભાગ્યેન્દ્ર પટેલની ગરિમામય ઉપસ્થિતિ રહી હતી. પત્રકાર અને સાહિત્યપ્રેમી પ્રસૂન લતાંતે કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. કાર્યક્રમ સફળ અને સાર્થક બનાવવામાં સદાનંદ કવિશ્વર, કેદારનાથ શબ્દમસીહા, નંદન શર્મા, રાજકુમાર, અંજુ ખરબંદા, સ્વસ્તિ સહિતની ટીમનું મહત્વનું યોગદાન રહ્યું હતું. અંતમાં તમામ ઉપસ્થિત મહાનુભાવોએ કાકાસાહેબ અને વિષ્ણુ પ્રભાકરજીના ગાંધીવિચાર આદર્શોને આગળ ધપાવવાનો સંકલ્પ લીધો હતો.

## હરીશ રાણાની ઈચ્છામૃત્યુની પ્રક્રિયા શરૂ

(સંપૂર્ણ સમાચાર સેવા)

ગાઝિયાબાદ, તા.૧૬ : ગાઝિયાબાદના હરીશ રાણાની ઘટના વિશે તો આપણે જાણીએ જ છીએ. હરીશ છેલ્લા ૧૩ વર્ષથી બેડ પર હતો. વર્ષોના સંઘર્ષ પછી જ્યારે એક માતા-પિતાને ભારે હૈયે પોતાના દીકરા માટે ઈચ્છામૃત્યું માગવું પડે, તો વિચારો કે એ પીડા કેવી હશે, કદાચ તે શબ્દોમાં તો વર્ણવી જ ન શકાય. હાલમાં સુપ્રીમ કોર્ટની ઈચ્છામૃત્યુની મંજૂરી બાદ તેમની લાઈફ સપોર્ટ સિસ્ટમ ધીમે ધીમે હટાવવામાં આવી છે. આ દરમિયાન એક વીડિયો સોશિયલ મીડિયામાં ઝડપથી વાયરલ થઈ રહ્યો છે, જેમાં હરીશ રાણાને અંતિમ વિદાય આપવામાં આવી રહી છે. એક માતા-પિતા માટે પોતાના દીકરાનો અંતિમ સમય જોવો તે સૌથી મુશ્કેલ ક્ષણ છે.

વાયરલ થયેલા વીડિયોમાં એક મહિલા હરીશ રાણાને અંતિમ વિદાય આપતા જોવા મળી રહ્યા છે. આ બ્રહ્માકુમારી બહેનો છે. હરીશને AIIMS લઈ જવામાં આવે તે પહેલાં બ્રહ્માકુમારીની બહેનો હરીશ રાણાના ઘરે પહોંચી હતી અને પછી રાજયોગ કરાવ્યો હતો. ત્યારબાદ તેમને અંતિમ વિદાય આપવામાં આવી હતી. આ વીડિયો ખૂબ જ ભાવુક કરી દે તેવો છે.

### દેશમાં CNG-LPGનો પૂરતો જથ્થો : સરકારનું નિવેદન

# LPG લઈને શિવાલિક જહાજ મુન્દ્રા પોર્ટ પહોંચ્યું

### ૪૪ હજાર મેટ્રિક ટન

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૧૬ : મિડલ ઈસ્ટમાં ચાલી રહેલા તણાવ અને ક્રૂડ ઓઈલના સંકટ વચ્ચે ભારત સરકાર તરફથી રાહતના સમાચાર આવ્યા છે. સરકારના જણાવ્યા અનુસાર, દેશમાં ક્રૂડ ઓઈલનો પૂરતો સ્ટોક છે અને LPG-CNGનો પુરવઠો પણ સંપૂર્ણ રીતે ચાલુ છે. પેટ્રોલિયમ મંત્રાલયે સ્પષ્ટ કર્યું છે કે ભારતની તમામ રિફાઈનરીઓ પૂરી ક્ષમતાથી કામ કરી રહી છે, તેથી પેટ્રોલ પંપ પર ઈંધણની કોઈ અછત સર્જાશે નહીં.

ગેસ પુરવઠા અંગે સરકારે ખાતરી આપી છે કે ઘરેલું વપરાશકારોને સમયસર સિલિન્ડર મળે તે તેમની પ્રાથમિકતા છે. હાલમાં ગેસ બુકિંગની પ્રક્રિયા અને ડિલિવરી સિસ્ટમમાં પણ ઘણો સુધારો કરવામાં આવ્યો છે. આ સાથે જ સુરકારે લોકોને જરૂર જણાયે ન્થી પાઈપલાઈન ગેસ(PNG) પર શિફ્ટ થવાનો વિકલ્પ પણ આપ્યો છે. ગેસની કાળાબજારી અને સંગ્રહખોરી રોકવા માટે



તંત્ર દ્વારા કડક તપાસ કરવામાં આવી રહી છે, જેથી સામાન્ય જનતાને કોઈ મુશ્કેલી ન પડે.

આ દરમિયાન, ભારત માટે રાહતના સમાચાર એ છે કે ખાડીના દેશોમાંથી એલપીજી લઈને આવી રહેલા ભારતીય જહાજ શિવાલિક મુન્દ્રા પોર્ટ પહોંચી ગયું છે. આ જહાજ હોર્મુઝ સ્ટ્રેટમાંથી ફસાયેલું હતું. હવે આ જહાજ યુદ્ધથી પ્રભાવિત વિસ્તારમાંથી નીકળીને ભારત પહોંચ્યું છે. શિપિંગ મંત્રાલયે એક પ્રેસ કોન્ફરન્સમાં આ જહાજ વિશે જાણકારી આપી છે. વળી, વિદેશ મંત્રાલયે જણાવ્યું કે ઈરાનથી ૫૫૦ નાગરિકોનું રેસ્ક્યૂ કરવામાં આવ્યું છે.

અહીં ઉલ્લેખનીય છે કે આ જહાજમાં ૪૪ હજાર મેટ્રિક ટન LPG ભરેલો છે. જે હવે સુરક્ષિત રીતે મુન્દ્રા પોર્ટ પર પહોંચી ગયું છે. આ જહાજમાંથી ૨૦ હજાર મેટ્રિક ટન એલપીજી ગેસ મુન્દ્રા પોર્ટ પર અનલોડ થશે, જ્યારે ૨૪ હજાર મેટ્રિક ટન સાથે શિવાલિક જહાજ મેંગ્લોર પોર્ટ પર અનલોડિંગ કરવા માટે આજે રાતે રવાના થશે. IOCL કંપનીના ગેસ બોટલિંગ પ્લાન્ટમાં મુન્દ્રાથી ટેક્કર અને પાઈપલાઈન મારફતે પહોંચશે.

વિદેશ મંત્રાલયમાં જોઈન્ટ સેક્રેટરી અસીમ મહાજને કહ્યું કે આ વિસ્તારમાંથી ૨૦,૦૦૦ પેસેન્જર ભારત પરત આવ્યા છે.


સઉદી અરબમાં અલગ અલગ એરપોર્ટથી ભારતના અલગ અલગ ડેસ્ટિનેશન માટે ફ્લાઈટ્સ ચાલી રહી છે. ઓમાનથી ભારતના અલગ અલગ ડેસ્ટિનેશન માટે ફ્લાઈટ ચાલી રહી છે.

કતર એરસ્પેસ થોડું ખુલ્યું છે, જ્યારે કુવૈત એરસ્પેસ ૨૮ ફેબ્રુઆરી ૨૦૨૬થી બંધ છે. બહરીન અને ઈરાકમાં જ્યાં એરસ્પેસ બંધ છે, ત્યાં ભારતીય નાગરિકોને સઉદી અરબથી આવવા-જવામાં મદદ થઈ રહી છે.

## ઈરાન સાથેની સીધી વાતચીતને પરિણામે જહાજો સુરક્ષિત રીતે પસાર થઈ શક્યા :જયશંકર

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૧૬ : જયશંકરની મધ્યસ્થીથી હોર્મુઝની સામુદ્રધુનીમાંથી ભારતીય જહાજો સુરક્ષિત પસાર થયા છે. મિડલ ઈસ્ટમાં ઈરાન અને અમેરિકા-ઈઝરાયલ વચ્ચે ચાલી રહેલા ભીષણ સંઘર્ષની વચ્ચે ભારત માટે રાહતના સમાચાર સામે આવ્યા છે.



ભારતના વિદેશ મંત્રી એસ. જયશંકરે ખુલાસો કર્યો છે કે, ઈરાન સાથેની સીધી વાતચીતને પરિણામે ભારતીય જહાજો હોર્મુઝની સામુદ્રધુનીમાંથી સુરક્ષિત રીતે પસાર થઈ શક્યા છે. આ નિવેદન એવા સમયે આવ્યું છે જયારે અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે વિશ્વના દેશોને આ મહત્વપૂર્ણ દરિયાઈ માર્ગ ખોલવા માટે યુદ્ધ જહાજો મોકલવાની અપીલ કરી છે.

એક ઈન્ટરવ્યુમાં એસ. જયશંકરે જણાવ્યું હતું કે, ભારત અને ઈરાન વચ્ચે સતત વાતચીત ચાલી રહી છે. તેના પરિણામે શનિવારે ભારતીય ધ્વજ ધરાવતા બે ગેસ ટેક્કર પર્શિયન ગલ્ફમાં હોર્મુઝની સામુદ્રધુનીમાંથી સફળતાપૂર્વક પસાર થયા હતા. જયશંકરે સ્પષ્ટ કર્યું હતું કે, ભારત અને ઈરાન વચ્ચે કોઈ કાયમી સમજૂતી થઈ નથી. આ કોઈ લેણ-દેણનો મામલો પણ નથી, ઈરાનને તેના બદલામાં કશું આપવામાં આવ્યું નથી. આ સફળતા બંને દેશો વચ્ચેના લાંબા ગાળાના સંબંધોને આભારી છે. દરેક જહાજની અવરજવર માટે અલગથી વાતચીત કરવામાં આવે છે.

## ભારત-અમેરિકાની ટ્રેડ ડીલ હજી ફાઈનલ નથી

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૧૬ : ભારત-અમેરિકાના ટ્રેડ ડીલ અંગે એક મોટો સુધારો સામે આવ્યો છે. સોમવારે, ભારત સરકારના વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયે જણાવ્યું હતું કે ભારત અને અમેરિકા વચ્ચેના કરારને હજુ સુધી બહાલી આપવામાં આવી નથી. યુએસમાં નવું ટેરિફ માળખું અમલમાં આવ્યા પછી જ આ કરાર આકાર લેશે. યુએસ સુપ્રીમ કોર્ટે ટ્રમ્પ વહીવટીતંત્રના ટેરિફ નિર્ણયોને ફગાવી દીધા, જેના કારણે ઘણા દેશોએ યુએસ સાથેના તેમના ટ્રેડ ડીલને મુલતવી રાખવાની ફરજ પાડી.

સોમવારે, વેપાર આંકડાઓ પર માહિતી આપતી વખતે, વાણિજ્ય સચિવ રાજેશ અગ્રવાલે જણાવ્યું હતું કે નવું ટેરિફ માળખું અમલમાં આવ્યા પછી જ નવા કરાર પર હસ્તાક્ષર કરવામાં આવશે.

અહેવાલ મુજબ, અગ્રવાલે કહ્યું કે નવી દિલ્હી અને વોશિંગ્ટન હાલમાં ટ્રેડ ડીલની વિગતો પર વાતચીત કરી રહ્યા છે. હકીકતમાં, લાંબી વાતચીત અને ઘણી ઉથલપાથલ પછી, ભારત અને અમેરિકા વચ્ચે ટ્રેડ ડીલ પર સંમતિ બની હતી. બંને પક્ષોએ આ અંગે પોતપોતાના દાવા કર્યા.

જોકે, તેના થોડા સમય પછી, યુએસ સુપ્રીમ કોર્ટે એક મહત્વપૂર્ણ જાહેરાત કરી, જેમાં ટ્રમ્પ વહીવટીતંત્ર દ્વારા વિવિધ દેશો પર લગાવવામાં આવેલા ટેરિફને ગેરકાયદેસર જાહેર કરવામાં આવ્યા અને તેને રદ કરવામાં આવ્યા.

## બંગાળ ચૂંટણી માટે ભાજપે ૧૪૪ ઉમેદવારોની પ્રથમ યાદી જાહેર કરી

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૧૬ : નવી દિલ્હી: ભારતીય જનતા પાર્ટીએ પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણી માટે ૧૪૪ ઉમેદવારોની પ્રથમ યાદી જાહેર કરી દીધી છે. પાર્ટીએ નેતા પ્રતિપક્ષ સુવેંદુ અધિકારીને નંદીગ્રામ ઉપરાંત ભવાનીપુરથી ચૂંટણી લડાવવાનો નિર્ણય કર્યો છે, જ્યાંથી મમતા બેનર્જી ચૂંટણી લડે છે અને હાલમાં ત્યાંથી ધારાસભ્ય પણ છે. ભાજપમાં સામેલ થતાં પહેલા મમતા બેનર્જીના નજીક રહેલા સુવેંદુ અધિકારીને ભવાનીપુરથી ચૂંટણી લડાવવાનો નિર્ણયથી ફરી એક વાર બંને નેતાઓ વચ્ચે રાજકીય ટકરાવની પ્રબળ સંભાવના પેદા થઈ ગઈ છે.

જણાવી દઈએ કે, પાછલી વિધાનસભા ચૂંટણીમાં મમતા બેનર્જીએ નંદીગ્રામ સીટ પરથી સુવેંદુ અધિકારી વિરુદ્ધ ચૂંટણી લડવાનો નિર્ણય કર્યો હતો, પણ તેમને હારનો સામનો કરવો પડ્યો હતો. ત્યાર બાદ ભવાનીપુરથી ટીએમસી ધારાસભ્ય સોવનદેવ ચટ્ટોપાધ્યાયે મમતા માટે પોતાની સીટ છોડવાનો નિર્ણય કર્યો હતો અને અહીંથી તેઓ પેટાચૂંટણીમાં જીતીને બંગાળ વિધાનસભામાં પહોંચ્યા હતા. ભાજપ દ્વારા આ મત વિસ્તારમાંથી અધિકારીને મેદાનમાં ઉતારવાનો નિર્ણય ટીએમસીના નેતૃત્વને તેમના જ ગઢમાં પડકાર આપવાની આક્રમક રણનીતિના સંકેત આપે છે. ભાજપે પૂર્વ પ્રદેશ અધ્યક્ષ દિલીપ ઘોષને ખડગપુર સદરથી મેદાનમાં ઉતાર્યા છે. ભાજપે પોતાની ફાયરબ્રાન્ડ મહિલા નેતા અગ્નિમિત્રા પોલને આસનસોલ દક્ષિણથી ચૂંટણી લડાવવાનો નિર્ણય કર્યો છે, જ્યારે પૂર્વ રાજ્યસભા સાંસદ સ્વપન દાસગુપ્તા રાસબિહારી નિર્વાચન મત વિસ્તારથી ચૂંટણી લડશે. ભાજપે કાલીગંજથી બાપન ઘોષ, ડાયમંડ હાર્બરથી દીપક કુમાર હલદર, આસનસોલ ઉત્તરથી કૃષ્ણેંદુ મુખર્જી, હાસનથી નિખિલ બેનર્જી, કૂચબિહાર ઉત્તરથી સુકુમાર રોય અને સિલિગુડીથી શંકર ઘોષને મેદાનમાં ઉતાર્યા છે.

## ઈરાનની સેના નાશ પામી છે : ટ્રમ્પ

(જી.એન.એસ) તા. ૧૬

વોશિંગ્ટન, અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ભારપૂર્વક જણાવ્યું છે કે, ઈરાનની સેનાને અમેરિકન હુમલાઓથી એટલું વ્યાપક નુકસાન થયું છે કે દેશને પુનઃપ્રાપ્ત થવામાં લગભગ દસ વર્ષ લાગશે. રવિવારે જોઈન્ટ બેઝ એન્ડ્રૂઝ તરફ જતા એરફોર્સ વનમાં પત્રકારો સાથે વાત કરતા તેમણે કહ્યું કે ઈરાન "નાશ પામ્યું હોવા છતાં" ઔપચારિક રીતે વિજય જાહેર કરવાનું "કોઈ કારણ નથી". "નાશ પામવાનું કોઈ કારણ નથી... મને લાગે છે કે હું ફક્ત એટલું જ કહીશ કે



તેઓનો નાશ થયો છે, પરંતુ મેં નથી કર્યું. મને લાગે છે કે અમે હમણાં જ તેમને નુકસાન પહોંચાડ્યું છે. જો આપણે હમણાં જ છોડી દઈએ, તો તેમને ફરીથી બનાવવામાં ૧૦ વર્ષ અને તેથી વધુ સમય લાગશે. પરંતુ હું હજુ પણ તેને સમાપ્ત કરવાની ઘોષણા કરતો નથી." અમેરિકન પ્રમુખે દાવો કર્યો છે કે યુએસ કાર્યવાહીએ "ઈરાનને મૂળભૂત રીતે હરાવ્યું છે", ઉમેર્યું, "લશ્કરી રીતે, જ્યાં સુધી મને ચિંતા છે, અમે મૂળભૂત રીતે ઈરાનને હરાવ્યું છે. મને લાગે છે કે તેઓ થોડી લડાઈ લડી શકે છે, પરંતુ વધુ નહીં. બહુ નહીં. જેમ તમે જાણો છો, અમે તેમના વાયુસેનાને હટાવી દીધા છે. અમે તેમના વાયુ સંરક્ષણને હટાવી દીધા છે. તેમની પાસે કોઈ હવાઈ સંરક્ષણ નથી." 'ઈરાની નેતૃત્વ અને મુખ્ય સંપત્તિઓને નિશાન બનાવવામાં આવી'

## ઓડિશામાં SCB હોસ્પિટલમાં આગ, ૧૦ દર્દીઓના મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)

કટક, તા.૧૬

ઓડિશાના કટક શહેરની એક હોસ્પિટલમાં મોડી રાત્રે આગ લાગી. આ દુર્ઘટનામાં 10 દર્દીઓના મોત થયા છે, જ્યારે 5 ગંભીર રીતે ઘાયલ છે. મુખ્યમંત્રી મોહન માઝી ઘાયલોને મળવા માટે હોસ્પિટલ પહોંચ્યા છે.આ અંગે વિગતે વાત કરીએ તો, ઓડિશાના કટક શહેરમાં આવેલી SCB મેડિકલ કોલેજ એન્ડ હોસ્પિટલના ટ્રોમા કેર ICUમાં મોડી રાત્રે ભીષણ આગ ફાટી નીકળી હતી. આ અકસ્માત સોમવારે વહેલી સવારે લગભગ 3 વાગ્યે થયો હતો, જ્યારે હોસ્પિટલના પહેલા માળે ટ્રોમા કેર ઈમરજન્સી વિભાગમાં અચાનક આગ લાગી હતી. આ ઘટનાને પગલે હોસ્પિટલમાં દાખલ દર્દીઓમાં નાસભાગ મચી ગઈ હતી.અધિકારીઓના જણાવ્યા અનુસાર, આ દુર્ઘટનામાં 10 દર્દીઓના મોત થયા છે. જેમાંથી કેટલાકના ICUમાં જ ગૂંગળામણને કારણે મોત થયા હતા, જ્યારે કેટલાકના અન્યત્ર ખસેડતી વખતે મોત નીપજ્યા હતા. 5 દર્દીઓની હાલત હજુ પણ અત્યંત ગંભીર છે. હોસ્પિટલ સ્ટાફને પણ કેટલીક ઈજાઓ થઈ છે, પરંતુ તેમની સંખ્યા હજુ પુષ્ટિ થઈ નથી.આગ લાગતાની સાથે જ હોસ્પિટલ સ્ટાફ અને ફાયર બ્રિગેડે તાત્કાલિક પગલાં લીધા હતા.

## હોર્મુઝ ખાડી માટે યુદ્ધ જહાજો મોકલવા ટ્રમ્પની હાકલનું સૂરસુરિયું

(સંપૂર્ણ સમાચાર સેવા)

કેરો, તા.૧૬

હોર્મુઝની ખાડીને 'ખુલ્લી તથા સલામત' રાખવા માટે યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ચીન, ફ્રાન્સ, જાપાન, દક્ષિણ કોરિયા બ્રિટન સહિત અનેક દેશોને યુદ્ધ જહાજો મોકલવા હાકલ કરી હતી. ઓઈલની કિંમતોમાં ભડકો વૈશ્વિક અર્થતંત્રને દઝાડી રહ્યો છે ત્યારે આ યુદ્ધમાં ઝુકાવવા મોટાભાગના દેશો આનાકાની કરી રહ્યા છે.

યુએસ એનર્જી સેક્રેટરી ક્રિસ રાઈટના જણાવ્યા મુજબ, કેટલાક દેશો સાથે સંવાદ ચાલી રહ્યો છે અને ચીન હકારાત્મક ભાગીદાર બનશે તેવી અપેક્ષા હતી.

જો કે હજુ સુધી કોઈ દેશે ઈરાનના વિદેશ મંત્રી અબ્બાસ અરાઘાચીએ કહ્યું હતું કે, પોતાના જહાજોને સેફ પેસેજ આપવા સંદર્ભે ઘણા દેશોએ ઈરાનનો સંપર્ક કર્યો છે અને હવે સૈન્ય ઉચિત નિર્ણય લેશે. યુએસ-ઈરાન વચ્ચે પરોક્ષ વાતચીત ચાલી રહી હતી ત્યારે યુએસ-ઈઝરાયેલે ૨૮ ફેબ્રુઆરીએ ઈઝરાયેલ-યુએસ દ્વારા આયોજનબદ્ધ હુમલા શરૂ થયા હતા. બ્રિટનના એનર્જી સેક્રેટરી એડ મિલિબેન્ડે કહ્યું હતું કે, હોર્મુઝની ખાડી ફરી શરૂ કરવાનું જરરી છે અને આગામી પગલા અંગે મિત્ર રાષ્ટ્રો સાથે સંતલસો ચાલી રહી છે. દક્ષિણ કોરિયાના વિદેશ મંત્રીએ ટ્રમ્પની હાકલને ઠંડો પ્રતિસાદ આપતા કહ્યું હતું કે, ઝીણવટથી સ્થિતિની સમીક્ષા થઈ રહી છે અને તે સંદર્ભે યુએસ સાથે વાટાઘાટો થશે.

## નેપાળમાં ઈંધણના ભાવમાં વધારો

(જી.એન.એસ) તા. ૧૬

કાઠમંડુ,

પશ્ચિમ એશિયામાં ઈરાન, ઈઝરાયલ અને યુનાઈટેડ સ્ટેટ્સ સાથે છેલ્લા ઘણા દિવસોથી ચાલી રહેલા સંઘર્ષ વચ્ચે નેપાળમાં ઈંધણના ભાવમાં તીવ્ર વધારો થયો છે, જેમાં અધિકારીઓએ આંતરરાષ્ટ્રીય દરોમાં વધારો અને પુરવઠાની ચિંતાઓનો ઉલ્લેખ કર્યો છે. પેટ્રોલિયમ ઉત્પાદનોના ભાવમાં વધારો કરવાનો નિર્ણય રવિવારે નેપાળ ઓઈલ કોર્પોરેશનની મોડી રાત્રે મળેલી બેઠક દરમિયાન લેવામાં આવ્યો હતો.

પશ્ચિમ એશિયા સંઘર્ષ ૨૮ ફેબ્રુઆરીએ અમેરિકા અને ઈઝરાયલે ઈરાન પર મોટો લશ્કરી હુમલો કર્યા પછી શરૂ થયો હતો, જેમાં ૮૬ વર્ષીય સુપ્રીમ લીડર અલી ખામેનીની હત્યા કરવામાં આવી હતી. બદલામાં ઈરાને અમેરિકન લશ્કરી થાણાઓનું આયોજન કરતા અનેક ગલ્ફ રાષ્ટ્રો પર હુમલો કર્યો હતો. આ વધારાને કારણે હોર્મુઝ સ્ટ્રેટ દ્વારા શિપિંગ ખોરવાઈ ગયું છે, જે એક મુખ્ય વૈશ્વિક ઉર્જા કોરિડોર છે, જેના કારણે આંતરરાષ્ટ્રીય તેલ પુરવઠો, ઉર્જા બજારો અને વૈશ્વિક આર્થિક સ્થિરતા પર અસર પડી છે.

કોર્પોરેશન દ્વારા જારી કરાયેલી એક પ્રેસ રિલીઝ અનુસાર, વૈશ્વિક ઈંધણના ભાવમાં વધારા અને પુરવઠા વ્યવસ્થાપનમાં વધતા પડકારોને કારણે આ પગલું જરૂરી બન્યું હતું.

## દુબઈ એરપોર્ટ પાસે ઈરાની ડ્રોન હુમલાથી ભીષણ આગ

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૧૬

દુબઈ ઈન્ટરનેશનલ એરપોર્ટ પાસે આવેલા ફ્યુઅલ ટેન્ક પર ડ્રોન હુમલો થતા આગ લાગી હતી. સદનસીબે, સિવિલ ડિફેન્સ ટીમે આગ પર કાબૂ મેળવી લીધો છે અને કોઈ જાનહાનિ થઈ નથી. જોકે, સુરક્ષાના કારણોસર દુબઈ એરપોર્ટ પર ફ્લાઈટ્સ કામચલાઉ ધોરણે સ્થગિત કરી દેવામાં આવી છે. દુબઈમાં ડ્રોન હુમલા બાદ ચાલી રહેલી ઈમરજન્સી કામગીરીને પગલે સુરક્ષાના કારણોસર દુબઈ પોલીસે એરપોર્ટ રોડ અને એરપોર્ટ ટનલને કામચલાઉ ધોરણે બંધ કરી દીધા છે. દુબઈ મીડિયા ઓફિસે જણાવ્યું કે સિવિલ ડિફેન્સની ટીમોએ એરપોર્ટ નજીક ફ્યુઅલ ટેન્ક પર થયેલા હુમલાને કારણે લાગેલી આગ પર સફળતાપૂર્વક કાબૂ મેળવી લીધો છે, પરંતુ હજુ પણ ઓપરેશન ચાલુ હોવાથી પોલીસે વાહનચાલકોને અન્ય વૈકલ્પિક રસ્તાઓનો ઉપયોગ કરવા વિનંતી કરી છે.

એપ્સ્ટિનના સાથીઓ બાળકો પર હુમલા કરવાનું બંધ નહીં કરે, હમેદાનમાં ફરી સ્કૂલને નિશાન બનાવી : ઈરાનનો દાવો બેરૂતના દક્ષિણી વિસ્તારોમાં ઈઝરાયલનો બોમ્બમારોઅહેવાલ મુજબ, ઈઝરાયલે લેબનોનની રાજધાની બેરૂતના દક્ષિણી પરા વિસ્તારોમાં બે મોટા હવાઈ હુમલા કર્યા છે. હાલમાં જાનહાનિના કોઈ તાત્કાલિક સમાચાર મળ્યા નથી, પરંતુ વિસ્તારમાં ભારે અફરાતફરીનો માહોલ છે.કુવૈત નેશનલ ગાર્ડના જણાવ્યા અનુસાર, છેલ્લા ૨૪ કલાકમાં તેમણે તેમની સરહદમાં ઘૂસેલા બે ડ્રોનને તોડી પાડ્યા છે.

# અન્ય સમાચારો

**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય)ની કોર્ટમાં**

જ.મ.પ.અ.નં.૧૧૯૪/૨૦૨૬

**અરજદાર : શંકરભાઈ છનાભાઈ પટેલ,**
રહે. આમનપોર ફળિયું, બિનવાડા, તા.જી.વલસાડ

**વિરુધ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી, બીનવાડા, તા.જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ -૧૩ (૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **શંકરભાઈ છનાભાઈ પટેલ,** રહે.આમનપોર ફળિયું, બિનવાડા, તા.જી.વલસાડએ તેમના માતા **કબલીબેન છનાભાઈ પટેલનું** મરણ તા.૦૪-૦૩-૧૯૯૬ના રોજ મોજે. બીનવાડા, તા.જી.વલસાડ મુકામે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોય ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદરહુ જાહેરાત પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય), તા.જી.વલસાડની કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૧૦/૦૩/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

(કોર્ટનો સિક્કો)

સહિ/-
કાર્યપાલક મેજીસ્ટ્રેટ
વલસાડ (ગ્રામ્ય)

**નં.એડીએમ/મરણ/રજી.નં.૧૧૯૪/૨૦૨૬**
**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**વલસાડ (ગ્રામ્ય)ની કચેરી,**
**નીરા કેન્દ્રની બાજુમાં, ધરમપુર રોડ, તા.જી.વલસાડ**

**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય)ની કોર્ટમાં**

જ.મ.પ.અ.નં.૭૦૮/૨૦૨૪

**અરજદાર : ભીખુભાઈ બાવાભાઈ માહ્યાવંશી,**
રહે. દાજી ફળિયા, દાંડી, તા.જી.વલસાડ

**વિરુધ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી, દાંડી, તા.જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ -૧૩ (૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **ભીખુભાઈ બાવાભાઈ માહ્યાવંશી,** રહે.દાજી ફળિયા, દાંડી, તા.જી.વલસાડએ તેમના પિતા **બાવાભાઈ નારણભાઈ માહ્યાવંશીનું** મરણ તા.૧૫-૦૯-૧૯૫૯ના રોજ મોજે. દાંડી, તા.જી.વલસાડ મુકામે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોય ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદરહુ જાહેરાત પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય), તા.જી.વલસાડની કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૨૪/૦૨/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

(કોર્ટનો સિક્કો)

સહિ/-
કાર્યપાલક મેજીસ્ટ્રેટ
વલસાડ (ગ્રામ્ય)

**નં.એડીએમ/મરણ/રજી.નં.૭૦૮/૨૦૨૪**
**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**વલસાડ (ગ્રામ્ય)ની કચેરી,**
**નીરા કેન્દ્રની બાજુમાં, ધરમપુર રોડ, તા.જી.વલસાડ**

**No.MAM/SIL/RTS/RBD-DNH/Birth/33/2026/1397 Dated: 11/03/2026.**

APPLICANT - Shankarbhai Budhiyabhai Bamniya,
Presently residing at - Sili, Chokipada,
DNH Mo 9714245129

**V/S**

OPPONENTS - The Registrar of Births & Deaths, Sili.

**NOTICE**

The public to take note that the above, named applicant Shankarbhai Budhiyabhai Bamniya, who was born on 07/11/1961 at Chokipada, Sili, DNH. But due to inadvertence the above said birth was not registered in the records of Registrar of Births & Deaths, Sili. Hence, the applicant has moved on application to pass an order to register birth of Shankarbhai Budhiyabhai Bamniya. In case of any objection or complain in this regard a written objection shall be made in the office of the Executive Magistrate, Silvassa, within 30 days of the publication of this notice and if no such objection is received, the Executive Magistrate, Silvassa will pass necessary order accordingly.

**Sd/-**
**RTS-II**

**જાહેર નોટીસ**

**એન.ઝેડ. ચૌરા એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, નાનાપોંઢાની કોર્ટમાં, મુ. નાનાપોંઢા**

**જન્મ-મરણ કેસ નં.૧૮૭/૨૦૨૫**

**અરજદાર : રહીશાબીબી અબ્દુલગની શેખ**
મુસ્લીમ ફળિયા, ડહેલી, તા.નાનાપોંઢા, જી.વલસાડ

**વિરુધ્ધ**

**સામાવાળા : જન્મ-મરણ નોંધણી અધિકારી અને**
**તલાટી કમ મંત્રીશ્રી, ડહેલી, તા.નાનાપોંઢા, જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ની કલમ -૧૩(૩) અન્વયે જન્મની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી જાહેર જનતાને જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે, ઉપરોક્ત નંબરના કેસમાં **બિલાલ અબ્દુલગની શેખનો** જન્મ તા.૦૧/૦૫/૧૯૯૫ના રોજ મોજે ડહેલી, તા.નાનાપોંઢા, જી.વલસાડ ખાતે થયેલ હોવાનું અરજદારશ્રીએ એકરાર કરેલ છે.

પરંતુ તેમના જન્મની નોંધ શરતચુકથી ગ્રામ પંચાયત ડહેલીના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ છે. તે અંગેની નોંધ કરાવવા માટે ત.ક. મંત્રીશ્રી ગ્રામપંચાયત ડહેલીને હુકમ કરવા ઉપરોક્ત કેસમાં અરજ ગુજારેલ છે. સદરહું અરજી સામે કોઈને વાંધો હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં અત્રેની કોર્ટમાં અથવા ગ્રામપંચાયત કચેરી ડહેલીની ખાતે લેખિત વાંધાઓ રજુ કરવા જો તેમ કરવામાં નહીં આવશે તો નામદાર કોર્ટ કાયદેસરનો યોગ્ય હુકમ કરશે.

આજ રોજ તા.૨૪/૧૨/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

(કોર્ટનો સિક્કો)

**હુકમથી**
**સહિ/-**
**(એન.ઝેડ. ચૌરા)**
**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, નાનાપોંઢા**
**તા.નાનાપોંઢા, જી.વલસાડ**

**જાહેર નોટીસ**

**એન.ઝેડ. ચૌરા એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, નાનાપોંઢાની કોર્ટમાં, મુ. નાનાપોંઢા**

**જન્મ-મરણ કેસ નં.૦૨/૨૦૨૬**

**અરજદાર : મનુભાઈ લક્ષીભાઈ રડીયા**
કુંડા, ઉપલા ફળિયું, તા.નાનાપોંઢા, જી.વલસાડ

**વિરુધ્ધ**

**સામાવાળા : જન્મ-મરણ નોંધણી અધિકારી અને**
**તલાટી કમ મંત્રીશ્રી, કુંડા, તા.નાનાપોંઢા, જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ની કલમ -૧૩(૩) અન્વયે જન્મની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી જાહેર જનતાને જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે, ઉપરોક્ત નંબરના કેસમાં **મનુભાઈ લક્ષીભાઈ રડીયાનો** જન્મ તા.૦૧/૦૬/૧૯૯૬ના રોજ મોજે કુંડા, તા.નાનાપોંઢા, જી.વલસાડ ખાતે થયેલ હોવાનું અરજદારશ્રીએ એકરાર કરેલ છે.

પરંતુ તેમના જન્મની નોંધ શરતચુકથી ગ્રામ પંચાયત કુંડાના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ છે. તે અંગેની નોંધ કરાવવા માટે ત.ક. મંત્રીશ્રી ગ્રામપંચાયત કુંડાને હુકમ કરવા ઉપરોક્ત કેસમાં અરજ ગુજારેલ છે. સદરહું અરજી સામે કોઈને વાંધો હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં અત્રેની કોર્ટમાં અથવા ગ્રામપંચાયત કચેરી કુંડાની ખાતે લેખિત વાંધાઓ રજુ કરવા જો તેમ કરવામાં નહીં આવશે તો નામદાર કોર્ટ કાયદેસરનો યોગ્ય હુકમ કરશે.

આજ રોજ તા.૦૫/૦૨/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

(કોર્ટનો સિક્કો)

**હુકમથી**
**સહિ/-**
**(એન.ઝેડ. ચૌરા)**
**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, નાનાપોંઢા**
**તા.નાનાપોંઢા, જી.વલસાડ**

**જાહેર નોટીસ**

**એન.ઝેડ. ચૌરા એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, નાનાપોંઢાની કોર્ટમાં, મુ. નાનાપોંઢા**

**જન્મ-મરણ કેસ નં.૧૮૮/૨૦૨૫**

**અરજદાર : રહીશાબીબી અબ્દુલગની શેખ**
મુસ્લીમ ફળિયા, ડહેલી, તા.નાનાપોંઢા, જી.વલસાડ

**વિરુધ્ધ**

**સામાવાળા : જન્મ-મરણ નોંધણી અધિકારી અને**
**તલાટી કમ મંત્રીશ્રી, ડહેલી, તા.નાનાપોંઢા, જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ની કલમ -૧૩(૩) અન્વયે જન્મની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી જાહેર જનતાને જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે, ઉપરોક્ત નંબરના કેસમાં **રૂકૈયાબીબી અબ્દુલગની શેખનો** જન્મ તા.૧૫/૦૨/૧૯૯૨ના રોજ મોજે ડહેલી, તા.નાનાપોંઢા, જી.વલસાડ ખાતે થયેલ હોવાનું અરજદારશ્રીએ એકરાર કરેલ છે.

પરંતુ તેમના જન્મની નોંધ શરતચુકથી ગ્રામ પંચાયત ડહેલીના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ છે. તે અંગેની નોંધ કરાવવા માટે ત.ક. મંત્રીશ્રી ગ્રામપંચાયત ડહેલીને હુકમ કરવા ઉપરોક્ત કેસમાં અરજ ગુજારેલ છે. સદરહું અરજી સામે કોઈને વાંધો હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં અત્રેની કોર્ટમાં અથવા ગ્રામપંચાયત કચેરી ડહેલીની ખાતે લેખિત વાંધાઓ રજુ કરવા જો તેમ કરવામાં નહીં આવશે તો નામદાર કોર્ટ કાયદેસરનો યોગ્ય હુકમ કરશે.

આજ રોજ તા.૨૪/૧૨/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

(કોર્ટનો સિક્કો)

**હુકમથી**
**સહિ/-**
**(એન.ઝેડ. ચૌરા)**
**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, નાનાપોંઢા**
**તા.નાનાપોંઢા, જી.વલસાડ**

**જાહેર નોટીસ**

**એન.ઝેડ. ચૌરા એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, નાનાપોંઢાની કોર્ટમાં, મુ. નાનાપોંઢા**

**જન્મ-મરણ કેસ નં.૧૮૯/૨૦૨૫**

**અરજદાર : રહીશાબીબી અબ્દુલગની શેખ**
મુસ્લીમ ફળિયા, ડહેલી, તા.નાનાપોંઢા, જી.વલસાડ

**વિરુધ્ધ**

**સામાવાળા : જન્મ-મરણ નોંધણી અધિકારી અને**
**તલાટી કમ મંત્રીશ્રી, ડહેલી, તા.નાનાપોંઢા, જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ની કલમ -૧૩(૩) અન્વયે જન્મની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી જાહેર જનતાને જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે, ઉપરોક્ત નંબરના કેસમાં **ફહિમાબાનું અબ્દુલગની શેખનો** જન્મ તા.૩૦/૦૭/૧૯૯૮ના રોજ મોજે ડહેલી, તા.નાનાપોંઢા, જી.વલસાડ ખાતે થયેલ હોવાનું અરજદારશ્રીએ એકરાર કરેલ છે.

પરંતુ તેમના જન્મની નોંધ શરતચુકથી ગ્રામ પંચાયત ડહેલીના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ છે. તે અંગેની નોંધ કરાવવા માટે ત.ક. મંત્રીશ્રી ગ્રામપંચાયત ડહેલીને હુકમ કરવા ઉપરોક્ત કેસમાં અરજ ગુજારેલ છે. સદરહું અરજી સામે કોઈને વાંધો હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં અત્રેની કોર્ટમાં અથવા ગ્રામપંચાયત કચેરી ડહેલીની ખાતે લેખિત વાંધાઓ રજુ કરવા જો તેમ કરવામાં નહીં આવશે તો નામદાર કોર્ટ કાયદેસરનો યોગ્ય હુકમ કરશે.

આજ રોજ તા.૨૪/૧૨/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

(કોર્ટનો સિક્કો)

**હુકમથી**
**સહિ/-**
**(એન.ઝેડ. ચૌરા)**
**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, નાનાપોંઢા**
**તા.નાનાપોંઢા, જી.વલસાડ**

# ગુજરાત વિધાનસભા ગૃહમાં માહિતી અને પ્રસારણ વિભાગની અંદાજપત્રીય માંગણીઓ પસાર

## ગુજરાત સરકાર, માધ્યમો અને પ્રજા વચ્ચેના અતૂટ વિશ્વાસનો સેતુ એટલે માહિતી અને પ્રસારણ વિભાગ : મંત્રી અર્જુનભાઈ મોઢવાડિયા

**અમદાવાદ, તા.૧૬ :** ગુજરાત વિધાનસભા ગૃહ ખાતે માહિતી અને પ્રસારણ વિભાગની વર્ષ ૨૦૨૬-૨૭ની અંદાજપત્રીય માંગણીઓ પરની ચર્ચામાં સહભાગી થતા મંત્રી શ્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ વિભાગની કામગીરીને બિરદાવી હતી. તેમણે જણાવ્યું હતું કે, માહિતી વિભાગ કદમાં રાજ્ય સરકારનો ખૂબ જ નાનો, પરંતુ વ્યાપક અને ગહન જવાબદારી નિભાવતો અત્યંત મહત્વપૂર્ણ વિભાગ છે. રાજ્ય સરકાર, માધ્યમો અને જનતા વચ્ચે વિશ્વાસનો સેતુ બનીને માહિતી વિભાગ સરકારની ઈમેજ બિલ્ડિંગનું વિશેષ કાર્ય કરી રહ્યો છે.

રાજ્ય સરકારની જનકલ્યાણકારી યોજનાઓની માહિતી માત્ર રાજ્ય પૂરતી સીમિત ન રહેતા દેશ-વિદેશ સુધી પહોંચે તે માટે આ વિભાગ દ્વારા ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી એમ ત્રણ ભાષાઓમાં અખબારી યાદીઓ પ્રસિદ્ધ કરવામાં આવે છે. આ બહુભાષી અભિગમને કારણે ગુજરાતના વિકાસ મોડલની આજે વિશ્વભરમાં બોલબાલા છે, તેમ મંત્રીશ્રીએ ઉમેર્યું હતું.

ગૃહનું વિશેષ ધ્યાન દોરતા મંત્રીએ જણાવ્યું હતું કે, દિલ્હી ખાતે આયોજિત ૨૬મી જાન્યુઆરીની રાષ્ટ્રીય પરેડમાં ગુજરાતના ટેબ્લોએ સતત ચાર વર્ષથી પોપ્યુલર ચોઈસ કેટેગરીમાં પ્રથમ સ્થાન મેળવીને ઈતિહાસ રચ્યો છે. ચાલુ વર્ષે ૭૭મા પ્રજાસત્તાક દિને 'સ્વતંત્રતા કા મંત્ર વંદે માતરમ' થીમ આધારિત ટેબ્લોએ સતત ચોથીવાર પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું છે. અગાઉ 'ક્લીન-ગ્રીન એનર્જીયુક્ત ગુજરાત' (૨૦૨૩), ધોરડો (૨૦૨૪) અને 'આનર્તપુરથી એકતાનગર' (૨૦૨૫) જેવી થીમ દ્વારા ગુજરાતે રાષ્ટ્રીય સ્તરે પોતાની સાંસ્કૃતિક અને વિકાસલક્ષી વિરાસતને ઉજાગર કરી છે.

લોકશાહીના ચોથા સ્તંભ સમાન પત્રકારોના હિતમાં સરકારની કટિબદ્ધતા દોહરાવતા મંત્રીએ જણાવ્યું હતું કે, માહિતી વિભાગ રાજ્યના પત્રકારોને 'પ્રેસ એક્રેડિટેશન કાર્ડ' દ્વારા માન્યતા આપે છે. આ એક્રેડિટેશન કાર્ડથી પત્રકારોને PMJAY યોજના, વિનામૂલ્યે બસ મુસાફરી જેવા અનેક લાભો મળે છે. આ ઉપરાંત પત્રકારો માટે સામૂહિક જૂથ વીમા યોજના પણ માહિતી વિભાગ દ્વારા અમલમાં મૂકવામાં આવી છે. આ યોજના હેઠળ પત્રકારના કુદરતી મૃત્યુના કિસ્સામાં તેના પરિવારને રૂ. બે લાખ અને અકસ્માત મૃત્યુના કિસ્સામાં રૂ. ૧૦ લાખનું સુરક્ષા કવચ પૂરું પાડવામાં આવે છે, તેમ પણ મંત્રીએ ઉમેર્યું હતું.

મંત્રીશ્રીએ કહ્યું હતું કે, આધુનિક ટેકનોલોજીના યુગમાં પણ છેવાડાના નાગરિકો સુધી પહોંચવા માટે આ વિભાગ દ્વારા ભવાઈ, લોકડાયરા અને શેરી નાટક જેવા પરંપરાગત માધ્યમોનો અસરકારક ઉપયોગ કરી રહ્યો છે. આ ઉપરાંત ગુજરાતી ચલચિત્રો માટે પ્રોત્સાહન નીતિ-૨૦૧૯ અંતર્ગત આર્થિક સહાય અને પારિતોષિકો આપીને ગુજરાતી ફિલ્મો તથા કલાકારોને પણ માહિતી વિભાગ દ્વારા સતત પ્રોત્સાહિત કરવામાં આવે છે. આ પ્રોત્સાહનના પરિણામે જ 'લાલો - શ્રી કૃષ્ણ સદા સહાયતે' જેવી ગુજરાતી ફિલ્મોએ રૂા.૧૦૦ કરોડ જેટલી માતબર રકમની કમાણી કરી છે.

માહિતી વિભાગ દ્વારા પ્રસિદ્ધ થતું ગુજરાત સરકારનું મુખપત્ર 'ગુજરાત પાક્ષિક' સરકારના નિર્ણયો અને સાફલ્ય ગાથાઓને જન-જન સુધી પહોંચાડે છે. આ પ્રકાશન મહિનામાં બે વાર પ્રસિદ્ધ થઈને પ્રજા અને શાસન વચ્ચેના અંતરને ઘટાડવાનું ભગીરથ કાર્ય કરી રહ્યું છે.

# જોઈએ છે

મહારાણા શ્રી વિજય દેવજી સાર્વજનિક કેળવણી મંડળ, ધરમપુર સંચાલિત શ્રી વનરાજ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ (ગ્રાન્ટ ઈન એઈડ) - બામટી, ધરમપુરને ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચેરી ગાંધીનગરના પત્રક્રમાંકઃ ક્વટ/isc3/વર્ગ-૩/NOC/૧૨૧૩-૧૫ તા.૦૪/૦૨/૨૦૨૬થી બિન શૈક્ષણિક વર્ગ-૩ની જગ્યા ભરવા માટે એન.ઓ.સી. મળેલ છે. નીચે જણાવેલ ખાલી જગ્યાની ભરતી કરવા માટે નિયત નમૂનામાં અરજીઓ મંગાવવામાં આવે છે. ભરતી અંગેની વિગતવાર માહિતી તથા અરજી ફોર્મ કોલેજની વેબસાઈટ www.vacc.ac.in પર મુકેલ છે.

| ક્રમ | જગ્યાનું નામ | NOC ક્રમાંક | કુલ ખાલી જગ્યા | કેટેગરી | લાયકાત | પગાર ધોરણ | વય મર્યાદા |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | હેડ ક્લાર્ક સંવર્ગ-૩ | ક્વટ/isc3/વર્ગ-૩/NOC/૧૨૧૩-૧૫ તા.૦૪/૦૨/૨૦૨૬ | ૦૧ | OPEN | સરકારશ્રીના ધારાધોરણ મુજબ સરકાર માન્ય શૈક્ષણિક સંસ્થામાંથી મેળવેલ સ્નાતકની પદવી ધરાવતો, સરકારશ્રીના ધારાધોરણ મુજબ કોમ્પ્યૂટરના ઉપયોગ અંગે પાયાની જાણકારી ધરાવતો, ગુજરાતી અથવા હિન્દી અથવા બંને ભાષાનું પુરતુ જ્ઞાન ધરાવતો | સરકારશ્રીના નાણાં વિભાગના વખતો વખત થયેલા ઠરાવ મુજબ પ્રથમ પાંચ વર્ષ માટે પ્રતિમાસ ફીક્સ પગાર ૪૦૮૦૦/- | ૨૦ વર્ષથી ઓછી નહિ અને ૩૫ વર્ષથી વધુ ન હોવી જોઈએ. ઉપલી વયમર્યાદામાં સરકારશ્રીના નિયમો અનુસાર છૂટછાટ મળવા પાત્ર. |

(૧) સદર NOC હેઠળ મંજુર કરવામાં આવેલ જગ્યા સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગ, નાણાં વિભાગ અને ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા જે તે સંવર્ગના નક્કી કરેલ પ્રવર્તમાન ભરતી નિયમો અને લાયકાતના ધોરણો મુજબ ભરતી કરવામાં આવશે. (૨) નિમણૂંક પામેલ ઉમેદવારને પાંચ વર્ષ માસિક ફિક્સ પગાર ચુકવવામાં આવશે. (૩) પાંચ વર્ષની નોકરી પૂર્ણ થયે તેમની કામગીરીની સમીક્ષા કર્યા પછી યોગ્ય જણાયેથી મંજુર થયેલ પગાર ધોરણમાં લઘુત્તમ પગારમાં નિમણૂંક આપવામાં આવશે. (૪) NOCમાં દર્શાવેલ તમામ શરતો નિમણૂંક પામનાર ઉમેદવારને બંધનકર્તા રહેશે. (૫) અધૂરી, અસ્પષ્ટ વિગતોવાળી અને પ્રમાણપત્રોની નકલ વગરની અરજી તેમજ નિયત સમય મર્યાદાબાદ આવેલ અરજીઓ આપોઆપ રદ ગણાશે. (૬) ઉમેદવારોએ તા.૧૭/૦૩/૨૦૨૬થી તા.૦૨/૦૪/૨૦૨૬ સુધીમાં રજીસ્ટર પોષ્ટ એ.ડી./ સ્પીટ પોષ્ટ દ્વારા અરજી મોકલવાની રહેશે. (૭) અરજી કરવા માટેની વિગતવાર સૂચનાઓ સહિત આ સમગ્ર જાહેરાત દરેક ઉમેદવારે ધ્યાનથી વાંચવી જરૂરી છે. (૮) ઉમેદવારોએ પોતાની શૈક્ષણિક લાયકાત, ઉંમર, જાતિ તેમજ અન્ય લાયકાતના બધા અસલ પ્રમાણપત્રો હાલમાં પોતાની પાસે જ રાખવાના રહેશે. અને અરજીપત્રકમાં તે પ્રમાણપત્રોમાં દર્શાવ્યા મુજબની જરૂરી વિગતો ભરવાની રહેશે. (૯) અરજીપત્રક સાથે શૈક્ષણિક લાયકાત, ઉંમર, જાતિ તેમજ અન્ય લાયકાતના બધા પ્રમણપત્રોની પ્રમાણિત નકલો A4 સાઈઝમાં બિડવાના રહેશે. (૧૦) ભરતી પ્રક્રિયા સબંધેની તમામ સૂચનાઓ કોલેજની વેબસાઈટ પર મુકવામાં આવશે તેથી સમયાંતરે કોલેજની વેબસાઈટ અચૂક જોતાં રહેવું. (૧૧) અરજી સાથે અરજી કરનાર ઉમેદવારોએ બિનઅનામત વર્ગ માટે રૂા.૫૦૦/- તથા અનામત વર્ગ માટે રૂા.૪૦૦/-નો ડિમાન્ડ ડ્રાફ્ટ ''SHRI VANRAJ ARTS AND COMMERCE COLLEGE''ના નામનો ડી.ડી. અવશ્ય સામેલ રાખવાનો રહેશે. પરીક્ષામાં ઉપસ્થિત રહેનાર ઉમેદવારોને પરીક્ષા ફી પરત મળવાપાત્ર રહેશે. (૧૨) પોતાના સરનામાવાળુ રૂા.૭૦/-ની ટપાલ ટીકીટ ચોટાડેલ 11X5 ની સાઈઝનું ખાખી કવર અરજી સાથે અવશ્ય મોકલવાનું રહેશે. (૧૩) આ જાહેરાત તથા ભરતી પ્રક્રિયામાં કોઈપણ કારણસર તેમાં ફેરફાર કરવાની કે રદ કરવાની આવશ્યકતા ઉભી થાય તો તેમ કરવાનો મંડળ/ કોલેજને સંપૂર્ણ હક્ક/ અધિકાર રહેશે અને મંડળ / કોલેજ આ માટે કારણો આપવા બંધાયેલ રહેશે નહિ.

**સહી/-**
**ઈન્ચાર્જ આચાર્યશ્રી**
શ્રી વનરાજ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, બામટી ધરમપુર

**અરજી મોકલાવવા માટેનું સરનામું :**
પ્રમુખશ્રી,
એમ.એ.વી.એસ. કેળવણી મંડળ, ધરમપુર
C/o. એસ.એમ.એસ.એમ. હાઈસ્કૂલ, ધરમપુર
ગાર્ડન રોડ, ધરમપુર, સ્ટેટ હોસ્પિટલની સામે, મુ.પો.ધરમપુર તા.ધરમપુર
જી.વલસાડ પીન. કોર્ડ - ૩૯૬૦૫૦

**સહી/-**
**પ્રમુખશ્રી,**
**એમ.એસ.વી.એસ. કેળવણી મંડળ, ધરમપુર**

ટેરેસ ગળે છે ??



વરસાદ માં ગળતા ટેરેસ તથા દિવાલમાં થી આવતા ભેજને ક્રેકફીલીંગ કરી કેમીકલ્સ વળે વોટર પ્રુફીંગ કરી આપનાર

એડવાન્સ વોટરપ્રૂફીંગ ટ્રીટમેન્ટ

- અંડરગ્રાઉન્ડ બેઝમેન્ટ ને સીમેન્ટીંગ એન્ડ પીયુ ગ્રાઉટીંગ કરી આપનાર
- સંડાસ, બાથરૂમ, બાલ્કનીમાં ટાઈલ્સ લગાવતા પહેલા
- સ્લોપિંગ સ્લેપમાં નળિયા નંખાવતા પહેલા
- ચાઈના ટુકડી કરાવતા પહેલા
- અંડરગ્રાઉન્ડ બેઝમેન્ટ, પાણીની ટાંકી
- ઈંટની દિવાલ, ઓપન સ્લેબ ને કેમિકલ વોટરપ્રૂફીંગ કરી આપનાર

અરવિંદ પટેલ - વલસાડ 81402 20205




દરેક બ્રાન્ડેડ કંપનીના શુટીંગ, શર્ટીંગ તથા લેટેસ્ટ ડીઝાઇનમાં ટેલરીંગ શુટ સિવડાવો કાપડ તથા સીલાઈ સાથે રૂા.5000/-

The Complete Man Raymond · dinesh SUITING · Siyaram's SHOP · DONEAR SUITINGS & SHIRTINGS · DIGJAM · NIRVAN SHIRTINGS · ICON ashima LUXURY FABRICS · Kripton

LORDS MEN'S WEAR
એમ. જી. રોડ, વલસાડ. ફોન : ૨૪૮૧૭૬

દમણગંગા ટાઈમ્સ

ડીસ્કલેમર/ સ્પષ્ટતા

વાચકોને જણાવવાનું કે દમણગંગા ટાઈમ્સમાં પ્રસિદ્ધ થયેલ કોઈપણ જાહેરખબરમાં જણાવેલ માહિતી અથવા ઉત્પાદન કે સેવા સંદર્ભે વિજ્ઞાપનદાતાએ કરેલ દાવા અંગેની સંપૂર્ણ જવાબદારી 'વિજ્ઞાપનદાતાની' જ રહેશે અને દમણગંગા ટાઈમ્સની કોઈપણ પ્રકારે જવાબદારી રહેશે નહીં. વાચકોએ પોતાની રીતે પૂરતી તપાસ કરીને પોતાની જવાબદારીએ યોગ્ય નિર્ણય લેવાનો રહેશે.

- વ્યવસ્થાપક



Jai Jalaram Bapa
Septic Tank Cleaner
ખાળ કુવાની સફાઈ
खार कुवे की सफाई
TANKER CAPACITY 8000 LITER
WATER JETTING, AIR BLOWING, VACUUMING
પાણીના પ્રેશરથી હવા મારીને ટાંકી સાફ કરી આપવામાં આવશે.
આધુનીક મશિનરી થી કામ કરી આપવામાં આવશે.
Contact: 99046 44348, 98247 28200

Tuesday 17, March 2026

# દમણગંગા ટાઇમ્સ

## રોલા હાઈવેની હોટલમાં લોહીવાળું કાચું ચિકન પિરસાતાં વિવાદ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૬ :** વલસાડના રોલાગામે હાઈવે પર આવેલી જાણીતી ફૂડ ચેઈન KFC માં જમવા બિલીમોરાથી આવેલા એક ગ્રાહકને પીરસવામાં આવેલું ચિકન કાચું નીકળતા અને તેમાંથી લોહી જોવા મળતા ગ્રાહકે ભારે હોબાળો મચાવ્યો હતો. અને વીડિયો સોશિયલ મીડિયા વાયરલ થતા ચર્ચાનો વિષય બન્યો છે.

વલસાડ તાલુકાના ડુંગરી નજીક રોલાગામે હાઈવે પર કે.એફ.સી. નામની હોટલ આવેલી છે. આ હોટલમાં બિલીમોરામાં રહેતા અનિકેત ગુપ્તા નામ ના ગ્રાહક KFC પર ચિકન ખાવા માટે ગયા હતા. તેમણે રૂા. ૩૭૯ ની કિંમતનું હોટ એન્ડ ક્રીપ્સી ચિકન ઓર્ડર કર્યું હતું. ગ્રાહકે જ્યારે ખાવાનું શરૂ કર્યું ત્યારે ચિકન અંદરથી સાવ કાચું જણાયું હતું. એટલું જ નહીં, આ કાચા ચિકનમાંથી લોહીવાળુ (બ્લડ) નીકળતું હોવાનું જોઈ ગ્રાહક ચોંકી ઉઠ્યા હતા. અનિકેત ગુપ્તાએ જ્યારે આ ગંભીર બેદરકારી બાબતે કેએફસીના કર્મચારીઓને ફરિયાદ કરી, ત્યારે ભૂલ સુધારવાને બદલે કર્મચારીઓએ ગ્રાહક સાથે ગેરવર્તણૂક કરી હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. જે અંગેનો સમગ્ર ઘટનાનો વિડિયો ગ્રાહકે મોબાઈલના કેમેરામાં કેદ કરી સોશિયલ મીડિયા પર વાયરલ કર્યો છે.અગાઉ પણ ફૂડ વિભાગ દ્વારા કરવામાં આવેલી રેડમાં આ કેએફસી આઉટલેટમાંથી હલકી ગુણવત્તાનું ફૂડ મળી આવ્યું હોવાનું સામે આવ્યું હતું. ત્યારે ફરી એકવાર લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડાં થતા હોવાનું જણાતા, ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ દ્વારા કાયદેસરની કાર્યવાહી કરશે કે પછી ગ્રાહકોને આવું લોહીવાળું કાચું ચિકન પીરસાતું રહેશે.

## વાપી ડેપો પર સમયસર બસ ન ઉપાડનાર ડેપો મેનેજર સસ્પેન્ડ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૬ :** વાપી એસટી ડેપો માંથી બસ ડાઈવર દ્વારા શિડ્યુલ હોવા છતાં બસ નહીં ઉપાડતા ડેપો મેનેજર દ્વારા તાત્કાલિક સસ્પેન્શન નો ઓર્ડર કરવામાં આવતા અન્ય બસ ડ્રાઈવર અને કંડકટરમાં ભારે ફફડાટ ફેલાઈ જવા પામ્યો છે.

આધારભૂત સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ ગુજરાત રાજ્ય વાહન વ્યવહાર નિગમ વલસાડ વિભાગના વાપી ડેપો ખાતે ફિક્સ પગાર ઉપર ફરજ બજાવતા બસ ડ્રાઈવર રાજેશકુમાર રમેશભાઈ અન્સારી દ્વારા શિડ્યુલ નંબર હોવા છતાં વાપી બોટાદ રૂટ ઉપર મૂકવામાં આવેલ હોવા છતાં તેઓ પોતાના મનસ્વીપણે ફરજ છોડી ચાલી ગયેલ અને ડેપો મેનેજર દ્વારા ખુલાસો માંગતા તેમણે સ્લીપર બસ ફાળવણી ન હોવાનું જણાવી દીધું હતું અને આ રૂટ ઉપર ના પેસેન્જર દ્વારા ઉભાડો કરતા ૩૦ મિનિટ બાદ અન્ય વ્યવસ્થા કરી મુસાફરોને મોકલાવ્યા હતા. અને ત્યારબાદ તારીખ ૧૦-૦૩-૨૦૨૬ થી ૧૪-૦૩-૨૦૨૬ સુધી કોઈપણ જાતની પરવાનગી વગર ગેરહાજર રહેતા બસ ડ્રાઈવર રાજેશ અન્સારીને વાપી ડેપોના મેનેજર જે સી માહલા તારીખ ૧૬-૦૩-૨૦૨૬ના રોજ તાત્કાલિક અસરથી સંસ્થાની નોકરીમાંથી ફરજ મોકુફી એટલે કે સસ્પેન્ડ કરવાનો ઓર્ડર કરાયો છે અને સસ્પેન્શનના સમયગાળા દરમિયાન તેઓએ નિયમ અનુસાર ધરમપુર ડેપો સમક્ષ હાજરી આપવાની રહેશે. આ અંગેની જાણકારી એસટી ડેપો મેનેજર દ્વારા વિભાગ્ય કચેરીઓને કરવામાં આવી છે. ઘટનાને પગલે વાપી એસટી ડેપોમાં ફરજ બજાવતા બસ ડ્રાઈવર અને કંડકટર તેમજ અન્ય કર્મચારીઓમાં પણ ભારે ફફરાટ ફેલાયેલો જોવા મળ્યો છે.

## વલસાડમાં જાહેર માર્ગો પરથી ૮ લારીઓ હટાવાઈ





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૬ :** વલસાડ શહેરમાં ટ્રાફિકની સમસ્યા હળવી કરવા અને જાહેર માર્ગો ખુલ્લા કરવાના હેતુથી નગરપાલિકા દબાણ વિભાગના મહેશ ઉર્ફે મુન્ના ચૌહાણ તેમની ટીમ સાથે શહેરના રસ્તા પર થી ૮ લારીનું દબાણ દૂર કર્યું છે. વલસાડ શહેરમાં ટ્રાફિકની સમસ્યા હળવી કરવા અને જાહેર માર્ગો ખુલ્લા કરવાના હેતુથી નગરપાલિકા દ્વારા સતત કામગીરી કરવામાં આવી રહી છે. જે અંતર્ગત આજે વલસાડ નગરપાલિકાની દબાણ શાખા ના મહેશ ઉર્ફે મુન્ના ચૌહાણ તેમની ટીમ સાથે શહેરના ગાંધી લાયબ્રેરી સામે તથા આઝાદ ચોક રોડ પર મુકેલી ૮ જેટલી લારી ઓ સામે કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. પાલિકાની ટીમે સ્થળ પર પહોંચી રસ્તા પર અડિંગો જમાવીને ઉભેલી ફ્રૂટની લારીઓનું દબાણ હટાવ્યું હતું. આ કામગીરી દરમિયાન લારી ધારકોમાં ફફડાટ વ્યાપી ગયો હતો. પાલિકા દ્વારા લારીઓ જપ્ત કરવાની સાથે ફરીથી દબાણ ન કરવા તાકીદ પણ કરવામાં આવી છે.

## વલસાડમાં જાહેર માર્ગ પર ગંદા પાણીથી લોકો પરેશાન

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૬ :** વલસાડ શહેરની લાલ સ્કુલ સામેના મુખ્ય રસ્તા પર ડ્રેનેજનું ગંદુ પાણી જાહેર રસ્તા પર વહેતું થતા શાળાના બાળકો રીસેસમાં બહાર આવતા અસહ્ય દુર્ગંધ મારતા એક જાગૃત નાગરિકે વલસાડ પાલિકાના ડ્રેનેજ વિભાગને જાણ કરતા પાલિકા પાસે સાધનો નથી. જવાબ મળ્યો હતો. ડ્રેનેજનું ગંદુ પાણી જાહેર ઉપર થી વહેતા સ્થાનિક લોકો અને વાહન ચાલકો ભારે પરેશાન થઈ ગયા હતા.



વલસાડ શહેર ની લાલ સ્કુલ સામેના મુખ્ય રસ્તા પર ડ્રેનેજ નું ગંદુ પાણી જાહેર રસ્તા પર વહેતું થતા શાળાના બાળકો રીસેસમાં બહાર આવતા જોવા મળ્યું હતું. એક જાગૃત નાગરિક નિલય ખારાએ જે અંગે વલસાડ નગરપાલિકાના ડ્રેનેજ વિભાગમાં સંપર્ક કર્યો હતો અને તેમણે જણાવ્યું કે શહેરના લાલ સ્કૂલના મુખ્ય રસ્તા પરનું પાણી જાહેર ઉપરથી પસાર થતા શાળામાં ભણતા વિદ્યાર્થીઓ રહીશો અને વાહન ચાલકો ભારે પરેશાન થઈ રહ્યા છે. ડ્રેનેજનું ગંદુ પાણી અંગે ડ્રેનેજ વિભાગમાં ફરજ બજાવતા કર્મચારીને ફરિયાદ કરતા તેમણે આ ગંદુ પાણી રોડ ઉપર વહાવી રહ્યા છો તમારી પાસે આ પાણી ખેંચી લેવાય એવા ડ્રેનેજના ટેન્કર નથી. એકજ વાહન છે અને પાણી ભરવા ગયું છે. એટલે આ પાણી ઓછું હોઈ એમ એ વધુ પાણી મારી વધુ ગંદકી રોડ ઉપર વહાવી રહ્યો છે. આ વલસાડ નો મુખ્ય રસ્તો છે. અહીંયા લાલ સ્કુલના નાના બાળકો ભણે અને આ ગંદકીમાં રીસેસમાં બહાર ખાવાનું ખાવા આવશે. નિલય ખારાએ તપાસ કરતા જાણવા મળ્યું કે ડ્રેનેજ ના આ બધા ના અંગત વસાવેલા ડ્રેનેજ ટેન્કરોથી આ લોકો નગરપાલિકા માં આવતા ડ્રેનેજ કોલ પોતાના અંગત વાહન મોકલી ૨૫૦૦ થી ૫૦૦૦ વસુલી વેપાર કરે છે.

જેથી પાલિકા સભ્ય વિમલભાઈ ગજધરને ફોન કરી ડ્રેનેજ કર્મચારીની વાત કરી તો કહે એને જવાદો...મેં એને પાવડર નાખવા કીધું છે આ ગંદકી ઉપર અને માલતીબેન ટંડેલ ને ફોન કર્યા પણ હરહંમેશની જેમ ફોન ઉચક્યો ન હતો.

## દમણમાં કાર-સ્કોર્પીયો અકસ્માતમાં આરોપીની ૬૯ દિવસે ધરપકડ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા.૧૬ :** દમણમાં કાર અને સ્કોર્પીયો અકસ્માત પ્રકરણમાં આરોપી કેયુર રમેશ પટેલની ૬૯ દિવસે પોલીસે ધરપકડ કરી કાર્યવાહી હાથ ધરી છે. આધાર સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ ગત તા. ૪-૧-૨૦૨૬ ના રોજ રાત્રે ત્રણ કલાકે વાપી રહેતા ક્રિશ રાજપુત નામના યુવાન પોતાની કાર લઈને દમણ જઈ રહ્યો હતો.

તે દરમિયાન દમણ કોલેજ રોડ થી આગળ મુખ્ય માર્ગ ઉપર રોંગ સાઈડ થી આવતી એક સ્કોર્પીયો કાર સાથે અકસ્માત થતા ક્રિશ રાજપૂત રહે વાપીનું ઘટના સ્થળે જ મોત થયું હતું જે પ્રકરણમાં સ્કોર્પીયો ચાલક આરોપી કેયુર રમેશ પટેલ રહે. વટાર વાપીનાની સામે અકસ્માત ગુનો દમણ પોલીસમાં નોંધાયો હતો આરોપીને પણ ઈજા થઈ હોવાને લઈ સેલવાસની નમો મેડિકલ કોલેજમાં સારવાર માટે દાખલ કરાયો હતો અને આરોપીએ પોલીસ ઘર પકડથી બચવા માટે આગોતરા જામીન માટે કોર્ટમાં અરજી કરાઈ હતી. જેને વિદ્વાન જજ દ્વારા ફગાવી દેતા તા. ૧૩-૩-૨૦૨૬ના રોજ દમણ પોલીસે કેયુર રમેશ પટેલની અટકાયત કરી વધુ તપાસ હાથ ધરી છે.

## રાનવેરીમાં આમલી પરથી નીચે પટકાતાં વૃદ્ધનું મોત

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ચીખલી, તા.૧૬ :** ચીખલી તાલુકાના રાનવેરી કલ્લા નહેર ફળિયા ખાતે રહેતા મોહનભાઈ કલાણભાઈ પટેલ ઉ.વ.૫૮ જે રવિવારે બપોરના સમયે ઘરની પાછળ આવેલ આમલીના ઝાડ ઉપર આમલી પાડવા માટે ચડેલ હોય દરમિયાન પગ લપસી જતા નીચે પડી જવાથી મોહનભાઈ પટેલને માથાના ભાગે તથા પીઠના ભાગે ગંભીર ઈજા થતાં જેને તાત્કાલિક નવસારી સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે દાખલ કરાતા સારવાર દરમિયાન મોહનભાઈ પટેલનું મોત નીપજ્યું હતું બનાવની જાણ રોહિત બચુભાઈ પટેલ નાએ ચીખલી પોલીસ મથકે કરતા આગળની વધુ તપાસ રાનકુવા પોલીસ ચોકીના પીસી જીગ્નેશ રંગુ કરી રહ્યા છે.

## ગણદેવી-નવસારી સ્ટેટ હાઈવે પર ટ્રક પલ્ટી



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ગણદેવી, તા. ૧૬ :** ગણદેવી-નવસારી મુખ્ય માર્ગ ઉપર સોમવારે મળસ્કે ૨:૩૦ કલાકનાં અરસામાં ગણદેવીથી નવસારી તરફ પુરપાટ ઝડપે દોડતી ટ્રક નં જીજે-૧૯-વી-૧૧૨૪ ખખવાડાગામનો વળાંક કાપી ન શકતા પલ્ટી હતી. નવસારી ગણદેવી માર્ગનાં નવીનીકરણ વેળા બમ્પ કાઢી નાખવામાં આવ્યા છે. જેને કારણે વાહનો પુરપાટ ઝડપે દોડે છે.


## ઉમરગામ નોટીફાઈડ બોર્ડના ચેરમેન પદ માટે જીગ્નેશભાઈ બારીની બિનહરીફ વરણી કરાઈ





**ઉમરગામ, તા.૧૬ :** ઉમરગામ નોટીફાઈડ બોર્ડના ચેરમેન તરીકે જીગ્નેશ બારીની પસંદગી કરવામાં આવી છે. તેમની નિમણૂક થતાં જ ઉમરગામ વિસ્તારના ઉદ્યોગકારોમાં આનંદની લાગણી જોવા મળી હતી.

વાપી કચેરી ખાતે તેમના નામની સત્તાવાર જાહેરાત કરવામાં આવી હતી. આ પ્રસંગે સમર્થકો અને ઉદ્યોગકારોએ ખુશી વ્યક્ત કરી હતી અને જીગ્નેશ બારીને પુષ્પગુચ્છ અર્પણ કરી અભિનંદન પાઠવ્યા હતા. ઉપસ્થિત લોકોએ તેમને નવી જવાબદારી માટે શુભેચ્છાઓ પાઠવી હતી. તેમણે આશા વ્યક્ત કરી હતી કે જીગ્નેશ બારીના નેતૃત્વ હેઠળ વિસ્તારના વિકાસને વધુ ગતિ મળશે. ઉદ્યોગકારોને વિશ્વાસ છે કે જીગ્નેશ બારીના માર્ગદર્શન હેઠળ ઉમરગામ નોટીફાઈડ બોર્ડમાં વધુ સુચારૂ કામગીરી થશે. આનાથી ઉદ્યોગ અને સ્થાનિક વિકાસને પ્રોત્સાહન મળશે.





**OWNER :** Sheetal Publication, **PRINTER AND PUBLISHER : Mrs. Manjulaben N. Ukani**, **Printed at** Sheetal Publication, Plot No. 2505, 3rd Phase, GIDC, VAPI. - 396195 & **Published at** Sheetal Publication, 1st Floor, Shiv Krupa, B/h. Ashadham High School, N.H.8, Vapi, Dist.: Valsad, Pin - 396 191, **Editor : Mrs. Manjulaben N. Ukani**